**આજનો સુવિચાર**

મનમાં કોઈ વસ્તુની લાલચ રાખવી એજ દરીદ્રતા છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૯૨ જૂનાગઢ તા. ૧૭-૧૧-૨૦૨૨ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## ઉમેદવારી પરત ખેંચવાનો આજે અંતિમ દિવસ : સૌરાષ્ટ્ર - દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો ઉપર સાંજે ચિત્ર સ્પષ્ટ થઈ જશે : આવતીકાલથી ઝંઝાવાતી પ્રચાર શરૂ

ગાંધીનગર તા. ૧૭ : ગુજરાત વિધાનસભાની બે તબક્કે યોજાનારી ચૂંટણી પૈકી પ્રથમ તબકકામાં ૧૯ જિલ્લાની ૮૯ બેઠકો ઉપર તા.૧ ડિસેમ્બરે યોજાનારા મતદાન માટે ભરવામાં આવેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આજે અંતિમ દિવસ હોઈ આ તબક્કા માટેનું ચૂંટણી ચિત્ર આજ સાંજ સુધીમાં સ્પષ્ટ થશે અને પ્રથમ તબક્કા માટે કાલથી પ્રચાર વેગવંતો બનશે. દરમ્યાન બીજા તબક્કાની ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો માટે ૫ ડિસેમ્બરે થનારા મતદાન માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે અંતિમ દિવસ હોવાથી છેલ્લી ઘડી સુધી ઉમેદવારી નોંધાવવા દોડધામ થઈ રહી છે.

ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પૈકી પ્રથમ તબક્કા માટે યોજાનારી ચૂંટણીનું ચિત્ર સાંજ સુધીમાં સ્પષ્ટ થઈ જશે. આજે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો દિવસ હોવાથી જેમને 'સમજાવી' લેવાયા છે. તેઓ મેદાનમાંથી ખસી રહ્યા છે. પ્રથમ તબક્કા માટે ૮૯ બેઠકો ઉપર કુલ ૧૩૬૨ ઉમેદવારીપત્રો ભરાયા હતા. આજે ડમીઉમેદવારોપણ ફોર્મ પાછાખેંચી રહ્યા છે. કુલ કેટલા ઉમેદવારો મેદાનમાં રહ્યા છે તે સાંજે સ્પષ્ટ થઈ જશે. દરમ્યાન આજે સાંજે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ ગયા બાદ આવતીકાલથી ચૂંટણી પ્રચારમાં રંગ આવશે. સૌરાષ્ટ્ર - કચ્છ - દક્ષિણ ગુજરાતમા ત્રણેય રાજકીય પક્ષોના ટોચના નેતાઓના પ્રવાસ શરૂ થશે. કાલથી રેલી -સભા- ખાટલામિટીંગો - કાર્યકર સંમેલનો - ભોજન સમારોહ - સરઘસ - બાઈક રેલી વગેરે શરૂ થશે.

રાજ્યના પ્રથમ તબક્કાની ચૂંટણીના તમામ ૧૯ જિલ્લા ફરી વળવા રાજકીય નેતાઓના કાર્યક્રમો ઘડાયા છે. રાજકીય પક્ષો પોતાની તમામ તાકાત લગાડી વિજય મેળવવા પ્રયાસ કરશે. ભાજપ અને કોંગ્રેસે સ્ટાર પ્રચાર કોને મેદાનમાં ઉતારવાનું નક્કી કર્યું છે. ૧૯મીથી વડાપ્રધાન ખુદ પ્રચાર કાર્યમાં જોડાશે. વડાપ્રધાન બે દિવસમાં અનેક સભાઓને સંબોધવાના છે તો બીજી તરફ રાહુલ ગાંધીપણ ૨૦મી પછી પ્રચાર શરૂ કરનાર હોવાનું જાણવા મળે છે.

## ભાજપનો ખેલ બાગી ઉમેદવારો બગાડે નહી તે માટે અમિત શાહ દ્વારા મોનીટરીંગ

ગાંધીનગર તા. ૧૭

હાલમાં જ યોજાયેલી હિમાચલ પ્રદેશની ચૂંટણીમાં ભાજપને બળવાખોરોની સૌથી મોટી ચિંતા થઈ હતી અને આ રાજ્યમાં ૬૮ બેઠકોમાંથી ૨૧ બેઠકો ઉપર ભાજપના બળવાખોરો ચૂંટણી લડી રહ્યા છે અને એટલું જ નહીં ખુદ વડાપ્રધાને ફોન કરવા છતા પણ એક પણ બાગીએ ટીકીટ પાછી ખેંચી નહીં તે અંગે ભાજપના સુત્રો કહે છે કે ગુજરાતમાં આ રીતે બગાવત ન થાય તે સ્વાભાવિક છે, કારણ કે છેલ્લે 'આંખની શરમ' પણ નડે છે. અમિત શાહ અને નરેન્દ્ર મોદી બંને ગુજરાતના છે અને એક-એક નેતાઓને ઓળખે છે અને તેમની સાથે સારો સમય પણ પસાર કર્યો છે અને તેથી છેલ્લે બાગીઓ માની જાય છે પરંતુ હિમાચલમાં તેવું બઝયું ન હતું. જે.પી. નડ્ડાના વતનમાં પણ બાગીઓ ચૂંટણી લડી રહ્યા છે.

અમિત શાહ કે જેઓ છેલ્લા ૩ દિવસથી ગુજરાતમાં ડેમેજ કંટ્રોલ માટે પ્રયત્ન કરી રહ્યા છે તેઓ પણ કોઈ સખ્ત અભિગમ અપનાવતા નથી તે નિશ્ચિત છે. મધુ શ્રીવાસ્તવને સમજાવવા માટે ખુદ પ્રદેશ પ્રમુખ પોતે ગયા હતા.

યોગેશ પટેલને આઠમી વખત ટીકીટ આપવી પડી અને વિપુલ ચૌધરીને મનાવવા માટે ભાજપે તેમના નજીકના સરદાર ચૌધરીને પણ ટીકીટ આપી. આમ ગુજરાતમાં બાગીઓની એટલી તાકાત ન હોવા છતાં પણ ભાજપ ખુબ જ સાવચેતીપૂર્વક આગળ વધે છે.

## ચૂંટણી સંદર્ભે ગુજરાતમાં ૨૫ હજાર લોકો સામે અટકાયતી ધારા હેઠળ કાર્યવાહી

અમદાવાદ તા. ૧૭

ગુજરાતવિધાનસભાની ચૂંટણી શાંતિપૂર્વકયોજાય અને ખાસ કરીને અસામાજિક સહિતના તત્વો આ ચૂંટણીમાં કોઈ ગરબડ સર્જી ન શકે તે માટે રાજ્ય પોલીસ દ્વારા લેવાયેલા અટકાયતી પગલામાં સુરત અને અમદાવાદમાંથી જ ૨૫,૦૦૦થી વધુ લોકો સામે અટકાયાતી ધારો ઉગામાયો હતો અને હવે તેઓ તા. ૮ સુધી પોતાના વિસ્તારને પણ છોડી શકશે નહીં અને તેઓ કોઈપણ પ્રકારની અનિચ્છનીય પ્રવૃતિ કરે તો તેમની તૂર્ત જ ધરપકડ થઈ શકશે.

રાજ્ય પોલીસ દ્વારા આ ચૂંટણીમાં અત્યાર સુધીની સૌથી વધુ અટકાયતી ધારાનો રેકોર્ડ બનાવાયો છે. સુરત શહેરમાંથી ૧૨,૯૬૫ લોકો સામે અટકાયતી ધારો ઉગામાયો છે જ્યારે અમદાવાદમાંથી ૧૨,૩૧૫ લોકો અને વડોદરામાંથી ૧૬૦૦થી વધુ લોકોની સામે અટકાયતી ધારો લાગુ કરાયો છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મોટાભાગના લોકો સામે ફોજદારી અધિનિયમ અને અસામાજિક પ્રવૃતિ અધિનિયમ લાગુ કરાયો છે પરંતુ મર્યાદીત લોકોની જ ધરપકડ કરવામાં આવી છે. ખાસ કરીને જેઓ પાસે પિસ્તોલ કે તેવા ઘાતકી હથિયાર મળ્યા હોય તેવા લોકોને હાલ કસ્ટડીમાં લેવાયા છે અને તેમની સામે શસ્ત્ર એક્ટ હેઠળ પણ કામ ચલાવાશે. અગાઉ જે લોકો સામે આ પ્રકારના કેસ નોંધાયા હોય કે અસામાજિકપ્રવૃતિ, દારુની હેરફેર સાથે સંકળાયેલા કે અન્ય કોઈ ગેરકાનૂની કામ કરતા લોકો કે જેઓ જે તે પોલીસ સ્ટેશનમાં ખાસ નોંધ ધરાવતા હોય છે તેઓની સામે આ ધારો ઉગામાયો છે અને જો તેઓ હવે કોઈપણ પ્રકારે ચૂંટણીમાં ગરબડ ઉભી કરશે તો તેઓની ધરપકડ પણ થઈ શકે છે.




## રૂ.૫૦૦ અને ૧૦૦૦ની નોટોનું ચલણ ખૂબ વધી જતાં નોટબંધી લાદી હતી : કેન્દ્રએ સોગંદનામું દાખલ કર્યુ

નવી દિલ્હી તા.૧૭

૫૦૦ તથા ૧૦૦૦ રૂપિયાની નોટોનો ચલણમાં ખૂબ વધારો થઈ જવાને કારણે રિઝર્વ બેંકની ભલામણના આધારે નોટબંધીનો નિર્ણય લેવાયો હતો તેમ કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતમાં રજુ કરેલા સોગંદનામામાં સ્પષ્ટ કર્યુ હતું.

૨૦૧૬માં લાગુ કરાયેલી નોટબંધી સામેની સંખ્યાબંધ અરજીઓની સુનાવણી સામેના એફીડેવિટમાં કેન્દ્ર સરકારે કહ્યું કે રૂ.૫૦૦-૧૦૦ની સામે ૫૦૦તથા ૧૦૦૦ની નોટોનું ચલણ ખૂબ વધી ગયુ હતું. ૨૦૧૦-૨૦૧૧ની સરખામણીએ ૨૦૧૫-૧૬માં ૫૦૦ની નોટોનું ચલણ ૭૬.૪ ટકા તથા ૧૦૦૦ની નોટોનું ચલણ ૧૦૯ ટકા વધી ગયું હતું.

આ તકે કેન્દ્ર સરકાર તથા રિઝર્વ બેંકે કાળાનાણા, નકલી નોટો તથા આતંકીફંડીંગ અટકાવવાના ત્રિવિધ ઉદેશ સાથે રૂ.૫૦૦ તથા ૧૦૦૦ની નોટોરદ કરીને નવી શ્રેણીની ચલણી નોટોદાખલ કરવાની વિચારણા શરૂ કરીહતી. સાથોસાથ ૪૮.૧ કરોડના કામદાર વર્ગમાંથી ૪૦ કરોડ બીનસંગઠીત ક્ષેત્રમાં હોવાનો રિપોર્ટ હતા. સંગઠીત ક્ષેત્રનો વ્યાપ વધારવાનો પણ ઈરાદો હતો.

નોટબંધીનો નિર્ણય યોગ્ય હોવાનો દાવો કરતા એફીડેવિડમાં એમપણ કહેવાયુ છે કે આર્થિકનીતિ અંતર્ગત આ નિર્ણય રિઝર્વ બેંકના ૧૯૩૪ના કાયદાકીય જોગવાઈ આધારીત હતો અને સમજી-વિચારીને લેવાયો હતો. દેશમાં આર્થિક ક્ષેત્રે મોટા સુધારા કરવામાં આવી રહ્યા હતા અને નોટબંધી તેનો ભાગ હતી. સંગઠીત ક્ષેત્રમાં વ્યાપ વધારવા તથા બીનસંગઠીત ક્ષેત્રને મર્યાદીત કરવાનો પણ ઉદેશ હતો.

સાથોસાથ ડીજીટલ લેવડદેવડ, ટેકનીકલ કનેકટીવીટીનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા તથા વધુને વધુ લોકોને કરજાળમાં આવરી લઈને ટેકસચોરી રોકવાનો પણ આશય હતો. સરકાર તરફથી એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, રિઝર્વ બેંકના સેન્ટ્રલ બેંકના સેન્ટ્રલ બોર્ડ દ્વારા ૫૦૦ તથા ૧૦૦૦ની નોટ બંધ કરવા માટે કેન્દ્ર સરકારને ખાસ ભલામણ સાથેની સ્કીમ આપવામાં આવી હતી અને તેના ઉપર વિસ્તૃત વિચારણા કર્યા બાદ જ નોટબંધી લાગુ કરવામાં આવી હતી. સરકારે એમ પણ કહ્યું છે કે, નોટબંધીના અમલમાં કાયદાકીય સતા તથા પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યુ હતું. ૨૦૧૭માં સંસદમાં પણ પસાર કરવામાંઆવી હતી. આ સંજોગોમાં નોટબંધીને પડકારવાનો કોઈ અર્થ નથી. નોટબંધી માટે રિઝર્વ બેંકસાથે વિસ્તૃત પરામર્શ કરાયો હતો અને વ્યાપક તૈયારી પણ કરાઈ હતી.

## દિલ્હી વિશ્વની સૌથી વધુ પ્રદુષિત રાજધાની

નવી દિલ્હી,તા. ૧૭ : ભારત માટે આ ગંભીર ચિંતાનો વિષય છે કે દિલ્હી સતત ચોથા વર્ષે વિશ્વની સૌથી વધુ પ્રદૂષિત રાજધાની બની ગઈ છે. ત્યારબાદ ઢાકા (બાંગ્લાદેશ), નજામિના (ચાડ) અને મસ્કત (ઓમાન) છે. સૌથી વધુ પ્રદૂષિત શહેરોની વાત કરીએ તો પ્રથમ સ્થાન ઉપર ભિવાડી અને બીજા ક્રમ ઉપર ગાજિયાબાદ છે. તો બીજી તરફ ત્રીજા નંબર પર ચિનના શિનજિયાંગ રીઝનનો ઉત્તર-પશ્ચિમી શહેરહોટન છે. વર્લ્ડ એરક્વોલિટીરિપોર્ટ ૨૦૨૧ માંઆ વાત કહેવામાં આવી છે. ૬,૪૭૫ શહેરોના પોલ્યૂશન ડેટા સર્વેમાં એ પણ ખબર પડી છે કે એક પણ શહેર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના એર ક્વોલિટી સ્ટાડર્ડ્ઝમાં ખરૂ ઉતર્યું નથી અને કોવિડ સંબંધી ઘટાડા છતાં કેટલાક વિસ્તારોમાં સ્મોગ છે. ફક્ત ન્યૂ કેલેડોનિયા, યૂએસ વર્જિન આઈસલેંડ્સ અને પ્યુર્ટો રિકો WHO PMર.૫ એર ક્વોલિટી ગાઈડલાઈન્સ પર ખરા ઉતર્યા છે.

રિપોર્ટ અનુસાર ઉત્તર ભારતની સ્થિતિ સૌથી ખરાબ છે. દિલ્હી દુનિયાની સૌથી પ્રદૂષિત રાજધાની છે. જેમાં ગત વર્ષની તુલનામાં પ્રદુષણની માત્રામાં લગભગ ૧૫ ટકા વધારો થયો છે. અહીં વાયુ પ્રદૂષણનું સ્તર ડબ્લ્યૂએચઓની સેફટી લિમિટથી લગભગ ૨૦ગણું વધારે હતું, જેમાં વાર્ષિક સરેરાશ માટે પીએમર.૫ ૯૬.૪ માઈક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હતું. સેફટી લિમિટ પાંચ છે. દિલ્હીનું વાયુ પ્રદૂષણ વિશ્વ સ્તર ઉપર ચોથા ક્રમ ઉપર છે. દુનિયાનું સૌથી પ્રદૂષણ સ્થાનનું ભિવાડી છે. ત્યારબાદ દિલ્હીની પૂર્વી સીમા પર ઉત્તર પ્રદેશનો ગાજિયાબાદ જિલ્લો. ટોપ ૧૫ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૧૦ ભારતમાં છે અને સૌથી વધારે રાષ્ટ્રીય રાજધાનીની આસપાસ છે. ટોપ ૧૦૦ સૌથી પ્રદૂષિત સ્થળોની યાદીમાં ભારતનો ૬૩મો ક્રમ છે

## WHOની ચેતવણી : મોટા અવાજે હેડ ફોન લગાવીને ગીત સાંભળશો તો બ્હેરા થઈ જશો

નવી દિલ્હી તા. ૧૭ : વિશ્વભરમાં આશરે ૧૦ લાખ યુવાનોને હેડફોન સાંભળવાથી અથવા મોટેથી સંગીતના સંપર્કમાં આવવાથી બહેરાપણું આવવાનોખતરો હોઈ શકે છે. WHOએ પણ આ અંગે ચેતવણી આપી છે.

ખરેખર, ઘણા લોકો હેડફોન પહેરીને મોટા અવાજમાં ગીતો સાંભળવાનું પસંદ કરે છે. તાજેતરમાં, વિશ્વ આરોગ્ય સંસ્થાના નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આ આદત સ્વાસ્થ્ય માટે જોખમકારક સાબિત થઈ શકે છે. ગ્લોબલ હેલ્થ જર્નલમાં પ્રકાશિત થયેલા સંશોધન મુજબ હેડફોન વડે મોટેથી મ્યુઝિક સાંભળવાથી બહેરાપણું આવવાનોખતરો હોઈ શકે છે.સંશોધન મુજબ, ૪૩૦ મિલિયનથી વધુ લોકો, અથવા વિશ્વની વસ્તીના પાંચ ટકાથી વધુ, હાલમાં સાંભળવાની ક્ષતિથી પીડાય છે. WHOના અનુમાન મુજબ, ૨૦૫૦ સુધીમાં આ સંખ્યા વધીને ૭૦૦ મિલિયન (૭૦ કરોડ) થઈ જશે.

WHOએ પણ આ સંશોધનની આગેવાની લેતા યુવાનોને એલર્ટ કર્યા છે. તેમના અનુમાન મુજબ, ૨૦૫૦ સુધીમાં, આ ભયથી પ્રભાવિત લોકોની સંખ્યા વધીને ૭૦૦ મિલિયન (૭૦૦ મિલિયન) થઈ જશે. ૪૩૦ મિલિયનથી વધુ લોકો, અથવા વિશ્વની વસ્તીના પાંચ ટકાથી વધુ લોકો હાલમાં સાંભળી ન શકવાની બીમારીથી ફેલાય છે.

## સિધ્ધપુર બેઠક ઉપરનાં ભાજપનાં ઉમેદવાર બલવંતસિંહ રાજપુતે રૂ.૩૭૨ કરોડ જયારે ડભોઈ બેઠકનાં આપના ઉમેદવાર રૂ.૩૪૩ કરોડની સંપતિ જાહેર કરી

અમદાવાદ તા. ૧૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મધ્ય ગુજરાતમાં આગામી ૫ ડિસેમ્બરના રોજ મતદાન યોજાવાનું છે. તેમજ હવે ઉમેદવારી નોંધાવવા માટે આવતીકાલ ૧૭ નવેમ્બરનો એક જ દિવસ બાકી રહ્યા છે. ત્યારે રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારી કરી રહ્યા છે. જેમાં સિદ્ધપુર બેઠક ઉપર ભાજપના ઉમેદવારે ૩૭૨ કરોડની મિલ્કત જાહેરકરી છે. તો બીજી તરફ ડભોઈ બેઠક ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવારે અધધ ૩૪૩ કરોડની સંપત્તિ જાહેર કરી છે.

પાટણ જિલ્લાની સિદ્ધપુર બેઠક પર ભાજપના ઉમેદવાર બલવંતસિંહ રાજપુતે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. જેમાં તેમણે ૩૭૨ કરોડની સંપત્તિ જાહેર કરી છે. આ સંપત્તિમાં મોટો હિસ્સો તેમની જંગમ મિલ્કત ૨૬૬ કરોડનો છે. જયારે સ્થાવર મિલ્કત ૧૦૬ કરોડની જાહેર કરી છે.

વડોદરા જિલ્લાની ડભોઈ બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર અજીતસિંહ ઠાકોરે આજે ઉમેદવારીપત્ર ભર્યું હતું. જેમાં તેમણે રેકોર્ડ ૩૪૩ કરોડની સંપત્તિ જાહેર કરી છે. આ સંપત્તિમાં મોટો હિસ્સો તેમની જમીનનો છે.

વડોદરાની માંજલપુર બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તસ્વીન સિંઘે ૮ કરોડ ૪૫ લાખ ૪૨ હજાર ૬૫૨ની સંપત્તિ દર્શાવી છે. માંજલપુર બેઠકપર આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિનય ચૌહાણે ૨ કરોડ ૭૪ લાખની સંપત્તિ જાહેર કરી છે. તો આમ આદમી પાર્ટીના વડોદરા સિટી બેઠકના ઉમેદવાર જીગર સોલંકીએ માત્ર ૫૮ હજારની સંપત્તિ જાહેર કરી છે.

## મારા કાર્યકરને હાથ લગાડયો તો ઘરમાં ઘુસીને ગોળી મારીશ : મધુ શ્રીવાસ્તવ

વડોદરા તા. ૧૭

વડોદરા જીલ્લાની વાઘોડીયા બેઠક ઉપર ભાજપ સામે બળવો કરીને અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવતા દબંગ નેતા મધુ શ્રીવાસ્તવે આજે પોતાના કાર્યકરોને સંબોધતા એવું સનસનીખેજ નિવેદન આપ્યું હતું કે, જો કોઈએ મારા કાર્યકરોને હાથ લગાડયો છે તો ઘરમાં ઘુસીને ગોળી મારીશ. મધુ શ્રીવાસ્તવે દબંગ અંદાજમાં કહયું કે, હું કોઈનાથી ડરતો નથી, "શેર તો અકેલા હી નીકલતા હૈ" તેવું તેમણે જણાવ્યું હતું.


**ડુપ્લેક્સ મકાન વેચવાનું છે**

અધ્યતન ફર્નિચર સાથે ડુપ્લેક્સ મકાન વેચવાનું છે. ચાર મોટા બેડરૂમ, એક મોટો sitting રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, મોટું રસોડું કમ ડાઈનિંગ, સ્વતંત્ર બોર, ઉતરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબ ફક્ત આઠ વર્ષનું નવું અદ્યતન બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ફુલ ફર્નિચર સાથે વ્યાજબી ભાવે ડુપ્લેક્સ મકાન વેચવાનું છે.

**મો.૭૫૭૫૮ ૦૬૫૮૫**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**ૐ ઉપચાર કેન્દ્ર**
**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પલેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**કબજીયાત એ રોગોનું ઘર છે**

આયુર્વેદિક **કાયમ** ચૂર્ણ/ટેબલેટ

- વધુ અસરકારક
- સુરક્ષિત
- આદત પડતી નથી




કબજીયાત અને તેના કારણે થતાં એસિડિટી, ગેસ, અપચો, માથાંનો દુઃખાવો, ભુખ ન લાગવી વિ. દૂર કરી સ્ફૂર્તિમય દિવસ પસાર કરવાની પ્રેરણા આપે છે.

ભાવનગરવાળા શેઠ બ્રધર્સનું ઉત્પાદન

**હરસ, ભગંદર, ફીશરની** ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક સ્કેલ્પલ, લેસર-HAL-IRC દાખલ થયા વિના સારવાર
**ડૉ. વેકરીયા - પાઈલ્સ હોસ્પિટલ**

પવિત્ર અગીયારી મહિના નિમિતે
નાન ખટાઈ/બિસ્કીટ વ્યાજબી ભાવે મળશે
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩



# ભાજપ ૧૫૦, કોંગ્રેસ ૧૨૫ તો આપનો ગુજરાતમાં સરકાર બનાવવાનો દાવો કોને ફળશે ? કે અન્ય પક્ષોનાં મતો 'વિલન' બનશે ?

## મતદાન ૭૫ થી ૮૦ ટકા થાય તો તમામ પક્ષનાં દાવા મહદઅંશે આશાસ્પદ

(પંકજઝિબા દ્વારા)

રાજકોટ તા.૧૭

ગુજરાત વિધનાનસભાની ચૂંટણીનો આ વખતનો ત્રિપાંખીયો જંગ ધીમે ધીમે એટલો ગરમી પકડી રહ્યો છે કે, તમામ પક્ષના રાજકીય પંડિતોને વિચારતા કરી દયે તેવી કરવટ બદલી રહ્યો છે. ભાજપ-કોંગ્રેસ અને આપ સૌ કોઇ પોત પોતાનાં મતમતાંતર દાવારૂપી પ્રગટ કરી રહ્યા છે ભાજપ ૧૫૦થી વધુ, કોંગ્રેસ ૧૨૫ અને આપ તો ગુજરાતમાં સરકાર જ અમે બનાવશું...!!! તેવો દાવો કરી રહ્યું છે પરંતુ આ વખતે મુખ્યત્વે અપક્ષો ઉપરોક્ત તમામ પક્ષના દાવાને પ્રતિ પક્ષ મુજબ 'મતો'નો પ્રતિકારરૂપે 'વિલન' બની તેઓનું અનિશ્ચિત રીતે વિલનીકરણ કરી શકે છે, ત્યારે ઉપરોક્ત ત્રણેય પક્ષોના દાવા ત્યારે જ મહદ્અંશે આશાસ્પદ બની રહે જયારે કુલ મતદાન ૭૫ થી ૮૦ ટકાની આસપાસ થાય તો અને તેમાં પણ કયાં પક્ષના વોટ-શેર અધિક છે તેના ઉપરથી તેમના દાવા નક્કી થશે ત્યાં સુધી આ દાવા-પ્રતિદાવા 'પોકળ' સાબિત થઇ શકે છે. પક્ષના અંદરો અંદરના બખડજંતરોનાં અંતરાયોને જયાં સુધી દૂર નહીં કરે ત્યાં સુધી તમામ દાવા 'તમામ' રહે તો નવાઇ નહીં..!! બીજી તરફ નજર કરીએ તો ગુજરાતમાં અત્યાર સુધી મુખ્ય બે પક્ષ ભાજપ-કોંગ્રેસ વચ્ચે ચૂંટણી જંગ રચાતો આવ્યો છે ત્યારે આ વખતે અપવાદરૂપ ગુજરાતમાં ૧૯૬૦ પછી પ્રથમવાર ત્રીજો મોરચો 'આપ' મંડાણો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સોશ્યલ મીડીયાનાં માધ્યમથી પ્રચાર-પ્રભાવનાં હાઉ-ભાવ વધુ જોર પકડી રહ્યો છે ત્યારે આ વખતનો ચૂંટણી જંગ પણ હાઇટેક બની રહ્યો હોવાથી આ વખતના ચૂંટણી જંગ રાજકીય સમીક્ષોનાં વિશ્લેષણોને પણ એકવાર સર્વેક્ષણ કરતા દોડતા કરી દીધા છે. સામાન્ય રીતે રાજકીય પક્ષોનાં ઉપરોક્ત દાવા પ્રમાણે તેનું વિશ્લેષણ કરીએ તો રાજકીય સમીકરણો માંડતા પહેલા અગાઉની ચૂંટણીના પરિણામો અને રાજકીય પક્ષોને મળનારી બેઠકોનો તાગ તેના ઉપર જ આધાર રાખશે જયારે ચૂંટણીના બંને તબક્કાનું કુલ મતદાન રાજયની તમામ બેઠકોનું કુલ મતદાન અને જિલ્લાવાર-બેઠકવાર મતદાન ઉપરાંત ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને મળેલા વોટ-શેર મહત્વનાં સાબિત થશે. ઉપરોક્ત ત્રણેય પક્ષોનાં દાવા-પ્રતિદાવા ઉપરનો અંદાજ લગાવતા પહેલા અગાઉની ચૂંટણીના પરિણામો ઉપર એક નજર કરીએ તો ૨૦૧૭ની ચૂંટણીમાં ગુજરાતમાં કુલ ૧૮૨ બેઠક માટે ૬૯ ટકા મતદાન થયું હતું એમાંથી ભાજપને ૪૯.૫ ટકા વોટ-શેર સાથે ૯૯ બેઠક અને કોંગ્રેસને ૪૧.૪ ટકા વોટ-શેર સાથે ૭૭ બેઠક ઉપર વિજય મળ્યો હતો. આમ આ બંને મુખ્ય રાજકીય હરીફ પક્ષોને કુલ ૯૦.૪૪ ટકા મતો મળ્યા હતા. બાકીના ૯.૬ ટકા વોટ સાથે અપક્ષો, અન્યપક્ષો અને 'નોટા'ને મળ્યાં હતાં તેની સાથે જ અપક્ષો અને અન્યપક્ષોને ૪ બેઠક મળી હતી. એટલે કે ભાજપનો વોટ-શેર કોંગ્રેસની સરખામણીમાં (૪૯.૬-૪૧.૪૪)- ૮.૬ ટકા વધુ હતો અને તેના કારણે ભાજપને કોંગ્રેસ કરતાં (૯૯.૭૭)- ૨૨ બેઠક વધુ હાંસલ થઇ હતી તેની સામે કોંગ્રેસને એટલા જ મત ઓછા મળતા તેની બેઠકો ઘટી હતી. જયારે અન્ય પક્ષોમાં જોઇએ તો અપક્ષ નોટા અને અન્ય પક્ષોના ૯ ટકા વોટ કોંગ્રેસને ઓછા માર્જીનવાળી જીતમાં નડતરરૂપ બન્યા હતા અને તેથી આ બેઠક ભાજપે ઓછા માર્જીનથી જીતી હતી. એટલે ૨૦૧૨ની ચૂંટણીમાં અપક્ષો સહિત અન્ય રાજકીય પક્ષોને કુલ ૧૩.૨૨ ટકા વોટ મળ્યા હતાં. જયારે ૨૦૧૭ની ચૂંટણીમાં અપક્ષો અને અન્ય રાજકીય પક્ષોને ૯ ટકા વોટ પ્રાપ્ત થયા હતા એટલે કે, ૨૦૧૨ની ચૂંટણીની સરખામણીમાં અન્યોને મળેલા વોટમાં ૪.૨૨ ટકાનો ઘટાડો થયો હતો એમાંથી ૧.૨૫ ટકા વોટ ભાજપને અને ૨.૪૭ ટકા વોટ કોંગ્રેસની તરફેણમાં ગયા હોવાનું સ્પષ્ટ થાય છે. ગત ચૂંટણીમાં કોંગ્રેસના ૧.૧૮ ટકા વધેલા વોટ શેરને કારણે ભાજપની ૧૬ બેઠક ઘટી હતી અને કોંગ્રેસની ૧૬ બેઠક વધી હતી. ઉપરોક્ત મુખ્ય બે પક્ષોનાં ૨૦૧૭ની વિધાનસભા અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં વોટશેર જોઇએ તો ૨૦૧૭માં ભાજપને ૪૯.૬ જયારે કોંગ્રેસને ૪૧.૪૪, જયારે (૨૦૨૯)માં ભાજપને ૬૨.૧ અને કોંગ્રેસને ૩૨.૧૧ આ બન્ને વચ્ચેનો તફાવત જોઇએ તો ભાજપને વધુ ૧૩.૧૫ ટકા અને કોંગ્રેસને ઓછા ૯.૩૩ ટકા મળ્યા હતા. ઉપરોક્ત મુખ્ય ત્રણ પક્ષોના દાવાનું સમીકરણ માંડીએ તો કુલ ૧૮૨ બેઠકમાં કુલ મતદાનમાં વધારો થવો જોઇએ અને તેમાં પણ ભાજપે પોતાના મત-શેરને કોંગ્રેસની સરખામણીએ ૧૧ ટકાથી વધુ પ્રાપ્ત કરવો પડે એટલે કે ભાજપના મતદાતાની ટકાવારી ૬૦ ટકાથી વધુ હોવી જોઇએ તો જ ભાજપ ૧૫૦ પ્લસ મેળવી શકે. જયારે કોંગ્રેસને ૧૨૫ થી વધારે બેઠકો મેળવવી હોય તો પોતાના વોટ-શેર ૫૦ ટકાથી વધારે કરવો પડે. જયારે અન્ય પક્ષોનો વોટ શેર ૪૦ ટકા કે તેથી ઓછો રહેવો જોઇએ એટલે કે આમ આદમી પાર્ટીને જો ગુજરાતમાં સરકાર રચવી હોય તો તેના વોટ શેર ૪૮ ટકાથી વધુ થવો જોઇએ. ઉપરોક્ત ત્રણેય પાર્ટીના દાવા કુલ મતદાન ૭૦ થી ૭૫ ટકાની આસપાસ થાય તો તેના ઉપર જ આધારિત રહેશે. બીજી તરફ વિચારીએ તો ભાજપને ૧૫૦ પ્લસ ત્યારે જ પ્રાપ્ત થઇ શકે જયારે ભાજપને કુલ મતદાનની ટકાવારીની સરખામણીમાં પક્ષની ખુદની ૬૦ ટકાથી વધુ મતદાન પડે અને આપ-કોંગ્રેસના વોટ કાપે એટલે કે કોંગ્રેસ વોટ શેરમાં ઘટાડો થાય તો જ તેનો સીધો ફાયદો ભાજપને થઇ શકે. ચૂંટણીના પરિણામો મુખ્યત્વે પ્રજાના મિજાજનાં આગાઝ ઉપર નિર્ભર કરે છે અત્યાર સુધીની ચૂંટણીમાં જોઇએ તો હિંદુત્વ, મતોનું ધ્રુવીકરણ કે વિકાસના નામે વોટ પ્રાપ્ત થતા હતા પરંતુ આ વખતે પહેલીવાર લોકશાહીના લોક-મતદાતાના માનસ ઉપર મોંઘવારી, બેરોજગારી, કિસાનો, યુવાનો, મહિલાઓ, વિદ્યાર્થીઓ, સરકારી કર્મચારીઓ વગેરેનાં પ્રશ્નો ચર્ચાના ચકડોરે ચડતા જોવા મળ્યા છે. જયારે આમ આદમી પાર્ટીએ સંખ્યાબંધ જાહેરાતમાં રેવડીની લ્હાણીનાં પ્રલોભનો આપ્યા છે તો કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં ૮ જેટલી લ્હાણીઓ કરી છે ત્યારે જોવાનું એ રહ્યું કે ભાજપને ઉપરોક્ત બંને પક્ષોની રેવડી-ઢંઢેરાની લ્હાણી ભાજપના વોટશેરને નડશે કે પછી આપની રેવડી 'કળવી' બની કોંગ્રેસના ઢંઢેરાની લ્હાણી 'ઢ' બની ભાજપને 'ભા' બનાવવાની આ 'દોણી' 'બોણી' બની ફળશે...?!!! તે દિશામાં મુખ્યત્વે ઉપરોક્ત ત્રણેય પક્ષોના રાજકીય 'બુધ્ધિજીવી પંડિતો' પોતપોતાના મત-મતાંતરો દ્વારા હરીફ પક્ષોના 'મતો'ને કેમ આંતરવા તે અંતરાયોને શોધતા-વિચારતા કરી દીધા છે...!!? જો કે, આ વખતનો ત્રિપાંખીયો ચૂંટણી જંગ એકંદરે રસાકસી ભર્યો બની રહેશે. ઉપરોક્ત તમામ પક્ષો માટે કુલ મતદાન ઓછામાં ઓછું ૭૦ થી ૭૫ ટકાથી વધુ થવું જોઇએ અને તેમાં પણ પોત-પોતાના પક્ષના મતની ટકાવારી વધારે હોવી જોઇએ તો જ તે શકય બને પરંતુ આ વખતે ત્રિપાંખીયા જંગમાં ઉપરોક્ત ત્રણેય પક્ષોના અસંતુષ્ટો 'અપક્ષ'નો 'ગંજ' બની ત્રણેય પક્ષોના 'સાપેક્ષ મતદાતા'માં 'વિલન' રૂપે ઝંપલાવી 'વિક્ષેપદાતા' બની પ્રતિપક્ષના મતોનું 'તૃષ્ટીકરણ' કરી મુખ્ય ત્રણેય પક્ષોના 'મતોનું વિલનીકરણ' કરવાનો જરૂર ભાગ ભજવે તો, તે જ મતોની સંખ્યા ઉપરોક્ત તમામ પક્ષોના પરિણામનું પરિમાણ બની શકે છે. ત્યારે જોવાનું એ રહ્યું કે, આ મુખ્ય ત્રણ પક્ષો આપ-કોંગ્રેસ-ભાજપ આ તમામમાંથી ક્યો પક્ષ પોતાના વોટ-શેરને 'શેર' બનાવવામાં સફળ રહે છે એટલે કે 'ગઢ ભી આયે ઔર 'સિંહ' ભી ન જાયે'..!!! એટલે કે અન્ય પક્ષોને 'તમામ' કરવા કેવી રીતે સફળ થવું...!! તેના ઉપર સૌ કોઇ રાજકીય પંડીતો પોતાના સમીકરણો માંડી રહ્યા છે.

### શંકરસિંહ વાઘેલાના પુત્રને આપી ટિકિટ

# કોંગ્રેસે ચૂંટણી માટે વધુ ૩૭ ઉમેદવારો જાહેર કર્યા

## ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે : પ્રથમ તબક્કામાં ૮૯ સીટો ઉપર ૧ ડિસેમ્બરે મતદાન

અમદાવાદ, તા.૧૭

ગુજરાત કોંગ્રેસે વિધાનસભા ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની નવી યાદી જાહેર કરી દીધી છે. આ યાદીમાં કુલ ૩૭ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. એટલે કે કોંગ્રેસે પોતાના તમામ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે.

કોંગ્રેસે ૧૮૨ વિધાનસભા સીટમાંથી કુલ ૧૭૯ સીટો પર ઉમેદવારો જાહેર કર્યા છે, જ્યારે ત્રણ સીટ પર તેનું એનસીપી સાથે ગઠબંધન છે.

**કોંગ્રેસે જાહેર કરેલા ઉમેદવાર**

પાલનપુર- મહેશ પટેલ
દિયોદર-શિવાભાઈ ભૂરિયા
કાંકરે-- અમૃતભાઈ ઠાકોર
ઊંઝા- અરવિંદ પટેલ
વિસનગર- કિરિટ પટેલ
બેચરાજી-ભોપાજી ઠાકોર
મહેસાણા-પીકે પટેલ
ભિલોડા-રાજુ પારઘી
બાયડ-મહેન્દ્ર સિંહ વાઘેલા
પ્રાંતિજ-બહેચરસિંહ રાઠોડ
દહેગામ-વખતસિંહ ચૌહાણ
ગાંધીનગરનોર્થ- વિરેન્દ્રસિંહ વાઘેલા
વિરમગામ- લાખાભાઈ ભરવાડ
સાણંગ- રમેશ કોળી
નારણપુરા-સોનલબેન પટેલ
મણિનગર-સીએમ રાજપૂત
અસારવા-વિપુલ પરમાર
ધોળકા-અશ્વિન રાઠોડ
ધંધુકા- હરપાલસિંહ ચુડાસમા
કંભાત- ચિરાગ પટેલ
પેટલાદ- ડો. પ્રકાશ પરમાર
માતર- સંજય પટેલ
મહેમદાવાદ- જીવાસિંહ ગડાભાઈ
ઠાસરા-કિરિટબાઈ પરમાર
કપડવંજ- કાળુભાઈ ડાભી
બાલાસીનોર- અજીતસિંહ ચૌહાણ
લુણાવાડા-ગુલાબ સિંહ
સંતરામપુર- ગેંદલભાઈ ડામોર
શેહરા- કતુભાઈ પાગી
ગોધરા-રશ્મિતાબેન ચૌહાણ
કલોલ-પ્રભાત સિંહ
હાલોલ-રાજેન્દ્ર પટેલ
દાહોદ-હર્ષદભાઈ નિંનામા
સાવલી- કુલદીપ સિંહ રાઉજી
વડોદરા શહેર- ગુણવંતરાય પરમાર
પાદરા- જસપાલ સિંહ પઢિયાર
કરજણ- પ્રિતેશ પટેલ

ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. પ્રથમ તબક્કામાં ૮૯ સીટો પર ૧ ડિસેમ્બરે મતદાન થશે. જ્યારે બીજા તબક્કામાં ૯૩ સીટો પર મતદાન થશે. જ્યારે ૮ ડિસેમ્બરે ગુજરાત ચૂંટણીનુ પરિણામ જાહેર થશે.

### બ્રિટનના પ્રધાનમંત્રીએ ભારતીયો માટે કરી મોટી જાહેરાત

# દર વર્ષે ૩૦૦૦ ભારતીયોને વિઝા આપશે બ્રિટન સરકાર

## બ્રિટનના પ્રધાનમંત્રી બન્યા પછી ઋષિ સુનકની ઈન્ડોનેશિયાના બાલીમાં જી-૨૦ સમિટ દરમ્યાન પહેલીવાર મુલાકાત

બાલી, તા.૧૭

ઈન્ડોનેશિયાના બાલીમાં આયોજિત જી-૨૦ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનક સાથે પહેલીવાર મુલાકાત કરી. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે અનેક મુદ્દા પર વાતચીત થઈ. પીએમ મોદી સાથે મુલાકાતની થોડી જ ક્ષણોમાં બ્રિટનની સરકારે ભારતીયો માટે મોટી જાહેરાત કરી દીધી. યૂકે સરકારે જાહેરાત કરી કે દર વર્ષે ૩૦૦૦ ભારતીયોને યૂકેના વિઝા મળશે. આ વિઝા તે યુવાઓ માટે છે, જે બ્રિટન જઈને પોતાની કારકિર્દી બનાવવા માગે છે.

બ્રિટન સરકારે આ વિશે જણાવ્યું કે ભારત એવો પહેલો દેશ છે જેને આ સ્કીમનો ફાયદો મળવા જઈ રહ્યો છે. બ્રિટન સરકારે નિવેદનમાં કહ્યું કે યૂકે-ભારત યંગ પ્રોફેશનલ સ્કીમ પર મહોર લગાવી દીધી છે. આ સ્કીમ અંતર્ગત દર વર્ષે ૧૮થી ૩૦ વર્ષના ૩૦૦૦ ટ્રેઈનિંગ ભારતીય યુવા બે વર્ષ સુધી બ્રિટનમાં રહી શકે છે અને કામ કરી શકે છે. બ્રિટન સરકારે કહ્યું કે આ સ્કીમને લોન્ચ કરવી બંને દેશના દ્વિપક્ષીય સંબંધો માટે મહત્વપૂર્ણ ક્ષણ છે. સાથે જ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં બંને દેશની અર્થવ્યવસ્થાને મજબૂત કરવા માટેની બ્રિટનની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

બ્રિટન સરકારે રહ્યું કે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના તમામ દેશોમાં બ્રિટનના સૌથી વધારે મજબૂત સંબંધો ભારત સાથે છે. બ્રિટનમાં જેટલા પણ વિદ્યાર્થી વિદેશમાંથી ભણવા આવે છે. તેમાંથી ૧/૪ ભારતના જ હોય છે. સાથે જ ભારતીય રોકાણના કારણે આખા બ્રિટનમાં લગભગ ૯૫,૦૦૦ લોકોને રોજગાર મળે છે.

બ્રિટન અને ભારત વચ્ચે હાલમાં ટ્રેડ ડીલ પર પણ વાત થઈ રહી છે. જો આ ડીલ થઈ જશે તો ભારતની કોઈપણ યૂરોપિયન દેશની સાથે પહેલી આવી ડીલ હશે.

ભારતની સાથે મોબિલિટી પાર્ટનરશીપને લઈને બ્રિટન સરકારે કહ્યું કે આ ભાગીદારી દ્વારા ઈમિગ્રેશનનું ઉલ્લંઘન કરનારાને બહાર કરવામાં મદદ મળશે, બ્રિટન સરકારે કહ્યું કે વર્ષ ૨૦૨૧ના મે મહિનામાં બંને દેશની વચ્ચે આ ઐતિહાસિક પ્રસ્તાવ પર મહોર લાગી હતી. તેનું લક્ષ્ય બંને દેશની વચ્ચે અવરજવરને વધારવાનું હતં. સાથે જ ગેરકાયદેસર રીતે રહેતા લોકોને બહાર કાઢીને ઈમિગ્રેશન સાથે જોડાયેલા કેસને રોકવા માટે સંયુકત પ્રયાસ કરવાનો હતો.

# મોરબી દુર્ઘટના મુદ્દે કોંગ્રેસ પ્રવક્તા આલોક શર્માનું નિવેદન

# કોંગ્રેસે મૃતકોના પરિવારોને નોકરી આપવા સહિત ૩ મુખ્ય માંગ કરી

## ઈજાગ્રસ્તને સરકાર અને ઓરેવા કંપની બંને પાસેથી ૫૦-૫૦ લાખની સહાય મળવી જોઈએ

મોરબી,તા.૧૭

મોરબીમાં પુલ તૂટવાની દુર્ઘટનાને લઈને વિપક્ષ છાશવારે સત્તાપક્ષ ભાજપને ઘેરી રહ્યો છે. ત્યારે આ મામલે કોંગ્રેસ પ્રવક્તા આલોક શર્માએ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. જેમાં ગુજરાત કોંગ્રેસે ૩ મુખ્ય માંગ પણ ઊઠાવી છે. આલોક શર્માએ જણાવ્યું કે સરકાર પોતાની જવાબદારી સમજી મૃતકોના પરિવારોને નોકરી આપવી જોઈએ. વધુમાં વળતરની જાહેરાતમાં વધારો કરી ૧ કરોડની સહાય જાહેર જાહેર કરવામાં આવે તેવી પણ માંગ કરી હતી. ઉપરાંત ઈજાગ્રસ્તને સરકાર અને ઓરેવા કંપની બન્ને પાસેથી ૫૦-૫૦ લાખની સહાય મળવી જોઈએ. વધુમાં આ દુર્ઘટનાને લઈને મોરબી નગરપાલિકાના તમામ અધિકારીઓનો સસ્પેન્ડ કરવાની પણ આલોક શર્માએ માંગ ઉઠાવી હતી. વધુમાં મૃતકોના નામની યાદી જાહેર કરવા અંગે પણ માંગ ઊઠી છે. તેજ રીતે રિટાયર્ડ જજની અધ્યક્ષતામાં નવી SIT બનાવી તપાસ કરવામાં આવે. તેમજ સરકાર કસૂરવારોને બચાવવા પ્રયાસ કરતી હોવાના ગંભીર આરોપ પણ લગાડ્યા હતા.

૩૦ ઓકટોબરનાએ ગોઝારા દિવસે મોરબીની શાન સમાન ઝૂલતો પુલ એકાએક તૂટી પડ્યો હતો. હેરિટેજ ઝૂલતો પુલ તૂટતા અનેક લોકો મચ્છુ નદીના પાણીમાં પડ્યા હતા. જેને લઈને રોકકળાટ ફેલાયો હતો. આ દરમિયાન મોરબીમાં ઝૂલતા પુલ પર ૫૦૦ જેટલા લોકો હતા. આ દરમિયાન દુર્ઘટના બની હતી. જેને લઈને ૨૦૦ થી વધુ લોકો મચ્છુ નદીના જળપ્રવાહમાં પડ્યા હતા. ત્યારબાદ બચાવ ટુકડીઓ દોડી આવી હતી અને લાંબી કાર્યવાહી બાદ ૧૩૫ થી વધુ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો.

# હાઈકોર્ટે મોરબી પાલિકાના ચીફ ઓફિસરને હાજર થવા હૂકમ કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

મોરબી,તા.૧૭

મોરબી ઝૂલતા પુલની દુર્ઘટના મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન મોરબી સિવિક બોડી તરફથી સિનિયર વકીલ દેવાંગ વ્યાસ હાજર થયા હતા અને વકીલ દેવાંગ વ્યાસે સિવિક બોડી તરફથી સોગંદનામુ રજૂ કર્યુ હતું. જેને લઈને સોગંદનામા બાદ મોરબી નગરપાલીકાના ચીફ ઓફિસરને કોર્ટ સમક્ષ હાજર થવા ગુજરાત હાઈકોર્ટે આદેશ કર્યો છે.

આગામી સુનાવણી દરમ્યાન ચીફ ઓફિસરને ફિઝિકલી હાજર રહેવા હુકમ કરવામાં આવ્યો છે. વધુમાં સિવિક બોડી પાસે જનરલ બોર્ડની મંજૂરીની નકલ હોય તો તે પણ રજૂ કરો આદેશ ફરમાવવામાં આવ્યો છે. આ ઉપરાંત ઝુલતો પુલ તૂટયો તે દિવસે કોઈ પરવાનગી ન લેવામાં આવી હોવાનો પાલિકાએ હાઈકોર્ટ સમક્ષ સ્વીકાર પણ કર્યો હતો. વધુમાં પાલિકાને આકારા સવાલો કરતા જણાવ્યું કે શા માટે જનરલ બોર્ડની મંજૂરી વિના બ્રિજ ઉપયોગની મંજૂરી આપી?, કોન્ટ્રાક્ટરે ૨૦૨૧માં બ્રિજની કંડિશન ક્રિટીકલ હોવાનું કહ્યું હતું તેમ છતા પણ શા માટે બ્રિજ ખુલ્લો મુકાયો ? તેવો અણીયારો સવાલ ઉઠાવ્યો હતો. બીજી બાજુ વધુ સુનાવણી ૨૪ નવેમ્બરના હાથ ધરવામાં આવશે. ૩૦ ઓક્ટોબરનાએ ગોઝારા દિવસે મોરબીની શાન સમાન ઝૂલતો પુલ એકાએક તૂટી પડ્યો હતો. હેરિટેજ ઝૂલતો પુલ તૂટતા અનેક લોકો મચ્છુ નદીના પાણીમાં પડ્યા હતા. જેને લઈને રોકકળાટ ફેલાયો હતો. આ દરમ્યાન મોરબીમાં ઝૂલતા પુલ પર ૫૦૦ જેટલા લોકો હતા. આ દરમિયાન દુર્ઘટના બની હતી. જેને લઈને ૨૦૦ થી વધુ લોકો મચ્છુ નદીના જળપ્રવાહમાં પડ્યા હતા. ત્યારબાદ બચાવ ટુકડીઓ દોડી આવી હતી અને લાંબી કાર્યવાહી બાદ ૧૩૫ થી વધુ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો.

# સલાયામાં ગંભીર ગુનાઓ આચારવાની માનસિકતા ધરાવતા આરોપીઓના જામીન રદ કરાયા

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા અને ગુનાહિત માનસ ધરાવતા કેટલાક શખ્સો દ્વારા પોલીસ ઉપર હુમલો કરવા તેમજ અન્ય સ્થાનિકોને પરેશાન કરવા બાબતે નોંધાયેલા ગુના સંદર્ભે મરીન પોલીસે કડક કાર્યવાહી કરી, તેઓની જામીન અરજી રદ કરાવી જેલ હવાલે કરવામાં આવ્યા છે. ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા એજાજ રજાક સંઘાર અને રિઝવાન રજાક સંઘાર નામના શખ્સોએ તેમના પરિવારજનોને સાથે મળીને સલાયાના હુસેની ચોક વિસ્તારમાં રહેતા તેમના સંબંધી એવા સાલેમામદ ઉર્ફે સાલુ પટેલ કરીમ ભગાડ તથા તેમના પુત્રો ઉપર અગાઉ જીવલેણ હુમલો કર્યો હતો. જે સંદર્ભે સલાયા પોલીસ મથકમાં આઈ.પી.સી. કલમ ૩૦૭ વિગેરે મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આટલું જ નહીં, આજથી આશરે દોઢેક વર્ષ પૂર્વે મહોરમના તહેવાર દરમ્યાન ઉપરોક્ત શખ્સો તથા અન્ય આરોપીઓએ પોલીસ ઉપર હુમલો કરી, પોલીસના વાહનને નુકશાની પહોંચાડ્યાનો ગુનો પણ રજીસ્ટર થયો હતો. સલાયા મરીન પોલીસ મથકના પી.આઈ. અક્ષય પટેલ તથા હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ જાડેજા વિગેરે દ્વારા ઉપરોક્ત આરોપીઓબી જામીન અરજી રદ કરવા માટે ખંભાળિયાની સેશન્સ અદાલતમાં કાર્યવાહી કરવામાં આવી હતી. ગંભીર ગુનાના આરોપી એવા રિઝવાન રજાક સંઘાર દ્વારા અગાઉ જમીન મેળવીને છૂટ્યા બાદ સલાયામાં છરીની અણીએ લૂંટ ચલાવી, મારી નાખવાની ધમકી આપવા સબબ જુદી જુદી કલમ હેઠળ વધુ એક ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે સંદર્ભે પણ સલાયા મરીન પોલીસે કાયદાકીય કાર્યવાહી કરી, ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા ઉપરોક્ત આરોપીઓના જામીન ખંભાળિયાની સેશન્સ કોર્ટમાં રદ કરાવીને બંને આરોપીઓને જેલ હવાલે કરી દેવામાં આવ્યા છે. આ સમગ્ર કાર્યવાહી સલાયા મરીન પોલીસ મથકના પી.આઈ. અક્ષય પટેલ, એ.એસ.આઈ. વિરેન્દ્રસિંહ કિશોરસિંહ, હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ જાડેજા, ઓમદેવસિંહ જાડેજા, હસમુખભાઈ ચૌહાણ, વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટમાં ગાયના માલિક સામે પ્રથમવાર ગુનો નોંધાયો

રાજકોટ,તા.૧૭

રાજકોટ શહેરની તુલના સ્માર્ટસિટી તરીકે કરવામાંઆવે છે. પરંતુ આ સ્માર્ટસિટી શહેરમાં જયારે રખડતા ઢોરના લીધે નિર્દોષ નાગરિકને જીવ ગુમાવવો પડે તે ખુબજ દુઃખદ ઘટના કહેવાય. આમ રાજકોટ ક્યાંથી સ્માર્ટ સિટી કહેવાય? રાજકોટ નહિ પણ કદાચ આ રાજયનો પહેલો બનાવ કહી શકાય કે રખડતા ઢોરના લીધે કોઈ વ્યક્તિનું મૃત્યું થયું હોય અને ઢોર માલિક સામે ગુનો નોંધવામાં આવ્યો હોય.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, રાજકોટના ગોપાલ ચોક પાસે રહેતા રસિકભાઈ મોરારજીભાઈ ઠકરાર નામના વૃદ્ધ ગત મંગળવારના રોજ વહેલી સવારે દૂધ લેવા માટે નીકળ્યા, ત્યારે ગોપાલ ચોક પાસે આવેલ નિવેદિતા સોસાયટી પાસે આ વૃદ્ધને રખડતા ઢોરે અડફેટે લઈને તેના પર હુમલો કર્યો હતો. ત્યારે વૃદ્ધ બચાવ માટેની માંગ કરી રહ્યા હતા. પરંતુ રખડતા ઢોરનો હુમલો જોઈ કોઈએ પણ બચાવ માટેની હિંમત કરી નહોતી અને વૃદ્ધને વધુ ઈજા પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતુ. જેથી પરિવારજનોએ કોર્પોરેશન થી લઈ સ્થાનિક રાજકારણીઓની મદદ માંગતા બધાએ હાથ ઊંચા કરી નાખતા આ પરિવારે આ બનાવમાં અંતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ ઘટનામાં ભોગ બનેલા માર્કેટયાર્ડના વેપારીના મોટા પુત્ર રાકેશભાઈ ઠકરારે જણાવ્યું હતું કે, મારા પિતાના મૃત્યુની જાણ થતા હું તરત જ યુ.કે. થી રાજકોટ આવી ગયો હતો. મારા પિતા જ ઘરના આધાર સ્તંભ હતા. અમારા વિસ્તારમાં છેલા ઘણા સમયથી ઢોરનો ત્રાસ યથાવત જ છે. હાઈકોર્ટનો આદેશ છે છતાં કોર્પોરેશન ઢોર પકડમાં નિષ્ફળ નિવડયું છે.

તેમણે ઉમેર્યું હતું કે, અમારા વિસ્તારના કોર્પોરેટર અને કોર્પોરેશનના જવાબદાર રાજીનામું આપે. સ્થાનિક રાજકારણીઓએ મદદ કરવાના બદલે કોર્પોરેશન ઉપર ખો આપી દીધી હતી. શનિવાર સુધીમાં યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો હું અનશન પર બેસીશ.

નોંધનીય છે કે, કદાચ રાજ્યનો આ પહેલો બનાવ હશે કે રખડતા ઢોરના લીધે મૃત્યુના બનાવમાં ઢોર માલિક વિરુદ્ધ ગુનો નોંધાયો હોય.

# ખંભાળિયા સહિત સમગ્ર જિલ્લામાં પોલીસ દ્વારા ચૂંટણી સંદર્ભે સઘન ચેકીંગ

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને જુદા-જુદા વિસ્તારમાં પોલીસ દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસ તંત્ર દ્વારા આશરે અડધો ડઝન જેટલી નાની-મોટી ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે. જેમાં પોલીસ તથા સુરક્ષા એજન્સીઓના જવાનો દ્વારા આ માર્ગ ઉપરથી પસાર થતા તમામ વાહનોનું કડક સાથે ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

# ખંભાળિયાની દ્વારકાધીશ હવેલીમાં રવિવારે અન્નકૂટ મહોત્સવ

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૭

ખંભાળિયાની ન્યુ રામનાથ સોસાયટીમાં આવેલી શ્રી દ્વારકાધીશની હવેલી ખાતે આગામી રવિવાર તારીખ ૨૦ મીને અગિયારસના રોજ શ્રી દ્વારકાધીશ પ્રભુનો અન્નકૂટ રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે સવારે ૯:૧૫થી ૧૦વાગ્યા સુધી શ્રી ગોવર્ધન પુજા તથા સાંજે ૫ વાગ્યાથી આઠ વાગ્યા સુધી અન્નકૂટના દર્શન યોજવામાં આવ્યા છે. જેનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને હવેલીના મુખ્યાજી દ્વારા અપીલ કરવામાં આવી છે.

### ચૂંટણી પંચના નવતર અભિગમથી 'ફર્સ્ટટાઈમ વોટર'ની સંખ્યામાં વધારો

# ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વર્ષે ૧૧.૭૪ લાખથી વધુ યુવા મતદાતાઓ પ્રથમવાર મતદાન કરશે

## રાજ્યમાં પ્રથમ તબક્કામાં ૫,૮૭,૧૭૫ અને બીજા તબક્કામાં ૫,૮૭,૧૯૫ યુવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે : દેશમાં પ્રથમવાર, ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં યુવા મતદારો માટે નિયમોમાં સુધારો અમલી

અમદાવાદ, તા.૧૭

આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં વધુને વધુ મતદારો મતદાનકરવા પ્રેરાયતે માટે ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા જાગૃતિ અભિયાન તથા વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તેમાં પણ યુવા મતદારોને આકર્ષિત કરવા માટે ભારતના ચૂંટણી પંચે ખાસ ભાર મૂક્યો છે. જેના ભાગરૂપે યુવા મતદારોની મતદાર યાદીમાં નોંધણીના નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે. પરિણામે આ વર્ષે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૧૧,૭૪,૩૭૦ યુવાઓ પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું છે કે, ભારતના ચૂંટણી પંચના નવતર અભિગમના પરિણામે યુવા મતદારોમાં મતદાન કરવાના ઉત્સાહમાં વધારો થયો છે. આ સુધારણા કાર્યક્રમ પછી ૧૦ ઓક્ટોબર,૨૦૨૨ની સ્થિતિએ તા. ૧-૧-૨૦૨૨થી તા.૧-૧૦-૨૦૨૨ દરમ્યાન ૧૮ વર્ષના થયા હોય તેવા ૩,૨૪,૪૨૦ યુવાઓ મતદાર યાદીમાં સામેલ થયા છે.

તેમણે ઉમેર્યુ હતું કે, ગુજરાતમાં પ્રથમ તબક્કામાં યોજાનારી ૮૯ બેઠકો પરની ચૂંટણીમાં કુલ ૫,૮૭,૧૭૫ મતદારો પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ગુજરાતમાં સૌથી વધુ યુવા મતદારોમાં સુરત જિલ્લામાં ૧,૦૨,૫૦૬, ભાવનગરમાં ૪૫,૨૭૭, રાજકોટમાં ૪૨,૯૭૩, કચ્છમાં ૪૨,૨૯૪ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૯,૪૩૭ છે. જ્યારે જે જિલ્લામાં સૌથી ઓછા યુવા મતદારો નોંધાયા છે તેમાં ડાંગમાં ૮,૬૮૦, પોરબંદરમાં ૧૩,૫૬૧, તાપીમાં ૧૩,૮૦૦, નર્મદામાં ૧૫,૭૯૬ અને બોટાદમાં ૧૫,૬૧૨ મતદારો છે.

જ્યારે ગુજરાતમાં બીજા તબક્કામાં યોજાનારી ૯૩બેઠકો પરની ચૂંટણીમાં કુલ ૫,૮૭,૧૯૫ મતદારો પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં સૌથી વધુ યુવા મતદારોમાં અમદાવાદ ૯૩,૪૨૮, બનાસકાંઠામાં ૮૧,૫૧૫, વડોદરામાં ૪૭,૩૪૩, દાહોદમાં ૪૭,૧૯૪ તેમજ મહેસાણામાં ૪૦,૯૩૦નો સમાવેશ થાય છે. જ્યારે જે જિલ્લામાં સૌથી ઓછા યુવા મતદારો નોંધાયા છે તેમાં છોટાઉદેપુરમાં ૨૦,૬૩૮, મહીસાગરમાં ૨૧,૩૨૩, અરવલ્લીમાં ૨૩,૦૮૪, ગાંધીનગરમાં ૨૭,૫૯૯ અને સાબરકાંઠામાં ૩૧,૦૭૬ યુવા મતદારો છે. રાજ્યમાં ૧૮૨ બેઠકો પર યોજાનારી ચૂંટણીનાં બે તબક્કામાં કુલ ૧૧,૭૪,૩૭૦ યુવા મતદારો પ્રથમવાર તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

અગાઉ કોઈ યુવાનની ઉંમર ૧લી જાન્યુઆરીના રોજ ૧૮ વર્ષ પૂર્ણ થતી હોય તો તેને તે વર્ષે યોજાતી ચૂંટણીમાં મતદાનનો અધિકાર મળતો હતો. મતદાનની પ્રક્રિયામાં વધુને વધુ યુવાઓ ભાગીદાર બને અને લોકશાહી વ્યવસ્થા વધુ મજબૂત થાય તે હેતુથી ભારતના ચૂંટણી પંચે ૧૭ જૂન, ૨૦૨૨ના રોજ રજિસ્ટ્રેશન ઑફ ઈલેક્ટોરલ રૂલ્સ, ૧૯૬૦માં આનુસાંગિક ફેરફાર કરીને યુવા મતદારોની લાયકાતમાં સુધારો કર્યો છે.

પ્રવર્તમાન નીતિ મુજબ, સામાન્ય રીતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં (સામાન્ય રીતે વર્ષના છેલ્લા ક્વાર્ટરમાં) લાયકાતની તારીખ તરીકે આવતા વર્ષની ૦૧ જાન્યુઆરીના સંદર્ભમાં મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ કરવામાં આવતી હતી. જેથી આખરી મતદારયાદીનું પ્રકાશન આગામી વર્ષના જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં કરી શકાય. આનો અર્થ એ થયો કે ૦૧ જાન્યુઆરી પછી ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મોટી સંખ્યામાં યુવાનોએ નોંધણી માટે આગલા વર્ષના સ્પેશિયલ સમરી રિવિઝનની રાહ જોવી પડતી હતી. સાથે જ તેઓ આ સમયગાળા દરમ્યાન યોજાતી ચૂંટણીઓમાં ભાગ પણ લઈ શકતા નહોતા. જેમાં ફેરફાર થતાં યુવાનો વર્ષમાં ચાર વખત 'ફર્સ્ટટાઈમ વોટર' મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવી શક્યા છે.

# કોડીનાર વિસ્તારના મુસ્લિમો રાષ્ટ્રવાદી મુસ્લિમો છે : પૂર્વ ભાજપ સાંસદ દીનુભાઈ સોલંકી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૭



કોડીનારના ભાજપના ઉમેદવારના પ્રચાર અર્થે કોડીનાર તાલુકાના મૂળદ્વારકા બંદરે મળેલી ભાજપની જાહેરસભામાં જૂનાગઢના પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીએ મુસ્લિમ સમાજના વખાણ કરતાં જણાવ્યું હતુ કે, મારા કોડીનાર વિસ્તારના મુસ્લિમો રાષ્ટ્રવાદી મુસ્લિમ મિત્રો છે,મને ગર્વ છે કે મારા વિસ્તારના મુસ્લિમો કોઈ અનૈતિક પ્રવુતિ કે, દેશ વિરોધી કે, સમાજ વિરોધી પ્રવુતિમાં સંડોવાયેલ ન હોવાનું જણાવી મુસ્લિમ મિત્રોને બિરદાવ્યા હતા. તેમજ દીનુંભાઈ સોલંકીએ વિરોધ પક્ષના રાજમાં કોડીનાર તાલુકામાં ઘર કરી ગયેલા દારૂના દૂષણ ઉપર કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, આપણે કોડીનાર તાલુકામાં ગામે ગામ દૂધની ડેરીઓ બનાવવી છે નહિ કે દીવની ડેરીઓ, દીવની ડેરીઓ બનાવવા વાળોઓને ઓળખી તેમને જાકારો આપવાનો સમય આવી ગયો હોવાનું જણાવી કોડીનાર વિસ્તારને અસામાજિક પ્રવુતિઓથી સ્વચ્છ અને સુરક્ષિત બનાવવા હાંકલ કરી હતી.

# મતદાન અવશ્ય કરી શું : ગીર સોમનાથ જીલ્લાના ૨.૦૦.૦૦૦ વિદ્યાર્થીઓના વાલીઓએ લીધો સંકલ્પ

### કોડીનાર તાલુકામાં ફર્યો 'અવસર રથ' લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર ભાગ લેવા લોકોને અપીલ



વેરાવળ, તા.૧૭

ગીર સોમનાથમાં વિધાનસભા ચૂંટણી નિમિત્તે ૯.૯૯.૪૧૫ મતદારો નોંધાયા છે. વિધાનસભા ચૂંટણીમાં વધુ મતદાન થાય તે અંગે લોકોમાં જાગૃતિ પણ લાવવામાં આવી રહી છે ત્યારે જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તેમજ જિલ્લાની તમામ કોલેજોમાં અભ્યાસ કરતા અંદાજે ૨.૦૦.૦૦૦ વિદ્યાર્થીઓના વાલીઓએ ૧૦૦% મતદાન કરવા સંકલ્પપત્રો ભર્યા હતાં. આ ઉપરાંત ગત ચૂંટણીમાં તમામ પ્રકારના મતદારોમાં જાગૃતિ આવે અને ગત ચૂંટણીમાં ઓછું મતદાન થયું હોય એવા કોડીનાર તાલુકાના કોબ, તડ, સનવાવ, જરગલી, આંબાવાડ, વડનગર, વેલણ જેવા મતવિસ્તારમાં અવસર રથ દ્વારા તમામ ઓછા મતદાન વાળા વિસ્તારોના મતદારોને વધુમાં વધુ બહોળી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી. ઉપરાંત જે જગ્યાએથી રથ પસાર થયો તે વિસ્તારના લોકોને મતદાનની અગત્યતા સમજાવીને લોકશાહીના આ પર્વમાં ઉત્સાહભેર ભાગ લેવા અનુરોધ કરાયો હતો.

# શ્રી જૂનાગઢ તાલુકા સમસ્ત કોળી સમાજ સમુહલગ્ન સંકલન સમિતિની બેઠક યોજાશે

જૂનાગઢ, તા.૧૭

શ્રી જૂનાગઢ તાલુકા સમસ્ત કોળી સમાજ સમુહલગ્નસંકલન સમિતિની એક બેઠક આગામી તા.૨૦/૧૧/૨૦૨૨ રવિવારના સવારે ૧૦ કલાકે ન્યુ બેસ્ટ ઈંગ્લીશ સ્કુલ જોષીપુરા જૂનાગઢ ખાતે યોજવામાં આવશે. આગામી ૨૦૨૩મી સાલમાં યોજાનારા ૨૯માં સમુહલગ્ન ઉત્સવના આયોજન માટેની ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમા ખાસ ઉપસ્થિત રહેવા સમુહલગ્ન સંકલન સમિતિના હોદેદારો, કારોબારી સભ્યો, સલાહકાર અગ્રણીઓ, વિવિધ જ્ઞાતિ મંડળો, મહિલા મંડળો, યુવક મંડળો અને જ્ઞાતિના ભાઈ-બહેનોને અનુરોધ કરવામાં આવેલ તેમ એકયાદીમાં જણાવેલ છે.

# ચૂંટણી લોકશાહીનું પર્વ



આપણા બંધારણના આમુખમાં સ્પષ્ટ જણાવાયું છે કે, આપણે લોકશાહી, બિનસાંપ્રાયિક અને પ્રજાસતાક દેશ છીએ. અબ્રાહમ લિંકને લોકશાહીની વ્યાખ્યા આપતા કહ્યું હતું કે, લોકશાહી એટલે લોકોનું અને લોકો માટેનું અને લોકો દ્વારા ચાલતું શાસન.

ઉપરોક્ત વ્યાખ્યા ઉપરથી સ્પષ્ટ થાય છે કે, લોકશાહીનું સાચું બળ કે, આત્મ જનતા છે. જનતા જનાર્દન પોતાને મળેલા મતાધિકારના અમોધ શસ્ત્ર વડે ભલભલા રાજકીય નેતાઓને રાજમહેલમાં બેસાડી શકે છે અને રાજ મહેલમાંથી ફૂટપાથ ઉપર મૂકી દે છે . લોકશાહી દેશમાં બંધારણે આપેલ મતાધિકારનો ઉપયોગ દરેક જાગૃત નાગરિકોએ અચૂક કરવો જ જોઈએ. નિર્વાચનઆયોગ પણ દેશમાં મુક્ત નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણીઓ યોજાય તે માટે જાગૃત અને સતર્ક રહે તે આવશ્યક છે.

વિશ્વમાં ભારત સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશના મતાધિકારનું દાયિત્વ વિશેષ છે. દરેક મતદારે પોતાને મળેલમતાધિકારનો ઉપયોગ જાગૃત રહી વિવેકબુધિતથા ડાહપણથી ક્રવો જોઈએ. વધુમાં વધુ મતદાન થાય એવા પ્રયાસ થવા જોઈએ. પોતાના કામધંધા, રોજગાર કેં નોકરીમાંથી સમય કાઢી અચૂકપણે મતદાન કરવું જ જોઈએ. ચૂંટણીઓ લોકશાહીનો આત્મા છે. તે સાચા અર્થમાં સાર્થક થાય તે માટે લોકોએ પોતાના યોગ્ય પ્રતિનિધિને ચૂંટી મોકલવા જોઈએ.

આપણો મત અમૂલ્ય છે, કીમતી છે, આપણો મત ભારતના ભાગ્યનુંનિર્માણ કરી શકે છે. કોઈ પક્ષને સતા ઉપર બેસાડી શકે છે સતા ઉપરથી ઉઠાડી શકે છે. તો આવો મળેલ આ અમૂલ્ય અવસરને ઉત્સવમાં બદલી નાખીએ. હર્ષોલ્લાસથી ચૂંટણી પર્વ ઉજવીએ. મતદાનને પ્રોત્સાહન મળે એ માટે નાસ્તો કરનાર ગ્રાહકને મતદાન કરેલ હોય તેમને રૂપિયા ૧૦૦ ના નાસતાના બિલ ઉપર તા.૧ ડિસેમ્બરના રોજ સુભાષ પાણીપુરી દીવાન ચોક ખાતે ૧૦% વળતર આપવામાં આવશે.

**- સંકલન : સુભાષભાઈ પાણીપૂરી વાળા**

# વસતી વિસ્ફોટ: ૧૦૦ કરોડ પહોંચવામાં ૧૮૦૦ વર્ષ લાગ્યા, છેલ્લા ૧૨ વર્ષમાં જ ૧૦૦ કરોડનો થયો વધારો

### ઔદ્યોગિક ક્રાંતિ અને આરોગ્ય સુવિધાના કારણે વસતી જેટ ઝડપે વધી

નવી દિલ્હી, તા.૧૭

ઈસુના જન્મના સમયથી વિશ્વની વસતિ ઉપર ડેટા ઉપલબ્ધ છે, એટલે કે આપણે બે હજારથી વધુ વર્ષોના સમયમાં વસતિમાં વધારો જોઈ શકીએ છીએ. દુનિયામાં ૮૦૦ કરોડમા છોકરાએ જન્મ લીધો છે. વસતિને રિયલ ટાઈમ ટ્રેક કરનાર વેબસાઈટ અનુસાર, મંગળવાર બપોરે લગભગ ૧ વાગ્યાને ૩૦ મિનિટે છોકરાએ જન્મ લીધો છે. યુએન રિપોર્ટ ઓન પોપ્યુલેશનમાં કહેવામાં આવ્યું છે કે ૧૫ નવેમ્બરે વિશ્વની વસતિ ૮૦૦ કરોડ થઈ ગઈ છે.

ઔદ્યોગિક ક્રાંતિ સાથે આરોગ્ય સેવાઓમાં ઝડપથી સુધારો થયો. પરિણામે, બાળકોનાં જન્મ અને બાળજન્મ દરમિયાન મૃત્યુ પામેલી સ્ત્રીઓની સંખ્યામાં ઘટાડો થયો હતો. આ સાથે વસતિમાં વધારો ઝડપી બન્યો. આગામી ૩૦ વર્ષમાં વિશ્વની વસતિ ૨૦૦ કરોડથી વધીને ૩૦૦ કરોડ થઈ, જ્યારે માત્ર ૧૪ વર્ષમાં વસતિ ૩૦૦ કરોડથી વધીને ૪૦૦ કરોડ થઈ ગઈ. જો આપણે લેટેસ્ટ ટ્રેન્ડ પર નજર કરીએ તો માત્ર ૧૨ વર્ષમાં પૃથ્વી પર હાજર મનુષ્યોની સંખ્યા ૭૦૦ કરોડથી વધીને ૮૦૦ કરોડ થઈ ગઈ છે. યુએનના અંદાજ મુજબ, ૨૦૩૦ સુધીમાં વિશ્વની વસતિ વધીને ૮૫૦ કરોડ થઈ શકે છે. જોકે યુએનએ એમ પણ કહ્યું છે કે ૧૯૫૦ પછી પ્રથમ વખત, ૨૦૨૦માં વસતિ વૃદ્ધિદરમાં એક ટકાનો ઘટાડો નોંધાયો છે. વસતિ ઉપર યુએનનો રિપોર્ટ જણાવે છે કે ૨૦૫૦ સુધીમાં અડધાથી વધુ વસતિ માત્ર આઠ દેશમાં હશે, જેમાં ભારત સહિત પાકિસ્તાન, ફિલિપિન્સ, ઈજિપ્ત, કોંગો, નાઈજીરિયા, તાન્ઝાનિયા અને ઈથોપિયાનો સમાવેશ થાય છે. યુએનએ પણ એવા ૬૧ દેશનો અંદાજ લગાવ્યો છે, જેમની વસતિ ૨૦૨૨ અને ૨૦૫૦ વચ્ચે ઘટશે. આમાંના મોટા ભાગના દેશો યુરોપના હશે.

યુએન દ્વારા ૧૧ જુલાઈ, ૨૦૨૨ના રોજ વિશ્વ વસતિ દિવસ ઉપર જાહેર કરાયેલા વસતિ અંદાજમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૩ સુધીમાં ભારતની વસતિ ચીનની વસતિ કરતાં વધી શકે છે. આ સાથે ભારત વિશ્વનો સૌથી વધુ વસતિ ધરાવતો દેશ બની જશે. હાલમાં ચીનની વસતિ ૧.૪૨૬ અબજ છે અને ભારતની વસતિ ૧.૪૧૨ અબજ છે. એવું માનવામાં આવે છે કે ૨૦૨૩માં ભારતની વસતિ વધીને ૧.૪૨૯ અબજ થવા જઈ રહી છે તેમજ ૨૦૫૦ સુધીમાં આ આંકડો ૧.૬૬૮ અબજ સુધી પહોંચી જશે. સદીના મધ્ય સુધીમાં ચીનની વસતિ ઘટીને ૧.૩૧૭ અબજ થવાનો અંદાજ છે. યુએનના અહેવાલ મુજબ, હાલમાં વિશ્વમાં ૫૦.૩% પુરુષો અને ૪૯.૭% સ્ત્રીઓ છે, પરંતુ ૨૦૫૦ સુધીમાં બંનેની સંખ્યા સમાન હશે. વધુમાં, ૬૫ અને તેથી વધુ વયના લોકો હાલમાં વૈશ્વિક વસતિના ૧૦% હિસ્સો ધરાવે છે. આ ૨૦૨૨થી ૨૦૩૦ની વચ્ચે વધીને ૧૨% અને ૨૦૫૦ સુધીમાં ૧૬% થઈ જશે. યુરોપ અને ઉત્તર અમેરિકામાં આ સમય દરમિયાન દર ૪માંથી એક વ્યક્તિની ઉંમર ૬૫ વર્ષથી વધુ હશે.

# મોંઘવારી નિયંત્રણમાં ન આવવાના શું કારણો છે

દિલ્હી, તા.૧૭

સેન્ટ્રલ રિઝર્વ બેંકના તમામ પ્રયાસો છતાં દેશમાં મોંઘવારી નિયંત્રણમાં નથી. હિન્દુસ્તાન ટાઈમ્સ લીડરશીપ સમિટ ૨૦૨૨માં સેન્ટ્રલ રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે મોંઘવારી વધવાના કારણોનો ઉલ્લેખ કર્યો છે.આ સાથે તેમણે રૂપિયો, ડિજિટલ કરન્સી, ફોરેન એક્સચેન્જ રિઝર્વ સહિત અર્થતંત્ર સાથે જોડાયેલા મહત્વના મુદ્દાઓ વિશે વાત કરી હતી.

**મોંઘવારી ઉપર અંકુશ કેમ નથી ?**

શકિતકાંત દાસે કહ્યું કે વિશ્વની અર્થવ્યવસ્થા તણાવના સમયગાળામાંથી પસાર થઈ રહી છે. તેમણે આ સ્થિતિ માટે મુખ્યત્વે ૩ કારણોને જવાબદાર ગણાવ્યા છે.શક્તિકાંત દાસે કહ્યું કે, કોવિડ મહામારી, યુક્રેન-રશિયા વચ્ચેના યુદ્ધ અને નાણાકીય બજારને કારણે સર્જાયેલી કટોકટીથી ભારત સહિત વિશ્વની અર્થવ્યવસ્થા તણાવમાં છે. આરબીઆઈ ગવર્નરના જણાવ્યા અનુસાર હાલમાં દેશના જીડીપી વૃદ્ધિના આંકડા સારા છે. ભારતની અર્થવ્યવસ્થા વૈશ્વિક સ્તર કરતા વધુ ઝડપથી વધી રહી છે. ફુગાવાના આંકડા પણ ધીમે ધીમે નિયંત્રણમાં આવી રહ્યા છે.

# વૈશ્વિક બજારમાં ખાંડના ભાવમાં ઘટાડાની આશા

નવી દિલ્હી, તા.૧૭



વૈશ્વિક બજારમાં ખાંડના ભાવ હવે વધતા અટકીને આવનારા દિવસોમાં ઘટે તેવી સંભાવના તેજ બની છે. વિશ્વ માટે બેન્ચમાર્ક ગણાતી સંસ્થા ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશને તાજેતરમાં ખાંડની ચાલુ સિઝન વર્ષ ૨૦૨૨-૨૩ માટે ખાંડના ઉત્પાદનના અંદાજો જાહેર કર્યા હોઈ જેમાં ખાંડના સરપ્લસ સ્ટોકનો અંદાજ અગાઉની તુલનાએ વધારીને ૬૧.૮૫ લાખ ટનનો મુકવામાં આવતા તેની અસર સ્થાનિક બજારો ઉપર દેખાવાની શક્યતા નકારી શકાતી નથી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, વિશ્વમાં ખાંડનું ઉત્પાદન વધીને રેકર્ડબ્રેક ૧૮૨૧.૪૨ લાખ ટન થવાની ધારણાઓ મુકાઈ રહી છે, જે અગાઉ ૧૮૨૧.૪૨ લાખ ટન થવાનો અંદાજ મુકાઈ રહ્યો હતો. ગત વર્ષે વિશ્વમાં ૧૭૨૬.૧૨ લાખ ટનનું ઉત્પાદન થયું હતું. દરમ્યાન વપરાશ વધીને ૧૭૫૯.૫૭ લાખ ટન થવાની ધારણા મુકાઈ રહી છે, જે ગત વર્ષે ૧૭૪૩.૨૭ લાખ ટન થયો હતો. કેટલાક દેશો દ્વારા ખાંડના આંકડાઓ ઊંચા જાહેર થયા હોવાથી ખાંડના ઉત્પાદનમાં ૨૯.૮૬ લાખ ટનનો વધારો થયો છે. જેને કારણે સરપ્લસ સ્ટોકમાં પણ વધારો થયો છે. દરમિયાન વિશ્વમાં ઈથેનોલનું ઉત્પાદન ૧૧૧.૧ અબજ લિટર સુધી પહોંચવાની ધારણા છે. જે ૨૦૨૨ કરતા બે અબજ લિટરનો વધારો દર્શાવે છે. જ્યારે વરરાશ ૧૦૬.૬ અબજ લિટર સુધી પહોંચવાનો અંદાજ મુકાઈ રહ્યો છે. જે ગત સાલ કરતા ૨.૧ અબજ લિટર વધારે છે. વૈશ્વિક સ્તરે ખાંડના બેન્ચમાર્ક ભાવ હાલ ૧૯.૮૨ ડોલર ચાલી રહ્યો છે. જેમાં છેલ્લા કેટલાક દિવસો દરમ્યાન ૪.૨૬ ટકાનો વધારો થયો છે. દરમ્યાન હાલ ભાવ ઘટયાનું ચિત્ર દેખાઈ રહ્યું છે.

વૈશ્વિક સરપ્લસ સ્ટોકનો અંદાજ વધતા ખાંડના ભાવ વધુ ઘટે અથવા વધતા અટકી જાય તેવી ધારણા મુકાઈ રહી છે. ભારતીય ખાંડન નિકાસ હવે ચાલુ થવાને પગલે તેની અસર વિશ્વબજાર ઉપર જોવા મળશે તેવું પણ બજારના જાણકારો કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, સરકાર બીજા તબક્કામાં કેટલી નિકાસ છૂટ આપે છે તેના ઉપર પણ ખાંડના ભાવનો આધાર રહેશે તેમ મનાય રહ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# રાજકીય અસ્મિતાનાં સંકટ સમયે રક્ષણ જરૂરી

હાલમાં જ બ્રિટનમાં ભારતીય મૂળના ઋષિ સુનકવડાપ્રધાન બનતાં દેશમાં કેટલાય લોકો ગૌરવની લાગણી અનુભવતા હતા, પરંતુ એ ભૂલવું ન જોઈએ કે કોઈ વડાપ્રધાન માટે તેના દેશનું હિત જ સર્વોપરિ હોય છે. આ જ સિધ્ધાંત રાષ્ટ્રવાદની આધારસિલા છે, જે વૈશ્વીકરણના યુગમાં પણ બદલાયો નથી. ભારતમાં રાષ્ટ્રવાદ વિવાદિત અવધારણા રહી છે. મોટાભાગે તેને ભાજપ સાથે જોડવામાં આવે છે. કારણ કે ભાજપનો વિરોધ કરવાનો અધિકાર અન્ય પક્ષો કે ભિન્ન વિચારધારાવાળા લોકોને છે, તેથી તેઓ ભાજપ અને રાષ્ટ્રવાદ બંનેનો વિરોધ કરવા લાગે છે. તેમને ચીન, જાપાન, અમેરિકા, જર્મની, ફ્રાન્સ, ઈટલી અને બ્રિટન વગેરેનો રાષ્ટ્રવાદ પરેશાન નથી કરતો. જ્યારે વૈશ્વિક મંચો પર તમામ રાષ્ટ્ર પોતપોતાનાં હિતોને આગળ વધારતા રહે છે, ત્યારે ભારતની અંદરથી જ ભારતીય દૃષ્ટિકોણ પ્રત્યે વિરોધના સૂર ઊઠે છે, જેનાથી મંચો પર આપણો પક્ષ કમજોર થાય છે. પરિણામે જનસંખ્યા અને લોકતાંત્રિક વ્યવસ્થાની દૃષ્ટિએ વિશ્વમાં સર્વાધિક મહત્ત્વપૂર્ણ હોવા અને બ્રિટનને પછાડીને વિશ્વની પાંચમી આર્થિક શક્તિ બનવા છતાં સુરક્ષા પરિષદમાં ભારત સ્થાયી સદસ્ય નથી બની શક્યું. હાલમાં જ વિશ્વમાં ભારતને જે સન્માનિત સ્થાન પ્રાપ્ત થયું છે, નેતાઓ અને બુદ્ધિજીવીઓને તેને સ્વીકારવામાં પણ અચકાટ થાય છે. તેમને લાગે છે કે તેનાથી ક્યાંક વડાપ્રધાન મોદી અને ભાજપને રાજકીય લાભ ન મળી જાય! તેની પાછળ શું કારણ છે? ભારતીય સમાજ આદિકાળથી જ સમાવેશી છે, જે પણ બહારથી આવ્યું, તેને અહીં પ્રેમ અને સ્વીકૃતિ મળ્યાં. તેની પાછળ 'અતિથિ દેવો ભવ' અને 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના રહી, જે સંપૂર્ણ વિશ્વને એક પરિવાર રૂપે જુએ છે. આ મૂલ્ય આપણી સંસ્કૃતિની સાથે સાથે આપણી જ્ઞાન પરંપરા અને બૌધ્ધિકતામાં પણ વસેલાં હતાં. ભારત એકમાત્ર એવો દેશ છે, જેમાં સત્યના અન્વેષણ માટે ભારત સાથે જ અસહમત થવાની સ્વીકૃતિ છે. તેથી રંભા-શુક સંવાદમાં કહેવામાં આવ્યું, 'વાદે-વાદે જાયતે તત્ત્વબોધ:' એટલે કે 'સંવાદથી જ સત્યનો બોધ થાય છે.' એટલે જ આજે પણ ભારતીય બૌધ્ધિક વિમર્શમાં એ જ સત્યની શોધ માટે વૈશ્વિકતા, વ્યાપકતા અને સાર્વભૌમિકતાને આગળ રાખવામાં આવે છે. રાષ્ટ્રવાદ જેવી અવધારણાઓ આપણને ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન-પરંપરાને પ્રતિકૂળ લાગે છે. આ જ ઉદારતા અને સહિષ્ણુતા ભારતીય સમાજની કમજોરી બની ગઈ, જેનાથી વિદેશી આક્રાંતાઓને ભારત પર આક્રમણ કરવા અને તેને પોતાના રાજકીય પ્રભુત્વમાં લેવાના પ્રોજેક્ટ સફળ થતા રહ્યા, ચાહે તે સિકંદર હોય, મુગલ આક્રમણખોરો હોય કે અંગ્રેજો હોય! તેનાથી ભારતીય સમાજ સમક્ષ વિચિત્ર સંકટ ખડું થઈ ગયું. શું આપણે આપણી બૌદ્ધિક સંસ્કૃતિ, જ્ઞાન-પરંપરા અને તેનાં મૂલ્યોને બચાવીએ કે આપણી રાજકીય અસ્મિતાને? અને શું રાજકીય અસ્મિતાને બચાવ વિના આપણે આપણી બૌદ્ધિક-સંસ્કૃતિ અને જ્ઞાન પરંપરાને બચાવી શકીએ છીએ? આજે પણ આ પ્રશ્નનો કોઈ સર્વમાન્ય જવાબ નથી. તેથી ભારતીય બૌદ્ધિકતાથી ઓતપ્રોત વિદ્વાન પણ રાષ્ટ્રવાદને એક અનિવાર્યતા નહીં, પરંતુ મૂડીવાદી-યુરોપ અને સમાજવાદી-યુરોપના ઉપનિવેશિક-પ્રોજેક્ટનું ભારતીય સંસ્કરણ માને છે. તેઓ માને છે કે રાષ્ટ્રવાદી પ્રોજેક્ટ ભારતીય સમાજને બૌધ્ધિકતાના આંતરિક-ઉપનિવેશવાદમાં ધકેલી દેશે. તે આપણી બૌધ્ધિક સંપદા અને સાંસ્કૃતિક વારસાથી પ્રતિકૂળ હશે. તેમાં 'સર્વે ભવંતુ સુખિન:'ને બદલે 'ભારતીય ભવંતુ સુખિન:'ની કેન્દ્રીયતા હશે. તેનો લાભ ઉઠાવીને બાહ્ય શક્તિઓ દેશની એવી બૌધ્ધિક શક્તિઓ સાથે મળીને રાષ્ટ્રવાદને દક્ષિણપંથી રાજનીતિક એજન્ડા રૂપે પ્રચારિત કરવા અને તેના વિરોધનો અવસર મળી જાય છે. તેથી ભારતીય લોકતંત્રમાં ડાબેરી-મધ્યમાર્ગી પક્ષો રાષ્ટ્રવાદ વિરોધને હથિયાર રૂપે પ્રયોગ કરે છે, પરંતુ ભૂલી જાય છે કે દક્ષિણપંથ, ભાજપ, રાષ્ટ્રવાદનો વિરોધ કરતાં તેઓ પોતાના જ દેશનો વિરોધ કરવાની વિદેશી જાળમાં ફસાઈ જાય છે. વિવિધતા, ભિન્નતા, અસહમતિ અને વિરોધ ભારતીય સંસ્કૃતિના અભિન્ન તત્ત્વ છે. લોકતંત્ર તેને વધુ સશક્ત બનાવે છે, પરંતુ એ જ લોકતંત્રને સંચાલિત કરવા માટે જે બંધારણ આપણે બનાવ્યું, તેની પ્રસ્તાવનામાં જ 'રાષ્ટ્રની એક્તા અને અખંડતા સુનિશ્ચિત કરવા' માટે આપણે સંકલ્પ લીધો. તો શું જન-જનમાં રાષ્ટ્રવાદની ભાવના ભર્યા વિના આપણે આ સંકલ્પને પૂરો કરી શકીએ? ભારતમાં એક્તા અને અખંડતાને સ્થાપિત કરવા માટે આઈડિયા ઓફ ઈન્ડિયાને સ્થાપિત કરવાની કોશિશ કરવામાં આવે છે, પરંતુ કોઈ એક આઈડિયા ઓફ ઈન્ડિયા પર સહમતિ નથી બની શકતી, કારણ કે આપણી જ્ઞાન પરંપરામાં કોઈ એકલ વિચાર, એકલ દર્શન, એકલ પૂજા પદ્ઘતિ, એકલ ઈશ્વર, એકલ ધર્મગ્રંથ અને એકલ તીર્થસ્થળ સ્વીકાર્ય નથી. એ જ તો ભારતીય સમાજ, સંસ્કૃતિ, દર્શન અને જ્ઞાન પરંપરાની વિશેષતા છે, જે વિશ્વમાં બીજે દુર્લભ છે. તેથી આઈડિયા ઓફ ઈન્ડિયાની જગ્યાએ આઈડિયા ઓફ ભારત ઉપર વિમર્શ થવો જોઈએ. બંધારણ પણ તેને માન્યતા આપે છે, જેના પ્રથમ અનુચ્છેદમાં 'ઈન્ડિયા, ધેટ ઈઝ ભારત' લખ્યું છે. એટલે કે આપણે ઈન્ડિયાને ભારત રૂપે જાણવાનું છે અને એટલે જ આઈડિયા ઓફ ઈન્ડિયાને આઈડિયા ઓફ ભારતના પરિપ્રે-યમાં જ પરિભાષિત કરવો પડશે, જ્યાં કોઈ એક વિચાર-અવધારણા તેને વ્યક્ત નથી કરી શકતી. ભારત તો વિચારો અને અવધારણાઓનો પુંજ છે, જેમાં વિવિધતાનો સમાવેશ છે. તેથી ભારતીય જ્ઞાન પરંપરા અને સંસ્કૃતિનું સમાવેશી-સાર્વભૌમ સ્વરૂપ તેને રાષ્ટ્રવાદની સંકીર્ણતામાં નથી બાંધતું, પરંતુ તે રાષ્ટ્રવાદી બંધન આપણા સમાજના અસ્તિત્વ, અસ્મિતા, બંધુત્વ માટે જરૂરી પણ છે. આજે વૈશ્વીકરણના યુગમાં પણ બધાં રાષ્ટ્ર પોતાના હિતો અને રાષ્ટ્રવાદી એજન્ડાને નવ-રાષ્ટ્રવાદ, નવ-ઉપનિવેશવાદ અને નવ-સામ્રાજ્યવાદના આવરણમાં આગળ વધારવામાં પડ્યાં છે, જેનાથી આપણી રાજકીય અસ્મિતાની રક્ષા કરવી આપણા માટે ગંભીર પડકાર છે. આપણી જ્ઞાન પરંપરાની આધારસિલા પર લોકતાંત્રિક મૂલ્યોને છોડ્યા વિના આપણે આપણી રાજકીય અસ્મિતાને સુરિક્ષત રાખવી પડશે. આ એક વિચિત્ર દ્વંદ્વ છે, જેનાથી રાજનીતિજ્ઞો, બુધ્ધિજીવીઓ અને જનતાએ ઉગરવું જ પડશે.

### રાહુલ હિમાચલમાં પ્રચાર માટે પહોંચી શક્યા નહતા

# ભારત જોડો યાત્રાનો લાભ ખાંટવા રાહુલ ગાંધી ગુજરાતમાં પ્રચાર કરશે

## ગુજરાત ચૂંટણી ભાજપ-કોંગ્રેસ વચ્ચે રહી છે પરંતુ આપની એન્ટ્રીથી જંગ ત્રિકોણીય સ્વરૂપ લેતો જોવા મળી રહ્યો છે

નવી દિલ્હી, તા.૧૭

ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આમાં સામેલ પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનું નામ પણ ચર્ચામાં છે. જો કે હિમાચલ પ્રદેશ ચૂંટણીની યાદીમાં પણ તેમનું નામ હતું પરંતુ તેઓ પ્રચાર માટે પહોંચી શક્યા નહોતા. હવે તેઓ પાર્ટીના પ્રચાર માટે ગુજરાત આવશે તેવા અહેવાલ છે. આવી સ્થિતિમાં સવાલ એ છે કે 'ભારત જોડો યાત્રા'ની વચ્ચે વાયનાડના સાંસદ ગુજરાત શા માટે આવશે? રાહુલ ગાંધીના ગુજરાતમાં પ્રચાર પાછળ આ ૬ કારણો જવાબદાર ના હોઈ શકે.



મળતી માહિતી પ્રમાણે, રાહુલ અને તેમના સલાહકારોને લાગે છે કે ભારત જોડો યાત્રાની અસર પાર્ટીના પ્રદર્શનને વધુ વેગ આપી શકે છે. વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં રાહુલે હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણી સાથે રેલીઓ કરી હતી અને પાર્ટીએ સારૂ પ્રદર્શન કર્યુ હતું. જો કે આ વખતે નેતા હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર ભાજપ સાથે જોડાઈ ગયા હોવાથી 'ભારત જોડો' યાત્રાની અસર કોંગ્રેસની મદદ કરી શકે છે.

સામાન્ય રીતે ગુજરાતની ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહી છે પરંતુ આ વખતે આપની એન્ટ્રીથી રાજકીય જંગ ત્રિકોણીય સ્વરૂપ લેતો જોવા મળી રહ્યો છે. ત્યારે પ્રદેશ કોંગ્રેસ નેતૃત્વનું માનવું છે કે આપ રાજ્યમાં ગતિ મેળવી રહી છે. આપ વર્તમાન રાજકીય પરિદ્રશ્યમાં કોંગ્રેસ માટે સૌથી મોટો ખતરો બની રહી છે અને પાર્ટીને સમજાઈ ગયું છે કે અત્યારે આપનો મુકાબલો નહી કરી શકીએ તો પછી ક્યારેય કરી નહીં શકીએ અને રાહુલ ગાંધી આપનો મુકાબલો કરી શકે છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં અહેમદ પટેલ વિના મેદાનમાં છે. અહેમદ પટેલનુ કોરોના વાયરસના કારણે અવસાન થયું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે કોંગ્રેસ પટેલ દ્વારા બનાવવામાં આવતી વ્યુહરચાનાઓના અભાવનો સામનો કરી રહી છે. જો કે, રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોતે રાજ્યમાં પાર્ટીનો મોરચો સંભાળી લીધો છે. જાણકારોનું માનવું છે કે આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોંગ્રેસનો સારો પ્રભાવ છે. આવામાં પાર્ટી પોતાના ગઢ ગુમાવવા માંગતી નથી. તેથી રાહુલ ગાંધીને મેદાનમાં ઉતરવાની વિનંતી કરવામાં આવી છે. ગુજરાત વડા પ્રધાન મોદીનું ગૃહ રાજ્ય છે. હવે રાહુલ ગાંધી લાંબા સમયથી પીએમ પર સતત નિશાનો તાકતા રહ્યા છે. આ બાજુ પીએમ મોદી પોતે ભાજપને સતત ૭મી વખત જીતાડવા માટે મેદાનમાં છે. આવામાં એવું માનવામાં આવે છે કે ગુજરાતમાં રાહુલ ગાંધીની ગેરહાજરીથી ખોટો સંદેશ જશે.

મળતી માહિતી મુજબ, રાહુલ અને તેમના સલાહકારોને લાગે છે કે યાત્રાની વચ્ચે ભાજપના ગઢમાં જઈને પ્રચાર કરવાથી એવો સંદેશ જશે કે તેઓ પીએમ મોદીને ટક્કર આપવા માટે તૈયાર છે. જો કે તેમની સામે ૨ પડાકારો હશે. પ્રથમ, કોંગ્રેસ માટે સારી જીત સુનિશ્ચિત કરવી. બીજુ, આપને આગળ વધવાથી રોકવી.

# ભાજપે ખેરાલુ, માણસા અને ગરબાડાના ઉમેદવાર જાહેર કર્યા

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માટે ભાજપે પોતાના વધુ ૩ ઉમેદવારો જાહેર કર્યા છે. ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીનો માહોલ જામ્યો છે. ગુજરાત ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે.

તમામ પક્ષો પોતાના ઉમેદવારો જાહેર કરી રહ્યા છે. ત્યારે ભાજપે વધુ ૩ ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપે ખેરાલું, માણસા અને ગરબાડાથી ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપે વધુ ૩ ઉમેદવારો જાહેર કર્યા: ખેરાલુથી સરદારસિંહ ચૌધરી, માણસાથી જયંતિભાઈ, ગરબાડાથી મહેન્દ્રભાઈ ભાભોરને ટિકિટ

હવે ભાજપની માત્ર એક વડોદરાની માંજલપુર બેઠક પરથી ઉમેદવાર જાહેર કરવાના બાકી છે. ભાજપે ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ૧૮૨ બેઠકોમાંથી ૧૮૧ ઉમેદવારો જાહેર કરી દીધા છે. જેમાં અનેક નવા ચેહરાને તક આપી છે તો કેટલાક જૂના જોગીઓનું પત્તુ કપાયું છે.

# પંકજ પટેલ આઆઈએમ બોર્ડના ૧૪મા અધ્યક્ષ બન્યા

અમદાવાદ, તા.૧૭

પંકજ પટેલની આઈઆઈએમ અમદાવાદ બોર્ડના નવા અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. કુમાર મંગલમ બિરલાનો ૪ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતા પંકજ પટેલને ચેરપર્સન બનાવવામાં આવ્યા છે.

પંકજ પટેલ ૮ વર્ષથી આઈઆઈએમ અમદાવાદના બોર્ડ ઓફ ગવર્નન્સના સભ્ય છે અને ઝાયડસ લાઈફસાયન્સના ચેરમેન છે. ૧૯૬૧માં સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી તેઓ આઈઆઈએમએના ૧૪મા અધ્યક્ષ છે.


પંકજ પટેલ અબજોપતિ બિઝનેસ મેન છે અને ભારતની પાંચમા ક્રમની સૌથી મોટી ફાર્મા કંપની કેડિલા હેલ્થકેરનાં ચેરમેન છે. તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ ફાર્મસી અને માસ્ટર્સ ઓફ ફાર્મસીનો અભ્યાસ કર્યા બાદ પિતાજી રમણભાઈ પટેલની સ્થાપેલી કંપની કેડિલા હેલ્થકેર જોઈન કરી લીધી હતી.

### નાસાએ ૫૦ વર્ષ બાદ ચંદ્ર પર મિશન શરૂ કર્યું

# ક્રૂ વિના ઓરિયન અવકાશયાન ચંદ્ર ઉપર છોડવામાં આવ્યું

## ૩૨ માળ જેટલી ઉંચાઈ ધરાવતું સ્પેસ લોંચ સિસ્ટમ રોકેટ ફ્લોરિડા, ફ્લોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ

નવી દિલ્હી, તા.૧૭



લગભગ ૫૦ વર્ષ પછી, નાસાએ ચંદ્ર પર તેનું મિશન ફરીથી શરૂ કર્યું છે. બુધવારે, યુએસ સ્પેસ એજન્સીએ ચંદ્ર પર માનવ મિશન શરૂ કર્યું. તેના ત્રીજા પ્રયાસમાં, નાસાએ આર્ટેમિસ-૧ મિશન શરૂ કર્યું. આ પહેલા ૫૦ વર્ષ પહેલા નાસાએ એપોલો મિશન ચંદ્ર પર મોકલ્યું હતું. માહિતી અનુસાર, ૩૨ માળ જેટલી ઉંચાઈ ધરાવતું સ્પેસ લોંચ સિસ્ટમ (એસએલએસ) રોકેટ ફ્લોરિડા, ફ્લોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. સ્પેસ રોકેટ આર્ટેમિસ-૧ અને ઓરિઓન અવકાશયાનની પ્રથમ પરીક્ષણ ઉડાન. ૩૨૨ ફૂટ (૯૮ મીટર) ઊંચાઈ પર, રોકેટ નાસા દ્વારા બનાવવામાં આવેલ સૌથી શક્તિશાળી રોકેટ છે. આ સાથે, ક્રૂ વિના ઓરિયન અવકાશયાન ચંદ્ર પર છોડવામાં આવ્યું હતું. ઓરિયન લગભગ ૪૨ દિવસ સુધી ચંદ્ર પર પરીક્ષણ કરશે. નાસાના આર્ટેમિસ ચંદ્ર કાર્યક્રમનું તે પ્રથમ મિશન હશે. નાસા તેના ત્રીજા મિશન માટે ૨૦૨૫માં ચંદ્ર પર અવકાશયાત્રીઓને ઉતારવાની યોજના પર કામ કરી રહ્યું છે. નાસા ચંદ્રની સપાટીથી ૬૦ માઈલ ઉપર ઓરિઓન ઉપગ્રહની નજીક પહોંચતા પહેલા તેનું પરીક્ષણ કરવાની યોજના ધરાવે છે. જો આર્ટેમિસ-૧ સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાં પહોંચે છે, તો તે પ્રોજેક્ટ માટે નોંધપાત્ર સીમાચિહ્નરૂપ હશે. મિશન દરમિયાન, ઓરિઅન ક્યુબસેટ્સ તરીકે ઓળખાતા ૧૦ નાના ઉપગ્રહો પણ મૂકશે. ચંદ્ર પરની માઈક્રોગ્રેવિટી અને રેડિયેશન વાતાવરણ સુક્ષ્મસજીવોના વિકાસને કેવી રીતે અસર કરે છે તે જોવા માટે આમાંથી એકમાં યીસ્ટ હશે. આ દરમિયાન આઈસક્યુબ ચંદ્રની પરિક્રમા કરશે અને ચંદ્ર પર બરફના ભંડારની શોધ કરશે અને જેનો ઉપયોગ ચંદ્ર પર જનારા ભાવિ પ્રવાસીઓ કરી શકશે. ઓરિયન અવકાશયાનને ધીમું કરવા માટે તેના ઓનબોર્ડ થ્રસ્ટર્સને ફાયર કરશે અને ચંદ્રના ગુરુત્વાકર્ષણને તેને ભ્રમણકક્ષામાં પકડી રાખવામાં મદદ કરશે. આ તબક્કા દરમિયાન, ઓરિઅન ચંદ્રથી લગભગ ૭૦ હજાર કિલોમીટરની મુસાફરી કરશે અને પૃથ્વીથી સૌથી દૂર સુધી પહોંચશે. આ દરમિયાન, જો તેમાં અવકાશયાત્રીઓ હોત, તો તેઓએ દૂરથી પૃથ્વી અને ચંદ્રનો ભવ્ય નજારો જોયો હોત. ઓરિઓન ચંદ્રની ભ્રમણકક્ષામાં ૭ થી ૨૩ દિવસ વિતાવશે, ચંદ્રની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળવા અને પૃથ્વીના માર્ગ પર પાછા ફરવા માટે તેના થ્રસ્ટર્સને વધુ એક વખત ફાયરિંગ કરશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

દરેક અંધકાર એ પ્રકાશ આવવાનો સૂચક છે.

- મત્સ્યપૂરાણ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.તીર-૧૩૯૨, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, કારતક વદ-૮ લાલા લજપતરાય પૂણ્યતિથિ તા.૧૭ નવેમ્બર ૨૦૨૨, ગુરૂવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૨૨, મઘા નક્ષત્ર, ઐન્દ્ર યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૦૭, સૂ.અ.૬:૦૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આકસ્મિક ધન લાભ થાય, દિવસ આનંદમય વ્યતિત થાય.
વૃષભ: વડીલ વર્ગથી લાભ મેળવી શકશો, નવિન શુભ સમાચાર મળે.
મિથુન: આર્થિક લાભ મેળવી શકશો, શેર-સટ્ટામાં લાભ મેળવી શકશો.
કર્ક : જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે, કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સાફળતા મળે.
સિંહ: સ્વમાન ઘવાય તેવા પ્રસંગ બને, આર્થિક પરિસ્થિતિ તંગ રહે.
કન્યા: મુસાફરી-પ્રવાસમાં લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી.
તુલા : પડવા-વાગવાથી સંભાળવું, આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે.
વૃશ્ચિક : પ્રગત્તિની દિશા ખુલે, મનમાં ગુપ્તચિંતા રહે.
ધન : વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું, મનમાં ગુપ્ત ચંતા રહે.
મકર : મનનું ધાર્યું થાય નહીં, કાર્યબોઝમાં વધારો થાય.
કુંભ : મનમાં આનંદ રહે, પ્રસાવ-મુસાફરીના યોગ છે.
મીન : નવિન કાર્યમાં સફળતા મળે, લાભની તક સાંપડે.

### ઉત્તરાખંડે પતંજલિની પાંચ દવા ઉપર પ્રતિબંધ મૂક્યો

# ૩૦ વર્ષની મહેનત ઉપર તંત્રએ પાણી ફેરવી નાખ્યું : બાબા રામદેવ

## પતંજલિ યોગપીઠના આચાર્ય બાલકૃષ્ણએ આયુર્વેદિક દવા ઉપર પ્રતિબંધ મૂકવાને બેજવાબદારીભર્યું કૃત્ય ગણાવ્યું

દેહરાદૂન, તા.૧૭

યોગગુરૂ બાબા રામદેવે પતંજલિના ઉત્પાદોથી બનનારી દિવ્ય ફાર્મસીની દવાઓ પર પ્રતિબંધ લગાવવા મામલે તીખી પ્રક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, ૩૦ વર્ષની સખત મહેનત પર અધિકારીઓએ એક મિનિટમાં પાણી ફેરવી દીધું છે. આયુર્વેદ અધિકારી પર પ્રહાર કરતાં બાબાએ પ્રશ્ન કર્યો કે, તેમની હિંમત કેવી રીતે થઈ? કહ્યું કે, જ્યારે અધિકારીએ માફી માંગી તો અમે તેને માફ કરી દીધો કારણ કે, અમે સંત છીએ. નહીં તો તેમણે મોટું પાપ કર્યું હતું. કહ્યું કે, અમને નિયમો અને ધારાધોરણો પૂરા કર્યા બાદ જ લાઈસન્સ આપવામાં આવ્યું હતું અને આ અંતર્ગત આયુર્વેદિક દવાઓ બનાવવામાં આવી રહી હતી. તેમને પૂછવામાં આવ્યું કે, જો નિયમો અને ધારાધોરણો હેઠળ દવાઓ બનાવવામાં આવતી હોય તો તે અધિકારી તેને કેવી રીતે રોકી શકે. જો જાહેરાતની જ વાત હતી તો પૂછવું જોઈએ. પતંજલિ યોગપીઠના જનરલ સેક્રેટરી આચાર્ય બાલકૃષ્ણએ આયુર્વેદિક દવા પર પ્રતિબંધ મૂકવાને બેજવાબદારીભર્યું કૃત્ય ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, અધિકારીના કૃત્યથી આયુર્વેદ અને આયુર્વેદિક પરંપરાને નુકસાન પહોંચ્યું છે. આ બાબતની સંપૂર્ણ સંજ્ઞાન લઈને અમે સરકાર સમક્ષ અમારી બાજુ રજૂ કરી, અને ઉત્તરાખંડ સરકારે ભૂલ સુધારી. કેરળના એક ડૉક્ટરની ફરિયાદ પર ૯ નવેમ્બરે આયુર્વેદ વિભાગના ડ્રગ કંટ્રોલરે દિવ્યા ફાર્મસીની પાંચ દવાઓના ઉત્પાદન પર પ્રતિબંધ મૂક્યો હતો.

આ સાથે ભ્રામક પ્રચાર અને અન્ય બાબતોમાં પાંચ દવાઓના લેબલ અને ફોર્મ્યુલેશન શીટ મંગાવવામાં આવી હતી. આ દવાઓનો ઉપયોગ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, ગોઈટર, ગ્લુકોમા અને ઉચ્ચ કોલેસ્ટ્રોલની સારવારમાં થાય છે. તેમના નામ છે- બીપીગ્રિટ, મધુગ્રિટ, થાઈરોગ્રિટ, લિપિડોમ અને આઈગ્રિટ ગોલ્ડ.

# કેન્દ્રીય કર્મચારીઓને ઘર બનાવવા સસ્તા દર ઉપર એડવાન્સ આપશે


## વ્યાજદરમાં ઘટાડો, ૪૭ લાખ કર્મચારીને થશે ફાયદો, વધુમાં વધુ ૨૫ લાખ સુધી મળશે એડવાન્સ

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્રીય કર્મચારીઓ માટે સપ્ટેમ્બર બાદ સતત ખુશીઓ આવી રહી છે. હાલમાં કર્મચારીઓને વધુ એક મોટી ખુશખબરી મળી છે. મોદી સરકારે કેન્દ્રીય કર્મચારીઓ માટે મોટી જાહેરાત કરી છે. હવે કર્મચારીઓને પોતાનું ઘર બનાવવા માટે સસ્તા દર પર એડવાન્સ મળી શકે છે. તે માટે સરકારે હાઉસ બિલ્ડિંગ એડવાન્સના વ્યાજદરોમાં ઘટાડો કર્યો છે. હાઉસ બિલ્ડિંગ એડવાન્સ તરીકે મળનાર હોમ લોનના વ્યાજ દરને ૭.૯ટકાથી ઘટાડી ૭.૧ ટકા કરી દેવામાં આવ્યો છે. તેનું ઓફિશિયલ મેમોરેન્ડમ જારી કરવામાં આવી ચુક્યુ છે. સરકારના આ નિર્ણયથી આશરે ૪૭ લાખ કર્મચારીઓને ફાયદો મળી રહ્યો છે. રેટમાં ઘટાડાનો ફાયદો ૩૧ માર્ચ ૨૦૨૩ સુધી લાગૂ રહેશે. આ હેઠળ કર્મચારીને ઘર બનાવવા, ફ્લેટ ખરીદવા કે પછી રીસેલમાં ઘર ખરીદવા માટે અપાતા એડવાન્સના વ્યાજદરમાં ૮૦ બેસિસ પોઈન્ટ એટલે કે ૦.૮ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. હવે કર્મચારીઓ ૩૧ માર્ચ ૨૦૨૩ સુધી આ વ્યાજદર ઉપર એડવાન્સ લઈ શકે છે. આવાસ અને શહેરી મામલાના મંત્રાલયે તેને લઈને સત્તાવાર મેમોરેન્ડર જાહેર કર્યું છે. સરકારના આ નિર્ણય હેઠળ કર્મચારી હવે સસ્તામાં ઘર બનાવી શકે છે. સરકાર તરફથી અપાતી આ ખાસ સ્કીમ હેઠળ કેન્દ્રીય કર્મચારીઓને બે પ્રકાર એટલે કે પોતાના મૂળ વેતન પ્રમાણે ૩૪ મહિના સુધીનું કે વધુમાં વધુ ૨૫ લાખ રૂપિયા સુધી એડવાન્સ લઈ શકે છે. મકાનની કિંમત કે પછી ચુકવવાની ક્ષમતામાંથી જે કર્મચારીઓ માટે ઓછી હોય એટલી રકમ એડવાન્સના રૂપમાં લઈ શકાય છે.

## ૧૧ વર્ષના ટેણિયાનો આઈક્યુ સ્ટીફન-આઈન્સ્ટાઈનથી પણ વધુ

આઈક્યુ સોસાયટી મેન્સા વર્ષોથી વિવિધ નિરીક્ષણો દ્વારા એની ચકાસણી કરતી હોય છે, જેમાં તાજેતરમાં ૧૧ વર્ષના એક બાળકે બધાને મહાત આપીને આશ્ચર્ય સરજ્યું હતું. માત્ર ૧૧ વર્ષનો યુસુફ શાહ ઈંગ્લેન્ડના યોર્કશરના લીડ શહેરમાં વિગ્ટન ખાતે તેનાં માતા-પિતા અને બે ભાઈઓના પરિવાર સાથે રહેછે. યુસુફના સ્કૂલના મિત્રો હંમેશાં તેને સૌથી વધુ સ્માર્ટ અને બુદ્ધિશાળી ગણતા હોવાથી તેણે આઈક્યુ ટેસ્ટ આપી હતી. તેના સ્કોરને કારણે તેને સૌથી ટોપ પર્સેન્ટાઇલ ધરાવતા ગ્રુપમાં સ્થાન મળ્યું છે. યુસુફ શાહે આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને સ્ટીફન હોકિંગ જેવા પ્રતિભાશાળીઓને હરાવવા માટે મેન્સા ટેસ્ટમાં સૌથી વધુ શક્ય સ્કોર હાંસલ કર્યો હતો. સ્ટીફન



હોકિંગે ૧૬૦નો સ્કોર કર્યો હોવાનું મનાય છે, જ્યારે આલ્બર્ટ આઈન્સ્ટાઈને સત્તાવાર રીતે ક્યારેય ટેસ્ટ આપી ન હોવા છતાં નિષ્ણાતોનું માનવું છે કે તેણે હોકિંગ જેટલો જ સ્કોર કર્યો હોવો જોઈએ. યુસુફે ૧૬૨નો સ્કોર બનાવ્યો હતો, જે અન્ડર-૧૮ માટે મહત્તમ સ્કોર ગણાવી શકાય. મોટો થઈને યુસુફ કેમ્બ્રિજ અથવા ઓક્સફર્ડમાં ગણિતમાં વધુ અભ્યાસ કરવા માગે છે.

# બિનસાંપ્રદાયિકતા, બંધારણ, લોકશાહીને બચાવવા શું આ વખતે મતદારો મુસ્લિમ ઉમેદવારોની તરફેણમાં સંગઠિત થઈ સમજદારીપૂર્વક મતદાન કરશે કે પોતાનો મત વેડફી નાંખશે ?

**ભાજપમાંથી શૂન્ય, આપમાંથી સમ ખાવા પૂરતા જ્યારે કોંગ્રેસે અબડાસા, દરિયાપુર, જમાલપુર-ખાડિયા, વાંકાનેર, સુરત પૂર્વ અને વાગરાથી છ મુસ્લિમ ઉમેદવારોને તક આપી છે, આ તકને અવસરમાં ફેરવી શું મતદારો આ તમામ મુસ્લિમ ઉમેદવારોને ચૂંટી વિધાનસભામાં મોકલી ભારતના મજબૂત ભાઈચારા અને કોમી એકતા, લોકશાહી, બંધારણને ટકાવી રાખવામાં પોતાનું યોગદાન આપશે કે કોઈ ચાલમાં ફસાઈ પોતાના મતની કિંમત 'ઝીરો' કરી નાંખશે ?**

**આપણો દેશ વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે, જ્યાં બંધારણે તમામ ધર્મો, સમુદાયોને સમાન તકો આપેલી છે, જો કે, ચૂંટણીમાં ભારતના સૌથી મોટા લઘુમતી સમુદાયનું રાજકીય વલણ જાણવામાં સૌ કોઈને રસ રહે છે, તેમના મતદાનની 'પેટર્ન' ઉપર પણ વિશેષ અવલોકન કરવામાં આવે છે, એટલે કે પ્રબુદ્ધ નાગરિકો અને સામાજિક સંગઠનો મુસ્લિમોના મતની કિંમત સારી રીતે સમજે છે, ત્યારે મુસ્લિમો સમજદારીપૂર્વક અને સંગઠિત થઈ પોતાના મતની તાકાત બતાવે**

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં બે તબક્કામાં યોજાનારી ચૂંટણી માટેનો થનગનાટ જોવા મળી રહ્યો છે. પહેલી ડિસેમ્બરે પ્રથમ અને પાંચમી ડિસેમ્બરે બીજા તબક્કાનું મતદાન યોજાશે. લોકશાહીનાઆ પર્વમાં મતદારો કેન્દ્ર સ્થાને છે. મતદારોને પોતાના મત થકી આ પર્વને અવસરમાં બદલવાની તક મળે છે, જેથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ વિધાનસભામાં જઈ જે તે સમાજના પ્રશ્નોને અસરકારક રીતે ઉઠાવી શકે. જો દેશના ચૂંટણી ઈતિહાસ ઉપર નજર નાંખવામાં આવે તો એવા ઘણા બધા દાખલા મળી જશે. જયાં કેટલાક સમુદાય દ્વારા પોતાના જાતિબંધુઓ વચ્ચે સંગઠિત થઈ મતદાન કરવા માટે રિતસર ઝુંબેશ ચલાવવામાં આવે છે. જે લોકશાહીમાં આવકારદાયક છે આવું એટલા માટે કરવામાં આવે છે કે, જેથી તેમના સમુદાયના મતની કિંમત શૂન્ય ન થાય અને સંગઠિત થઈ મતદાન કરવાથી તેમના પ્રતિનિધિઓ ગૃહમાં જઈ સમાજના પ્રશ્નોને યોગ્ય રીતે વાચા આપી શકે અને દેશના વિકાસમાં સહભાગી થઈ શકે. ત્યારે મુસ્લિમ મતદારોએ પણ આ ચૂંટણી ઈતિહાસ ઉપરથી ઘણું શીખવા જેવું છે, એવું સામાજિક સંગઠનો, બુદ્ધિજીવીઓ, પ્રબુદ્ધ નાગરિકોનું માનવું છે. કેમ કે અન્ય સમુદાય કરતાં મુસ્લિમ સમાજના પ્રશ્નોની હારમાળા સર્જાયેલી છે. વસ્તી મામલે દેશમાં હિન્દુઓ બાદ મુસ્લિમો બીજા નંબર ઉપર આવે છે. ત્યારે મુસ્લિમોના પ્રશ્નોને ઉકેલ્યા વિના મજબૂત ભારતનું નિર્માણ શકય નથી. આવી સ્થિતિમાં મુસ્લિમ મતદારો માટે પણ જરૂરી બની જાય છે કે, તેઓ પોતાના મતને સંગઠિત બનાવે. સમજીવિચારીનો કોઈપણ ચાલમાં ફસાયા વિના મતદાન કરે. સામાજિક સંગઠનો અને બુદ્ધિજીવીઓનું માનવું છે કે, જો મુસ્લિમ સમાજ અન્ય સમાજની જેમ સંગઠિત થઈ મતદાન નહીં કરે તો તેમના મતો વેડફાઈ શકે છે. તેમના મતની કિંમત શૂન્ય થઈ શકે છે. જો ગૃહમાં મુસ્લિમ સમાજના પ્રશ્નો ઉઠાવનારા યોગ્યપ્રતિનિધિઓ નહીં હોયતો દેશનો સૌથી મોટો લઘુમતી સમાજ હાંસિયામાં ધકેલાયેલો જ રહેશે. એક ઉજવળ ભવિષ્યઅને મજબૂત ગુજરાત, ભારત માટે મુસ્લિમોએ એક થઈ સમજદારીપૂર્વકનું મતદાન કરવું જોઈએ. કેમકે ગુજરાતમાં એવી ઘણી બેઠકો છે જ્યાં મુસ્લિમ મતો નિર્ણાયક છે. જો તેમના મતોનું વિભાજન થશે તો માઠા ચૂંટણી પરિણામો આવવાનું જોખમ રહેલું છે. જે સમાજના હિતમાં પણ નથી. મુસ્લિમો ઉપરાંત સવર્ણ જાતિના ગરીબો, ઓબીસી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ વગેરે સમુદાયના લોકોએ પણ મતદાન સમયે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે કયો પક્ષ સક્ષમ છે, તેમની તરફેણમાં સમજી વિચારીને મતદાન કરવું જોઈએ. જેથી કોમવાદી પરિબળો અને દેશમાં નફરતફેલાવતા તત્ત્વોનેજાકારો આપી શકાય. જે તે પક્ષની કાર્યક્ષમતા કે તેમની કાર્યશૈલીને ધ્યાનમાં રાખીને પોતાનો મત આપવો જોઈએ, એવું સામાજિક સંગઠનો અને બુદ્ધિજીવીઓનું માનવું છે. રાજકીય શકિતનો પ્રબળબનાવવા શાણપણપૂર્વકનું મતદાન જરૂરી છે. આવા સમયે સામાજિક આગેવાનોએ પણ સમાજને યોગ્ય માર્ગદર્શન આપવુંજોઈએ. બિનસાંપ્રદાયિક મતોનું વિભાજન ન થાય તેમાં જ દેશ, લોકશાહી અને બંધારણની જીત છે. જો મુસ્લિમ ઉમેદવારોની વાત કરવામાં આવે તો ભાજપમાં શૂન્ય, આપમાંથી સમ ખાવા પૂરતા અને કોંગ્રેસમાંથી છ મુસ્લિમ ઉમેદવારોને ઊભા રાખવામાં આવ્યા છે. કોંગ્રેસે આ વખતે અબડાસાથી મામદ જુગ જત, સુરત પૂર્વથી અસલમ સાયકલવાળા, વાગરાથી સુલેમાન પટેલ તેમજ દરિયાપુર, વાંકાનેર, જમાલપુર-ખાડિયાના ધારાસભ્યો ગ્યાસુદીન શેખ, મોહમ્મદ જાવેદ પીરઝાદા અને ઈમરાન ખેડાવાલાને રિપીટ કર્યા છે. જ્યારે વડગામથી મજબૂત દલિત નેતા જિગ્નેશ મેવાણીને ટિકિટ આપી છે, જેથી હાંસિયામાં ધકેલાયેલા સમુદાયનું સામાજિક ઉત્થાન થઈ શકે. હવે મતદારોએ લોકશાહીના આ પર્વનો અવસરમાં બદલી સંગઠિત થઈ શાણપણપૂર્વકનું મતદાન કરવું જોઈએ. તેમના મતોનું વિભાજન ન થાય તેની ખાસ તકેદારી રાખવી જોઈએ, જેથી તેમના સામાજિક પ્રશ્નોને વાંચા મળી શકે, તેમનો સામાજિક વિકાસ થઈ શકે અને દેશને મજબૂત બનાવવામાં તેમના મતની કિંમત થકી તેમનું યોગદાન મળી રહે.

# પી. ચિદમ્બરમે જયરામ રમેશને EWS ક્વોટા ઉપર કોંગ્રેસનું વલણ બદલવા સલાહ આપી

નવી દિલ્હી તા.૧૭

સર્વોચ્ચ અદાલતે, ૭ નવેમ્બરના રોજ સામાન્ય વર્ગમાં આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે સરકારી નોકરીઓ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૦ ટકા અનામત લાગુ કરવાના નરેન્દ્ર મોદી સરકારના નિર્ણયની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું, ત્યારે કોંગ્રેસે શરૂઆતમાં તેનું સ્વાગત કર્યું હતું. પાર્ટીએ સામાન્યવર્ગના લોકોમાંગરીબો માટેના આરક્ષણના અમલીકરણનો શ્રેય લેવાનો પણ દાવો કર્યોહતો. આર્થિક સ્થિતિના આધારે ૧૦ ટકા ક્વોટામાં અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST)અને અન્ય પછાત વર્ગ (OBC)ને બાકાત રાખવામાં આવ્યા છે, જેમની પાસે સરકારી નોકરીઓ અનેઉચ્ચ શિક્ષણમાં તેમના માટે પહેલેથી જ ૪૯.૫ ટકા બેઠકો અનામત છે.

રાજ્યસભાના સભ્ય અને કોમ્યુનિકેશનના પ્રભારી કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યુંહતું કે, આ સુધારો મનમોહનસિંહની આગેવાની હેઠળની યુપીએ (યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ) સરકાર દ્વારા ૨૦૦૫-૦૬માં શરૂ કરવામાં આવેલી પ્રક્રિયાનું પરિણામ છે. સરકારે સામાન્ય વર્ગના લોકોમાં આર્થિક પછાતતાનો અભ્યાસ કરવા ત્રણ સભ્યોનું કમિશન નિયુક્ત કર્યું હતું. આયોગે જુલાઈ ૨૦૧૦માં તેનો અહેવાલ સુપરત કર્યોહતો. ત્યારબાદ વ્યાપક પરામર્શ કરવામાં આવ્યો હતો અને ૨૦૧૪ સુધીમાં બિલ તૈયાર થઈ ગયું હતું. આ બિલને લાગુ કરવામાં મોદી સરકારને પાંચ વર્ષ લાગ્યા છે.

રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગેહલોતે પણ આ ચુકાદાને સમર્થન આપતા કહ્યું હતું કે, આનાથી ગરીબોને ન્યાય મેળવવામાં મદદ મળશે. અમારી ભાવના એવી હોવી જોઈએ કે ગરીબ લોકો ભલે તે કોઈપણ સમુદાયના હોય, તેમને ન્યાય મળે. કોંગ્રેસ અને મોદી સરકારે ૧૦ટકા EWS ક્વોટા આપવા માટેના કાયદાના આધાર તરીકે કમિશનના અહેવાલને ટાંક્યો છે, ત્યારે કમિશને ક્યારેય EWS માટે અનામતની સ્પષ્ટ ભલામણ કરી નથી. તેણે માત્ર એ વાત ઉપર ભાર મૂક્યો હતો કે EWS પાસે તમામ કલ્યાણ યોજનાઓ સુધી પહોંચ છે. રસપ્રદ વાત એ છે કે, ૨૦૦૯ અને ૨૦૧૪ની લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસના મેનિફેસ્ટોમાં EWS માટેના ક્વોટા અંગે અલગ વલણ અપનાવવામાં આવ્યું હતું. વર્તમાન જોગવાઈથી વિપરીત કોંગ્રેસે એસસી, એસટી અને ઓબીસી માટેના હાલના અનામતને અસર કર્યા વિના, તમામ સમુદાયોના EWS માટે અનામતનું વચન આપ્યું હતું.

તમિલનાડુના મુખ્યમંત્રી અને ડીએમકેના વડા એમ.કે. સ્ટાલિને ચેન્નાઈમાં કોંગ્રેસનો સમાવેશ કરતી સર્વપક્ષીય બેઠકની અધ્યક્ષતા કરતી વખતે EWS માટે ૧૦ ટકા ક્વોટા પૂરા પાડતા ૧૦૩મા બંધારણીય સુધારાનો અસ્વીકાર કર્યો હતો. કોંગ્રેસ તમિલનાડુમાં ડીએમકેની આગેવાની હેઠળના શાસક ગઠબંધનનો ઘટક છે. ડીએમકે સામાન્ય શ્રેણીઓમાં EWS માટે ક્વોટાનો વિરોધ કરી રહ્યું છે. રાષ્ટ્રીય જનતા દળ (RJD)એ EWS ક્વોટાના સમાવેશ માટે બંધારણમાં સુધારો કરવાના સંસદમાં વિરોધમાં મતદાન કર્યું હતું. SCના આ ચુકાદા બાદ પક્ષે વિવિધ પેટા-જાતિઓમાં આર્થિક વંચિતતાના સ્તરનું મૂલ્યાંકન કરવા માટે જાતિની વસ્તી ગણતરીની માંગ કરી છે. આરજેડી સાંસદ મનોજ ઝાએ કહ્યું છે કે, સરકાર વિવિધ જૂથોના આર્થિક ગેરફાયદા ઉપર વૈજ્ઞાનિક ડેટા એકત્રિત કરે તે પછી જ EWS ક્વોટાનો અમલ થવો જોઈએ. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે પણ આ વાતનો પુનરોચ્ચાર કર્યો છે. નીતિશનું જનતા દળ (યુનાઈટેડ), આરજેડી અને કોંગ્રેસ બિહાર સરકારમાં ભાગીદાર છે. નીતિશે કુલ અનુમતિપાત્ર ક્વોટા પરની ૫૦ ટકાની મર્યાદા તેમજ દેશવ્યાપી જાતિ સર્વેક્ષણની પણ માંગ કરી છે. જેડી(યુ) અને આરજેડી પહેલાથી જ અન્ય પક્ષો સાથે આવી જાતિ વસ્તી ગણતરીની માંગણી સાથે સંયુક્ત આંદોલન માટે વાતચીત કરી રહ્યા છે.

આ સાથી પક્ષો ઉપરાંત, દક્ષિણના રાજયો ખાસ કરીને તમિલનાડુના કોંગ્રેસના નેતાઓએ પણ EWS ક્વોટાને જાળવી રાખતા કોર્ટના નિર્ણયને આવકારવા માટે પાર્ટીમાં અસંતોષ વ્યકત કર્યો છે. ભારતના તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ દ્વારા આપવામાં આવેલા લઘુમતી ચુકાદાનો ઉલ્લેખ કરતા યુ.યુ. લલિત અને ન્યાયાધીશ એસ. રવિન્દ્ર ભટ, કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય નાણાપ્રધાન પી. ચિદમ્બરમે ટ્વિટ કર્યું કે, બે માનનીય ન્યાયાધીશોની અસંમતિ એ સત્યને રેખાંકિત કરે છે કે, ભારતીય બંધારણનું મૂળભૂત માળખું બાકાત રાખવાની મંજૂરી આપતું નથી. તમામ જાતિઓ અને સમુદાયોમાં ગરીબો છે. મૂળ પ્રશ્ન એ છે કે, શું બંધારણ હેઠળ ગરીબો સાથે સમાન વ્યવહાર કરવામાં આવશે ? તેમના પુત્ર કાર્તિ ચિદમ્બરમે પણ આ પગલાનો વિરોધ કરતા કહ્યું કે જો 'આર્થિક' માપદંડ લાગુ કરવામાં આવે તો તે 'જાતિ' ઉપર આધારિત લોકોને બાકાત કરી શકશે નહીં. રાજ્યના અન્ય એક લોકસભા સાંસદ, એસ. જોથિમાની પણ માત્ર સામાન્ય કેટેગરી માટે EWS ક્વોટાની વિરૂદ્ધ છે.

આ ઘટનાક્રમો વચ્ચે કોંગ્રેસને સામાન્ય શ્રેણીઓ માટે ઈડબ્લ્યુએસ ક્વોટા પરના તેના સ્ટેન્ડ ઉપર ફરીથી વિચાર કરવાની ફરજ પડી છે. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ચિદમ્બરમને EWS ક્વોટાની સામાજિક અને રાજકીય અસરનો અભ્યાસ કરવા સૂચના આપી છે જ્યારે વરિષ્ઠ વકીલ અને રાજયસભાના સભ્ય અભિષેક સિંઘવી ચુકાદાના કાયદાકીય મુદ્દાઓની તપાસ કરશે. એકવાર આંતરિક સમીક્ષા પૂર્ણ થઈ જાય પછી પક્ષ SC ચુકાદાની ન્યાયિક સમીક્ષા લેવી કે નહીં તે અંગે નિર્ણય લેશે.

જયરામ રમેશે ૧૧ નવેમ્બરે EWS ક્વોટા ઉપર કોંગ્રેસના વલણમાં ફેરફારનો સંકેત આપ્યો હતો. તેમણે દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે, પાર્ટી આ ચુકાદા ઉપર વિચાર કરી રહી છે. કોંગ્રેસે હંમેશા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ માટે હાલના આરક્ષણને કોઈપણ રીતે ખલેલ પહોંચાડ્યા વિના, તમામ સમુદાયોના આર્થિક રીતે નબળા વર્ગો માટે આરક્ષણને સમર્થન આપ્યું છે. પક્ષ દ્વારા આ નવી સ્થિતિનું ચિદમ્બરમ્ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, હું AICCના નિવેદનને આવકારૂં છું કે, પાર્ટી આર્થિક રીતે નબળા વર્ગો માટે આરક્ષણ ઉપર SCના ચુકાદાની સમીક્ષા કરશે. નવી અનામતમાંથી SC, ST અને OBCને બાકાત રાખવાથી લોકોમાં ચિંતા છે. કારણ એ છે કે, કમિશનના અહેવાલ મુજબ, SC, ST અને OBC ગરીબી રેખાનીચેની વસ્તીના ૮૨ ટકા છે. શું કાયદો ૮૨ ટકા ગરીબોને બાકાત રાખી શકે? આ પ્રશ્નની નિરપેક્ષપણે તપાસ થવી જોઈએ.

# વર્ષ ૨૦૨૧- ૨૨માં અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૯ ટકાનો વધારો થયો

ન્યુયોર્ક તા.૧૭

ઉચ્ચ શિક્ષણ માટે યુનાઈટેડ સ્ટેટ્સને પસંદ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લા એક દાયકામાં બમણી કરતાં પણ વધુ થઈ છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની કુલ સંખ્યામાં દેશનો હિસ્સો ૧૧.૮ ટકાથી વધીને ૨૧ ટકા થઈ ગયો છે. આ રિપોર્ટ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો છે. ચીનની સરખામણીમાં આ સંખ્યાઓ વધુ મહત્ત્વ ધરાવે છે, જે યુ.એસ.માં ૩૧ ટકાના હિસ્સા સાથે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના સૌથી મોટા સમૂહ ભારતના વિદ્યાર્થીઓનો છે. યુ.એસ. જતા ભારતીય વિદ્યાર્થીઓનો વૃદ્ધિ દર ૨૦૨૨-૨૩માં ચીનને પણ વટાવી જવાની સંભાવના છે, આ વર્ષે જૂન અને ઓગસ્ટ વચ્ચે ૮૨,૦૦૦ વિઝા જારી કરવામાં આવ્યા હતા જે તમામ દેશોમાં સૌથી વધુ સંખ્યા છે. ૨૦૨૧-૨૨માં આ અનુરૂપ સમયગાળામાં ૬૨,૦૦૦ વિદ્યાર્થી વિઝા જારી કરવામાં આવ્યાહતા. એકંદરે, યુ.એસ.માં ઉચ્ચ શિક્ષણ મેળવતા આંતરરાષ્ટ્રીયવિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૨૦૨૦-૨૧માં ૯.૧૪ લાખથી વધીને ૨૦૨૧-૨૨માં ૯.૪૮ લાખ થઈ ગઈ છે. આ વધારો માત્ર ભારતીયો પૂરતો મર્યાદિત નથી. આંકડાઓ દર્શાવે છે કે ઉચ્ચ શિક્ષણના વિકલ્પો શોધી રહેલા વિદ્યાર્થીઓ માટે



યુએસ ટોચનું સ્થળ છે અને તે એ પણ દર્શાવે છે કે આ દેશમાં ભવિષ્યની તકો પ્રદાન કરવામાં આવે છે. ૨૦૨૧-૨૨માં, યુનાઈટેડ સ્ટેટ્સમાં તમામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ચીન અને ભારતનો સંયુક્ત રીતે ૫૨ ટકા હિસ્સો હતો. ઓપન ડોર્સ રિપોર્ટ યુનાઈટેડ સ્ટેટ્સમાં આંતરરાષ્ટ્રીય વિનિમય પ્રવૃત્તિનું સર્વેક્ષણ છે, તે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ દ્વારા પ્રાયોજિત છે અને બિન-લાભકારી સંસ્થા ઈન્ટરનેશનલ એજયુકેશન (IIE)દ્વારા અમલમાં મૂકવામાં આવે છે. આ સંપૂર્ણ સંખ્યામાં, ૧,૯૯,૧૮૨ વિદ્યાર્થીઓ તેમના મૂળ સ્થાન તરીકે ભારત સાથે ૨૦૨૧-૨૨માં યુએસમાં ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા હતા, જે ૨૦૨૦-૨૧માં ૧,૬૭,૫૮૨ હતા, અને ૨૦૧૨-૧૩માં યુએસમાં ઉચ્ચ શિક્ષણમાં ૯૬,૬૫૪ ભારતીય વિદ્યાર્થીઓ હતા. આ આંકડા દર્શાવે છે કે ભારતે રોગચાળા (૨૦૧૯-૨૦) પહેલાના વર્ષમાં, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ તેમજ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ વચ્ચે સતત બે વર્ષ માટે, યુએસ યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં અનુક્રમે ૪.૪ ટકા અને ૧૩.૨ ટકાનો ઘટાડો થયો હતો. યુ.એસ.માં ઉચ્ચ શિક્ષણ મેળવતા ચાઈનીઝ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૨૦-૨૧માં ૩,૧૭,૨૯૯થી ઘટીને ૨૦૨૧-૨૨માં ૨,૯૦,૦૮૬ થઈ ગઈ. ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ની વચ્ચે તે અનુક્રમે ૧૪.૮ ટકા ઘટી હતી. એક દાયકા પહેલા, યુએસમાં ૨,૩૫,૫૯૭ ચાઈનીઝ ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ હતા. વિદ્યાર્થીઓનું કોર્સ મુજબનું વિભાજન ઉપલબ્ધ ન હતું, ત્યારે મોટાભાગના ભારતીય વિદ્યાર્થીઓએ ગણિત અને કમ્પ્યુટર સાયન્સ, એન્જિનિયરિંગ અને બિઝનેસ અને મેનેજમેન્ટને પસંદ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટમાં જારી કરાયેલા યુકેના તાજેતરના ઈમિગ્રેશન આંકડા અનુસાર, યુનાઈટેડ કિંગડમ દ્વારા જારી કરાયેલા અભ્યાસ વિઝામાં ભારત હવે ચીનને પાછળ છોડીને સૌથી વધુ હિસ્સો ધરાવે છે. જૂન ૨૦૨૨માં પૂરા થયેલા વર્ષમાં, યુકેએ ૪,૮૬,૮૬૮ સ્પોન્સર્ડ સ્ટડી વિઝા જારી કર્યા હતા, જેમાંથી ભારતીય નાગરિકોનો હિસ્સો ૧,૧૭,૯૬૫ હતો જે પાછલા વર્ષ કરતાં ૮૯ ટકાનો વધારો છે. આ દરમ્યાન ચીનના નાગરિકોને ૧,૧૫,૦૫૬ અભ્યાસ વિઝા આપવામાં આવ્યા હતા.

# કેન્દ્ર સરકારે આપી મોટી રાહત : ટીબી અને ડાયાબિટીસ સહિતની આટલી દવાઓ હવેથી સસ્તા ભાવે મળશે

નવી દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકારે ટીબી, એચઆઈવી, હેપેટાઈટિસ બી, ડાયાબિટીઝ જેવી ગંભીર બિમારીઓ સામે ઝઝૂમી રહેલા લોકોને રાહત આપતા રાષ્ટ્રીય આવશ્યક ઔષધી સૂચિ (એનએલઈએમ) લાગૂ કરી દીધી છે. તેનાથી કેટલીય બિમારીઓની દવા સસ્તી થઈ જશે. તેમાં પેટેંટ દવાઓ પણ સામેલ છે. લગભગ સાત વર્ષ બાદ અપડેટ આ સૂચી ૧૩ સપ્ટેમ્બરે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરી હતી. તેને ૩૫૦થી વધારે નિષ્ણાંતોએ બનાવી અને કુલ ૩૮૪ દવાઓ સામેલ કરી છે. તેમાં ૪ એન્ટી કેંસર સહિત ૩૪નવી દવાઓ છે. ૨૬ દવાઓ હટાવામાં આવી છે. ૨૦૧૫ની યાદીમાં ૩૭૬ દવા હતી. આ દવાઓ રાષ્ટ્રીય ઔષધી મૂલ્ય નિર્ધારણ પ્રાધિકરણ તરફથી નક્કી ભાવથી વધારે કિંમતે વેચી શકાયનહીં. ફક્ત ઈમરજન્સીની મંજૂરીમાં કોવિડની દવાઓ અને રસી આ યાદીમાં સામેલ નથી કર્યા. યાદીમાંથી બહાર રાખેલી દવામાં રેનિટિડીન, બ્લીચિંગ પાઉડર, વિટામિન સપ્લીમેંટ નિકોટિનામાઈડ સામેલ છે. એન્ટી-ડાયાબિટિક દવાઓ જેમ કે ટેનેલિગ્લિપ્ટિન, ઈંસુલિન ગ્લેરગીન ઈંજેક્શન, એન્ટીબાયોટિક્સ જેમ કે મેરોપેનમ, સેફુરોક્સિમ, સામાન્ય દુખાવા માટે અન્ય

**સાત વર્ષ બાદ અપડેટ આ સૂચિ ૧૩ સપ્ટેમ્બરે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાઈ હતી, તેને ૩૫૦થી વધારે નિષ્ણાંતોએ બનાવી અને કુલ ૩૮૪ દવાઓ સામેલ કરી છે**

દવાઓ જેમ કે મોર્ફિન, આઈબ્રુફિન, ડાઈક્લોફિનેક, પૈરાસિટામોલ, ટ્રામાડોલ, પ્રિડનાઈઝોલોન, સર્પ વિષની દવાઓ, કાર્બામાઝેપાઈન, એલ્બેડાઝોલ, આઈવરમેક્ટિન, સિટ્રિજીન,એમોક્સિલિન, એન્ટી ટીબી દવા બેડાક્વિલિન અને ડેલામાનિડ, એન્ટી એચઆઈવી ડોલુટેગ્રાવિર, એન્ટી હેપેટાઈટિસ સી ડાક્લાટ્સવિર જેવી પેંટેંટ દવાઓ, નશાની આદત છોડાવનારી દવાઓ જેવી કે બુપ્રેનોરફિન, નિકોટીન રિપ્લેસમેંટ થેરેપી, હૃદય રોગ તથા સ્ટ્રોકમાં કામ કરનારી ડાબિગાટ્રાન અને ઈંજેક્શન ટેનેકટે પ્લેસ, ભારતમાં જ વિકસિત રોટાવાયરસની દવા આ યાદીમાં આ દવાઓ સામેલ કરી છે.

# ઓકટોબરમાં WPI ફુગાવાનો દર ઘટીને ૧૯ મહિનાની નીચલી સપાટીએ ૮.૩૯ ટકા ઉપર પહોંચ્યા

નવી દિલ્હી તા.૧૭

ઓકટોબર મહિનામાં જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવાનો દર ઘટીને ૮.૩૯% થતાં મોંઘવારીમાં થોડી રાહત થઈ છે. સતત ૧૮ મહિના દ્વીઅંકી રહ્યા બાદ ઓકટોબરમાં ડબ્લ્યૂપીઆઈ ફુગાવાનો દરમાં ઘટાડો નોંધાયો છે. સપ્ટેમ્બરમાં ફુગાવાનો દર ૧૦ ટકા હતો જ્યારે એક વર્ષ અગાઉના સમાનગાળામાં તે ૧૩.૮૩ ટકા હોવાનું વાણિજય મંત્રાલય દ્વારા તાજેતરમાં જારી કરવામાં આવેલા પ્રોવિઝનલ ડેટામાં જણાવાયું હતું. ઓકટોબરમાં મુખ્યત્વે મિનરલ ઓઈલ્સ, બેસિક મેટલ્સ, મશીનરી અને ઈક્વિપમેન્ટ સિવાયની ફેબ્રિકેટેડ મેટલ પ્રોડક્ટ્સ, ટેક્સટાઈલ્સ, અન્ય નોન મેટાલિક મિનરલ પ્રોડક્ટ્સ વગેરેના ભાવમાં ઘટાડાને કારણે ફુગાવાના વાર્ષિક દરમાં ઘટાડો નોંધાયો હતો, તેમ વાણિજય મંત્રાલયે તેની યાદીમાં જણાવ્યું હતું. પ્રાથમિક ચીજવસ્તુઓનો ફુગાવાનો દર વધીને ૧૧.૦૪ ટકા રહ્યો હતો જે એક વર્ષ અગાઉના સમાનગાળામાં ૭.૩૮ ટકા હતો. ખાદ્ય પદાર્થોના ભાવમાં ૮.૩૩ ટકાનો વધારો જોવા મળ્યો હતો જે, ઓકટોબર ૨૦૨૧માં ૦.૦૬ ટકા હતો. ઓકટોબરમાં શાકભાજીના ભાવમાં ૧૭.૬૧% ટકાની વૃદ્ધિ જોવા મળી હતી જે એક વર્ષ અગાઉના સમાનગાળા દરમ્યાન ૧૭.૪૫ ટકા હતી. ક્રૂડ પેટ્રોલિયમ અને નેચરલ ગેસનો હોલસેલ ફુગાવો અગાઉના વર્ષના સમાનગાળામાં ૮૬.૩૬ ટકા હતો તે ઓકટોબર, ૨૦૨૨માં ઘટીને ૪૩.૫૭ ટકા થયો હતો. ઓકટોબરમાં મેન્યુફેકચરિંગ પ્રોડક્ટ્સનો મોંઘવારીનો દર અગાઉના વર્ષના સમાનગાળાના ૧૨.૮૭ ટકાથી ઘટીને ૪.૪૨ ટકા થયો હતો. ફ્યુઅલ અને પાવર ઈન્ફ્લેશન પણ સૂચિતગાળામાં ૩૮.૬૧ ટકાથી ઘટીને ૨૩.૧૭ ટકા નોંધાયો હતો, આમ સતત ૧૮ મહિના દ્વીઅંકી રહ્યા બાદ હવે જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવો એકાંકી થયો છે, આમ મોંઘવારીમાં ઘટાડો થયો છે.

# માંગરોળ તાલુકાના માનખેત્રા ગામેથી હાથ બનાવટના તમંચા સાથે એકની ધરપકડ



(ક્રાઈમરીપોર્ટર)

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિતેજા વાસમશેટ્ટીના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ઉપર અંકુશલાવવા અને ગેરકાયદેસર હથિયારો શોધી કાઢવા તેમજ શરીર સંબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના કરેલ હોય તેમજ આગામી સમયમાં ગુજરાત રાજય વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૨૨ અન્વયે પીઆઈ જે.એચ. સિંધવની સુચના મુજબ જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા અને આવી પ્રવૃત્તિ કરતા ઈસમોને પકડી પાડવા માટે જૂનાગઢ જીલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કેશોદ માંગરોળ બાયપાસ ચોકડીએ આવતા પોલીસ સબ ઈન્સ્પેકટર જે.જે. ગઢવી તથા પો.કો. સાહિલભાઈ સમાને સંયુકત ખાનગી રાહે ચોકકસ બાતમી મળેલ હતી કે માંગરોળ તાબેના માનખેત્રા ગામના બસ સ્ટેશન નજીક એક ઈસમ જેણે બ્લુ કલરનું ટી-શર્ટ તથા આછા બ્લુ કલર જેવું જીન્સ પહેરેલ છે જેના આધારે ઉપરોકત સ્થળે તપાસ કરતા ઈસમ ત્યાં ઉભો હોય તેની અંગજડતી લેતા દેશી હાથ બનાવટની કટ્ટો (તમંચો) નંગ એક કિંમત રૂા.૫૦૦૦/- મળી આવતા આ ઈસમને તમંચા બાબતે પુછતા પોતે મધ્યપ્રદેશ રાજયના ભીડ ખાતેથી અલ્કેશ ઠાકુર રહે.ભીંડવાળા પાસેથી સાતેક મહિના પહેલા રૂા.૭૦૦૦/-માં લીધેલ હોવાનું જણાવતા આરોપીની અટક કરી હથિયાર ધારાની કલમ ૨૫(૧) બી, એ, ૨૯ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબ માંગરોળ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરીમાં જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.એચ. સિંધવ, પીએસઆઈ જે.જે. ગઢવી, હે.કો. યશપાલસિંહ જાડેજા, પો.કો. સાહિલભાઈ સમા તથા ભરતભાઈ સોલંકી વિગેરે જોડાયા હતા.

# જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર રચિત રાજે ચૂંટણીલક્ષી કામગીરીની પ્રગતિનો ચિતાર રજૂ કર્યો

## જૂનાગઢ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકોના જનરલ, ખર્ચ અને પોલીસ ઓબ્ઝર્વર દ્વારા ચૂંટણીલક્ષી કામગીરીની સમીક્ષા કરાઈ



જૂનાગઢ તા.૧૭

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર રચિત રાજે જનરલ ઓબ્ઝર્વર સી. સુદર્શન રેડ્ડી, આશિષકુમાર અને બુદ્ધેશકુમાર વૈદ્ય, ખર્ચ ઓબ્ઝર્વર પિયુષ ભારદ્વાજ તથા રવિકાંત અને પોલીસ ઓબ્ઝર્વર સૌમ્યા સાંબાસિવન સમક્ષ જૂનાગઢ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપરની સમગ્ર ચૂંટણીલક્ષી કામગીરીની પ્રગતિનો ચિતાર રજૂ કર્યો હતો. ઉપરાંત ચૂંટણી સંબંધી કામગીરીમાં રોકાયેલા ૧૮ જેટલા નોડલ ઓફિસરોએ પણ આ સંદર્ભે વિગતો રજૂ કરી હતી. તેના અંતે સંબંધિત ઉકત નિરીક્ષકએ દિશા સૂચક માર્ગદર્શન આપ્યું હતું

કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં સ્ટાફ ડેટાબેઝ, ઈવીએમ મુવમેન્ટ, એફ.એલ.સી, તાલીમ, રેન્ડેમાઈઝેશન, ચૂંટણી લગત સ્ટેશનરી, ઉપરાંત ખર્ચની દેખરેખ અને કાયદો વ્યવસ્થાની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલ નવી પહેલરૂપ એવા હેલ્થ બુથ અને એનિમલ હેલ્થ બુથ ઉપરાંત પીડબલ્યુડી, સખી અને ઈકો ફ્રેન્ડલી બુથ વિષે પણ નિરીક્ષકોને અવગત કરાવવામાં આવ્યા હતા. સાથે જ મહત્તમ મતદાન માટે બુથ લેવલ અવેરનેસ ગ્રુપ દ્વારા મતદારોને મતદાન માટે પ્રેરિત કરવા ચાલતા મતદાતા જાગૃતિ અભિયાનની જાણકારી આપવામાં આવી હતી.

સંવેદનશીલ મતદાન મથકોના વેબ કાસ્ટીંગ પદ્ધતિ તેમજ એમસીસી માર્ગદર્શિકા સુનિશ્ચિત કરવા માટેના અલગથી કરાતા પ્રયાસો વિષે પણ ટૂંકમાં માહિતી આપવામાં આવી હતી. સાથે જ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે થયેલ બેઠક સહિત વિવિધ આયોજન અંગે પણ અવગત કરાવવામાં આવ્યા હતા.

ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને ઉમેદવાર દ્વારા કરાતા ચૂંટણી ખર્ચના હિસાબની જાળવણી કરવામાં આવી રહી છે. ઉપરાંત અન્ય ખર્ચ બાબતો ઉપર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે આ માટે સ્ટેટિક સર્વેલેન્સ સ્કોડ અને આવકવેરા વિભાગ સહિતની ટીમો દ્વારા સતત દેખરેખ અને કામગીરી કરવામાં આવી રહી છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખે ઉમેદવારોના ખર્ચ ઉપર દેખરેખ રાખવા અંગે કરાયેલા આયોજન તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીએ કાયદો વ્યવસ્થા અંગે અને નિવાસી અધિક કલેકટર એલ.બી.બાંભણિયાએ ચૂંટણી વ્યવસ્થાપન અંગે માહિતી આપી હતી.

# મતદાન જાગૃતિ અંતર્ગત જૂનાગઢ જિલ્લાની શાળાઓ, કોલેજમાં રંગોળી સ્પર્ધા યોજાઈ

## મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત મતદાન માટે સંકલ્પ પત્રો, સિગ્નેચર વોલ, રેલી સહિતના કાર્યક્રમોનું આયોજન



જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ જિલ્લામાં ચૂંટણી અધિકારી અને કલેક્ટર રચિત રાજના માર્ગદર્શન હેઠળ જિલ્લા સ્વીપ નોડલ અધિકારી દ્વારા શાળા, કોલેજોમાં મતદાતા જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. વિવિધ વિધાનસભા મતવિસ્તારમાં ચાલી રહેલા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વિવિધ શાળાઓના બાળકો દ્વારા મતદાન જાગૃતિ અંતર્ગત રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. માંગરોળ તાલુકાની કે.કા.શાસ્ત્રી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ શાળા સફાઈ, સ્લોગન સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધા અને સિગ્નેચર વોલ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત દુધાળા ગીરની સરકારી માધ્યમિક શાળામાં અને ઓસા ગામની પ્રાથમિક શાળામાં રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ અંતર્ગત રંગોળીઓ બનાવવામાં આવી હતી. મતદાતાઓને તેમના મતનું મૂલ્ય સમજાવી મતદાનના અધિકારના ઉપયોગ માટે મતદાન જાગરૂકતા માટે જિલ્લામાં શૈક્ષણિક વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે.

# વૈશ્વિક સ્તરે ભારતનો ડંકો વગાડનાર રાજકોટના પ્રીતિ પટેલ

# ઈન્ટરનેશનલ કોઓપરેટીવ એલાયન્સ -એશિયા પેસિફિક વુમન કમિટીના બન્યા વાઈસ ચેરપર્સન ભારતીય પ્રીતિ પટેલ

## વિવિધ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૨૮ મતદારો પૈકી ભારતીયપ્રીતિ પટેલે ૨૦ મતોથી ભવ્ય વિજય મેળવ્યો



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૭

ઈન્ટરનેશનલ કોઓપરેટીવ એલાયન્સના એશિયા-પેસિફિક પ્રદેશમાં સહકારી સંસ્થાઓમાં મહિલાઓની નજીવી દશ્યતા અંગે ચિંતાને કારણે વર્ષ ૧૯૯૮માં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે ઈન્ટરનેશનલ કોઓપરેટીવ એલાયન્સ - એશિયા પેસિફિકમાં વુમન કમિટીની રચના કરવામાં આવી હતી.

ઈન્ટરનેશનલ કોઓપરેટીવ એલાયન્સ - એશિયા પેસિફિકની વુમન કમિટીના વાઈસ-ચેરમેનશિપ માટેની ચૂંટણીમાં ભારતીય સહકારી ડેસ્કના ભારતીય ઉમેદવાર પ્રીતિ પટેલને ઈન્ટરનેશનલ કોઓપરેટીવ એલાયન્સ - એશિયા પેસિફિકની વુમન કમિટીના નવા વાઈસ ચેરપર્સન તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

આ ચૂંટણીમાં વિવિધ દેશો જેવા કે ભારત, નેપાળ, શ્રીલંકા, ફિલિપાઈન્સ, જાપાન, દક્ષિણ કોરિયા, મલેશિયા, માલદીવ, પેલેસ્ટાઈન, સિંગાપોર સહિતના દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૨૮ મતદારો હતા જેમાં પ્રીતિ પટેલે ચૂંટણીમાં ૨૦ મતોથી જંગી બહુમતી મેળવીને જીત મેળવી વિશ્વ અને ભારતીય મહિલાઓને ગર્વાન્વિત કર્યા હતા, જ્યારે તેમના પ્રતિસ્પર્ધીઓ ડો.અહતોંગ કિમ, આઈસીઓઓપી, દક્ષિણ કોરિયા અને સુશ્રી જેનેટ રોમેરો, એનએટીસીસીઓ, ફિલિપાઈન્સને અનુક્રમે માત્ર ૪ અને ૧ મત મળ્યા હતા. જાપાનીઝ કન્ઝ્યુમર કો-ઓપરેટિવ યુનિયન (જેસીસીયુ)માંથી ચિટોઝ અરાઈ અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. ચેરપર્સન અને વાઈસ ચેરપર્સનનો કાર્યકાળ ચાર વર્ષનો રહેશે.

રાજકોટના પ્રીતિ પટેલને ભારતમાં દિલ્હી સ્થિત ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ (એનસીયુઆઈ) તરફથી નામાંકિત કરવામાં આવ્યા હતા. તેઓ ગુજરાત મહિલા ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટીના વાઈસ ચેરપર્સન તથા રાસ્પિયન એન્ટરપ્રાઈઝીસ નામની મહિલા કેન્દ્રીય સંરક્ષણ ઉત્પાદન કંપનીના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર છે. તેની સ્થાપના અત્યાધુનિક સ્મોલ આર્મ્સ વેપન સિસ્ટમ્સ ,સુરક્ષા અને સંરક્ષણને લગતા શસ્ત્રોના ઉત્પાદન માટે કરવામાં આવી છે.

પ્રીતિ પટેલએ આ તકે જણાવ્યું હતું કે, પરંપરાગત રીતે સહકારી, હસ્તકલા, કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના ક્ષેત્રોમાં મહિલાઓ આર્થિક યોગદાન આપતી હોય છે અને ઉચ્ચ સ્તરના વિકાસને સાકાર કરવા માટે એન્જિનિયરિંગ, મેન્યુફેકચરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કાર્યક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધારવી જરૂરી છે.ઉલ્લેખનીય છે કે, પ્રીતિ પટેલને ગુજરાતની ૫ પ્રેરણાદાયી મહિલાઓમાંની એક તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તેઓએ માર્ચ,૨૦૨૨માં નીતિ આયોગના મહિલા ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા એવોર્ડની પાંચમી આવૃત્તિ જીતી હતી.વૈશ્વિક સ્તરે ભારતનો ડંકો વગાડનાર રાજકોટના પ્રીતિ પટેલને તેમની ભવ્ય સફળતા બદલ વિશ્વભરની સહકારી સંસ્થાઓ તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા બાદ પ્રવાસ ભથ્થું પણ વધશે!

નવી દિલ્હી તા. ૧૭

કેન્દ્રીય કર્મચારીઓને તાજેતરમાં મોદી સરકાર દ્વારા ડીએમાં વધારો એટલે કે મોંઘવારી ભથ્થાનો લાભ આપવામાં આવ્યો છે. સરકારે હાલમાં જ કેન્દ્રીય કર્મચારીઓનો ડ્ઢછ ૩૪ ટકાથી વધારીને ૩૮ ટકા કર્યો છે. આવી સ્થિતિમાં ડીએમાં સંપૂર્ણ ૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. હવે આ નિર્ણય બાદ સરકાર કર્મચારીઓને વધુ એક ખુશખબર આપવા જઈ રહી છે. હવે સરકાર સરકારી કર્મચારીઓના પ્રવાસ ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય લઈ શકે છે. આ સાથે નાણા મંત્રાલયે કર્મચારીઓના સત્તાવાર પ્રવાસને લઈને એક નિયમ બનાવ્યો છે. આ અંગે સરકારે જાહેરનામું બહાર પાડ્યું છે.

તાજેતરમાં, નાણા મંત્રાલયના ખર્ચ વિભાગ (DoE) એ એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ મુજબ જો કોઈ કર્મચારી ઓફિશિયલ ટૂર ઉપર જાય છે તો તેઓ માટે તેજસ ટ્રેનમાં મુસાફરી કરી શકે છે. આ અંગે માહિતી આપતા મંત્રાલયે એક નોટિસ જારી કરીને કહ્યું છે કે અધિકારીઓ સત્તાવાર પ્રવાસ માટે જઈ રહ્યા છે અને જો તેઓ તેજસમાં પોતાનું રિઝર્વેશન કરાવે છે તો સરકાર ભાડામાં રાહત આપી રહી છે. સત્તાવાર પ્રવાસ સિવાય, આ મુસાફરી ભથ્થું કર્મચારીને (કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે પ્રવાસ ભથ્થું) કોઈપણ પ્રવાસ, તાલીમ, ટ્રાન્સફર અથવા નિવૃત્તિના કિસ્સામાં પણ આપવામાં આવશે. આ સાથે, આ તેજસ ટ્રેનમાં મુસાફરી કરનારાઓની યોગ્યતા શતાબ્દી ટ્રેન જેટલી જ છે. ઘણા મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે સરકાર ટૂંક સમયમાં કર્મચારીઓના પ્રવાસ ભથ્થાને વધારવાનો નિર્ણય લઈ શકે છે, પરંતુ હજુ સુધી આ બાબતે કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી.

નોંધપાત્ર રીતે, કેન્દ્રીય કર્મચારીઓના મુસાફરી ભથ્થાને કુલ ત્રણ શ્રેણીમાં વહેંચવામાં આવ્યા છે. પ્રથમ શ્રેણીમાં ૧,૩૫૦ રૂપિયાનું પ્રવાસ ભથ્થું ઉપલબ્ધ છે. બીજી તરફ, લેવલ ૩ થી ૮ ના કર્મચારીઓને ૩,૬૦૦ રૂપિયા સુધીનું મુસાફરી ભથ્થું મળે છે. તે જ સમયે, ૯ થી ઉપરના સ્તર ઉપર, મુસાફરી ભથ્થું ૭,૨૦૦ રૂપિયાથી વધુ ઉપલબ્ધ છે. આ સાથે શહેરોના હિસાબે ટ્રાવેલ એલાઉન્સ પણ નક્કી કરવામાં આવી રહ્યું છે. જો તમે મેટ્રો સિટીમાં રહો છો અને લેવલ ૯થી ઉપરના કર્મચારી છો, તો તમને ટ્રાવેલ એલાઉન્સ તરીકે ૭,૨૦૦ રૂપિયા મળશે. બીજી તરફ, નાના શહેરોના કર્મચારીઓને ૩,૬૦૦ રૂપિયા અને સૌથી નાના શહેરના કર્મચારીઓને ૧,૮૦૦ રૂપિયા ટીએ તરીકે મળશે. બીજી તરફ, લેવલ ૧ અને ૨ના કર્મચારીઓને મોટા શહેરોમાં ૧,૩૫૦ રૂપિયા અને નાના શહેરોમાં ૯૦૦ રૂપિયા પ્રવાસ ભથ્થા તરીકે મળશે.

બીજી તરફ, લેવલ ૧૪ થી ઉપરના કેન્દ્રીય કર્મચારીઓ કેબિનેટ સેક્રેટરીના રેન્કના અધિકારી છે, તેમને દર મહિને કાર ભથ્થું પણ મળે છે. આ માટે તેમને કાર માટે ૧૫,૭૫૦ રૂપિયા આપવામાં આવે છે. આ સુવિધા ૧૪ કે તેથી વધુ પગાર ગ્રેડ ધરાવતા કર્મચારીઓ માટે ઉપલબ્ધ છે.

# ચીન બનાવે છે અધધ.. ૧૦૦૦ કિ.મી. લાંબી ટનલ!



(એજન્સી)

નવી દિલ્હી ૧૭

ચીન અને અમેરિકા અર્થ વ્યવસ્થાના વિકાસ માટે એક બીજાના હરિફ સમજે છે.ચીન અમેરિકાની માફક જ વિકાસ કરીને પડકાર ફેંકવા ઈચ્છે છે. પ્રાપ્ત માહિતી અનુસાર ચીન વિશ્વની સૌથી લાંબી ટનલ બનાવી રહયું છે જેની લંબાઈ ૧૦૦૦ કિ.મી. જેટલી છે. દુનિયામાં કોઈ દેશ આટલી વિશાળ ટનલ આજ સુધી બનાવી નથી. ચીનની આ હરકતથી દુનિયામાં કેટલાક દેશો ચિંતામાં પડયા છે.પોતાના દેશમાં ટનલ બનાવે એમાં શું વાંધો છે ?

એવો સવાલ થવો સ્વભાવિક છે પરંતુ ચિંતા સાવ ઉપજાઉ નથી તેમાં પણ તથ્ય છે. એ સૌ જાણે છે કે બ્રહ્મપુત્ર અને સિંધુ નદી તિબેટથી ઉદ્ભવે છે. સિંધુ ભારતના પશ્ચિમ ઉત્તર ભાગથી પાકિસ્તાન થઈને અરબસાગરને મળે છે. બ્રહ્મપુત્ર નદી પૂર્વોત્તર ભારતથી બાંગ્લાદેશ તરફ જાય છે. સિંધુ અને બ્રહ્મપુત્ર નદી દુનિયાની વિશાળ નદીઓમાંની એક ગણાય છે. ચીન ઘણા સમયથી બ્રહ્મપુત્ર નદીના વહેણને બદલવા પ્રયાસ કરે છે.

ચીન બ્રહ્મપુત્રને યારલૂંગ કરે છે જેનું વહેણ ભૂટાન, અરૂણાચલ પ્રદેશમાંથી પણ પસાર થાય છે. આ બંને નદીઓ ચીનના શિંચિયાંગ ઈલાકાની પણ નજીક છે. ચીનનો ઈરાદો ૧ હજાર કિ.મી. લાંબી ટનલ તૈયાર કરીને બ્રહ્મપુત્રના પાણીને તિબેટના સપાટ વિસ્તારમાં પહોંચાડવા ઈચ્છે છે. તિબેટ દુનિયાનો સૌથી ઉંચાઈ પર આવેલો વિસ્તાર જે દુનિયાનું છાપરૂં ગણાય છે અહીં પાણની ખૂબ તંગી રહે છે. વરસાદ પડે છે પરંતુ ભૌગોલિક રચના એવી છે કે પાણી ટકતું નથી. શિંજિયાંગથી વાયા તિબેટ થઈને તરલ મકાન વિસ્તાર સુધી ટનલ લઈ જવાનું ચીનનું આયોજન છે. તકાલમાકનએ ટેકનીકલી શિંચિયાગનો દક્ષિણ પશ્ચીમ રેગિસ્તાન વિસ્તાર છે. ૬૦૦ કિ.મી. લાંબી યુનાન સુરંગનું નિર્માણ ઓગસ્ટ ૨૦૧૭માં થયું છે. અત્યાર સુધી ૧૧.૭ અબજ રુપિયા ખર્ચ થયો છે. આ એક એવો મોટો પ્રોજેકટ છે જેનો દુનિયાના પર્યાવરણ પ્રેમીઓ પણ વિરોધ કરી રહયા છે. નદીના પ્રવાહને આ રીતે વાળવો એ જૈવ વિવિધતા માટે ખૂબ જોખમી છે.જો આ પ્રોજેકટ પુરો થશે તો તે બાયો ડાયવર્સિટીની સૌથી મોટી ઉથલપાથલ ગણાશે. જે નદી પોતાના કુદરતી ગુણધર્મ મુજબ વહે છે તેનું વહેણ બદલવું વિનાશક હોય છે.

# ગડિયાઘાટ માતાજીના મંદિરમાં છેલ્લા પાંચ વર્ષથી ઘી-તેલ વગર ફક્ત પાણીથી દીવો પ્રગટે છે

નવી દિલ્હી તા. ૧૭

ભારત દેશ તમામ ધર્મોને સાથે રાખીને ચાલનારો દેશ છે. ભારત દેશ ધાર્મિક દેશ ગણવામાં આવે છે. ભારત દેશમાં પથ્થરને પણ ભગવાન માનીને તેમની પૂજા અર્ચના કરવામાં આવે છે. જો કોઈ પથ્થરને ભગવાન માનીને તેમની પૂજા કરવામાં આવે તો તેમાં ભગવાન સાક્ષાત બિરાજમાન થાય છે. ધર્મ અને આસ્થમાં ઘણા રહસ્યમય ચમત્કાર થાય છે, જે ભગવાનમાં રહેલી શ્રધ્ધાને વધારે છે. ત્યારે આવો જ એક રહસ્યમય ચમત્કાર દેવીઓના મંદિરમાં પણ જોવા મળે છે. જેમાં દીવાની જ્યોતને જગતી રાખવા માટે તેલ અથવા ઘીની જરૂર પડતી નથી. આ દીવો છેલ્લા પાંચ વર્ષથી પ્રગટી રહ્યો છે.

આ મંદિર ગડિયાઘાટ માતાજીનું છે અને તે કાળીસિંધ નદીના કાંઠે ગાડિયા ગામ નજીક નલખેડાથી ૧૫ કિમી દૂર સ્થિત છે. માતા ઉપર રહેલા અતુટ વિશ્વાસ અને શ્રદ્ધાને કારને ઠેર ઠેરથી ભક્તો તેમના દર્શન કરવા માટે આવે છે. આ મંદિરમાં પ્રગટી રહેલા દીવામાં પાણી નાખવામાં આવે છે અને તે પ્રવાહી ચીકણું બની જાય છે અને દીવો સતત પ્રગટી રહે છે.



અહીંના પૂજારીના જણાવ્યા અનુસાર પહેલા માતાના મંદિરમાં હંમેશા તેલ અને ઘી ના દીવડા પ્રગટાવવામાં આવતા હતા. એક દિવસ માતા તેને સપનામાં આવ્યા અને કહ્યું કે હવેથી તમારે તેનો દીવો પાણીથી પ્રગટાવવો જોઈએ ત્યારથી આ દીવો પાણી દ્વારા પ્રગટાવવામાં આવે છે.

મંદિરના પૂજારીએ માતાના કહ્યા મુજબ પાણીથી દીવો પ્રગટાવ્યો અને ત્યારે દીવો પ્રગટ્યો. માતાજીની આ ચમત્કારિક શક્તિને કારણે આજે પણ આ દીવાને પ્રગટાવવા માટે પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. દીવામાં ઉમેરવામાં આવતું પાણી નજીકની કાલીસંધ નદીમાંથી લાવવામાં આવે છે.

કેટલાક ગામના લોકો પહેલા આ ચમત્કાર વિષે માનતા ન હતા, પરંતુ જ્યારે તેઓએ દીવામાં પાણી નાખીને દીવો પ્રગટાવ્યો હતો ત્યારે સામાન્ય રીતે જ્યોત પ્રગટાવવામાં આવી હતી. ત્યારબાદ આ રહસ્યમય ચમત્કાર વિષેની ચર્ચા સંપૂર્ણ ગામમાં ફેલાઈ ગઈ હતી.

આ પાણી ભરીને પ્રગટાવવામાં આવતો દીવો વરસાદની મોસમમા પ્રગટતો નથી. કારણ કે, વરસાદની ઋતુમાં કાલિસંધ નદીના પાણીના સ્તરમાં વધારો થવાને કારણે આ મંદિર આખું પાણીમાં ડૂબી જાય છે. જેને લીધે આ મંદિરમાં માતાજીના પૂજા-અર્ચના કરવી શક્ય નથી.

# અમદાવાદનાં વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી થયેલ ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા

## ચોરીનાં ગુનામાં સંડોવાયેલા આંતર જીલ્લા બે શખ્સોને પોલીસે ઝડપી લઈ રૂા.૬,૫૪,૯૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

અમદાવાદ તા.૧૭

અમદાવાદ શહેરના જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાથીજણ સર્કલ પાસે, અંબા એસ્ટેટ શેડ નં.૪માં કૃણાલ ઈન્ડસ્ટ્રીઝ નામની ફેકટરી ધરાવતા અને આકૃતિ સોસાયટી, વસ્ત્રાલ ખાતે રહેતા ફરિયાદી કૃણાલ જયંતીભાઈ ગઢિયા જાતે પટેલ(ઉ.વ.૩૦) રહે. બી/૧૧૬, આકૃતિ સોસાયટી, વસ્ત્રાલ, અમદાવાદની ફેકટરી/કંપનીનું શટર તોડી, અજાણ્યો આરોપી વેલ્ડિંગ મશીન, કેબલ હોલ્ડરનો વાયર, મોટું ગ્લેન્ડર, કટર મશીન, કટર ડીશ પેટી, ગ્લેંડર પોલિશ ડીશ, પ્લેટ નંગ ૬, પાટા નંગ ૪૦, ચેનલ, પાઈપ વિગેરે મળી કુલ રૂા.૧,૯૬,૦૦૦/- ચોરી કરી નાસી જતા, ફરીયાદી દ્વારા જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ દાખલ કરવામાં આવતા, જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પીઆઈ એન.ડી.નકુમ તથા સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ હતી. અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ, સેકટર ૦૨ એમ.એસ. ભરાડા તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન ૦૬ એ.એમ.મુનીયા દ્વારા મિલકત વિરૂદ્ધના ગુન્હાઓ શોધી કાઢવા તથા વિધાનસભા ચૂંટણી અનુસંધાને ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગ કરવા આપેલ સૂચના આધારે, અમદાવાદ શહેર જે ડિવિઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પીઆઈ એન.ડી.નકુમ, ડી સ્ટાફના ઈન્ચાર્જ એએસઆઈ એમ.એક.વાઘેલા તથા સ્ટાફના પો.કો. અજીતસિંહ બાબુભાઈ, અરૂણભાઈ નારાયણભાઈર સહિતની ટીમ દ્વારા જીણવટ ભરી તપાસ હાથ ધરી, સીસીટીવી ફૂટેજ ચેક કરતા, આરોપી સફેદ કલરની મારૂતિ સુઝુકી ફોર વ્હીલ કાર નંબર **GJ-27-TT-8722** ઉપર આવેલાની હકિકત જણાઈ આવેલ હતી. જે ફોર વ્હીલ કારનાનબંર આધારે પોકેટ કોપ એપ્લિકેશન મારફતે માહિતી મેળવતા, આ ફોર વ્હીલના માલિકનું હોવાની હકિકત જીઆઈડીસી વટવા પોલીસ ટીમને જાણવા મળેલ હતી. આ બાબતે વાહન માલિકને બોલાવી, તપાસ કરતા, તેમનું વાહન રામોલ પોલીસ સ્ટેશનની હદમાં ખાતેથી ચોરી થયેલ હતું અને એ બાબતે રામોલ પોલીસ સ્ટેશન ખાતે ચોરીની ફરિયાદ કરવામાં આવેલ છે. જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશનના પીઆઈ એન.ડી.નકુમ તથા ડી સ્ટાફના ઈન્ચાર્જ એએસઆઈ એમ.એક. વાઘેલા તથા સ્ટાફના પો.કો. અજીતસિંહ બાબુભાઈ, અરૂણભાઈ નારાયણભાઈ, વિક્રમસિંહ રણજીતસિંહ, દિપકકુમાર ઈશ્વરભાઈ સહિતની પોલીસ ટીમ દ્વારા બાતમી આધારે તેમજ વિધાનસભા ચૂંટણી આધારે સતત ચાલતા વાહન ચેકીંગ દરમ્યાન સીસીટીવી ફૂટેજ આધારે મળેલ વાહન નંબર આધારે ચોકડી ખાતેથી આરોપીઓ (૧) સંજય ઉર્ફે સુધીર ઉર્ફે સંદીપ ઉર્ફે નિખિલ ઉર્ફે પીન્ટુ ઉર્ફે રૂડો **S/O** રામાભાઈ ઉર્ફે રમેશભાઈ ઉર્ફે રામજીભાઈ ઉર્ફે રમણભાઈ કરસનભાઈ પંચાલ(ઉ.વ.૪૮) રહે. રાજીપુરા ગામ, શુભ રેસીડેન્સી, વાસદ જી. આણંદ મૂળ રહે. જખવાડા ગામ તા. વિરમગામ જી. અમદાવાદ તથા (૨) રામાભાઈ ઉર્ફે રમેશભાઈ ઉર્ફે રામજીભાઈ ઉર્ફે રમણભાઈ કરસનભાઈ પંચાલ(ઉ.વ.૭૨) રહે. રાજીપુરા ગામ, શુભ રેસીડેન્સી, વાસદ જી. આણંદ મૂળ રહે. જખવાડા ગામ તા. વિરમગામ જી. અમદાવાદને રાઉન્ડ અપ કરી, પૂછપરછ કરવામાં આવતા, આરોપીઓ દ્વારા કોઈ સંતોષકારક જવાબ નહિ આવતા, પકડાયેલ બને આરોપીઓના નામ આધારે પોકેટ કોપએપ્લિકેશનમાં સર્ચ કરવામાં આવતા, પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી સંજય ઉર્ફે સુધીર ઉર્ફે સંદીપ ઉર્ફે નિખિલ ઉર્ફે પીન્ટુ ઉર્ફે રૂડો **S/O** રામાભાઈ પંચાલ ભૂતકાળમાં એકાદ વર્ષ પહેલા વડોદરા શહેરના માંજલપુર પોલીસ સ્ટેશન ખાતે તથા ખેડા જિલ્લાના મહેમદાવાદ પોલીસ સ્ટેશન ખાતે ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાયેલ આંતર જિલ્લા ગુન્હેગાર ઘરફોડ ચોર નીકળતા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળતા, વટવા જીઆઈડીસી પોલીસ ટીમ દ્વારા પોલીસની ભાષામાં પૂછપરછ હાથ ધરતા, વટવા જીઆઈડીસી ખાતે તાજેતરમાં કૃણાલ ઈન્ડસ્ટ્રીઝ ખાતે થયેલ ઘરફોડ ચોરી કર્યાની કબૂલાત કરવામાં આવેલ હતી અને પૂછપરછ દરમ્યાન વટવા જીઆઈડીસી પોલીસ ટીમ દ્વારા વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના ખાતેના ઘરફોડ ચોરીનો મુદ્દામાલ સહિત ફેકટરીનો સામાન તથા ગુન્હામાં વાપરેલ સફેદ કલરની મારૂતિ સુઝુકી ફોર વ્હીલ કાર નંબર **GJ-27-TT-8722**, મોબાઈલ ફોન સહિત કુલ રૂા.૬,૫૪,૯૨૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. બંને આરોપીઓને કોરોના ટેસ્ટ કરાવી, વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે લાવી, ધરપકડ કરવામાં આવેલ છે. પકડાયેલ બંને બહુનામ ધારી, આંતર જિલ્લા આરોપીઓ (૧) સંજય ઉર્ફે સુધીર રામાભાઈ પંચાલ તથા (૨) રામાભાઈ ઉર્ફે રમેશભાઈ કરસનભાઈ પંચાલની પૂછપરછમાં બને આરોપીઓ બાપ દીકરા થાય છે અને મૂળ અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના જખવાડા ગામના વતની છે અને આશરે છ મહિનાના ગાળામાં જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ આ ઘરફોડ ચોરી ઉપરાંત બે અન્ય મળી, કુલ ત્રણ ઘરફોડ ચોરી અને એક રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી તેઓએ ગુન્હામાં વાપરેલ વાહનની ચોરી મળી, કુલ ચાર ઘરફોડ ચોરી/વાહન ચોરી કરી લીધેલાની કબૂલાત પણ કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપીઓની પોકેટ કોપ એપ્લિકેશનમાં સર્ચ કરી, તપાસ કરતા, સને ૨૦૦૩ થી આજ દિન સુધીમાં ભૂતકાળમાં અમદાવાદ શહેરના રખિયાલ, ઓઢવ, જીઆઈડીસી વટવા, સરદારનગર, બાપુનગર, ઘાટલોડિયા, મહેસાણા જિલ્લાના મહેસાણા શહેર બી ડિવિઝન, કડી, વડોદરા શહેરના માંજલપુર, બાપોદ, પાણીગેટ, ખેડા જિલ્લાના નડિયાદ ટાઉન પશ્ચિમ, મહેમદાવાદ, આણંદ જિલ્લાના વિધાનગર પોલીસ સ્ટેશન સહિતના જુદા જુદા જિલ્લા અને શહેરના પોલીસ સ્ટેશનોમાં ૨૪(બે ડઝન ) જેટલા ચોરી/ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાયેલ હોવાની વિગતો પોલીસને આંગળીના ટેરવે જાણવા મળી હતી.

પકડાયેલ આરોપીઓની પૂછપરછમાં પકડાયેલ આરોપીઓ દિવસ દરમ્યાન ઔદ્યોગિક વિસ્તારમાં રેકી કરી, ફેકટરી નક્કી કરી, ફેકટરીમાં મીટરના વાયરને લાઈટર વડે સળગાવી, ઈલેક્ટ્રિક કટર વડે ફેકટરીમાં લોક તથા નકુચાઓ તોડી, ઘરફોડ ચોરીઓ કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. પકડાયેલ આરોપીઓ ખાસ ફેકટરીઓને જ નિશાન બનાવતા હોવાનું તેમજ દરેક વખતે અલગ અલગ નામ જણાવતા હોવાથી બહૂનામધારી તરીકે ઓળખાય છે. જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશનના પીઆઈ એન.ડી.નકુમ તથા સ્ટાફ દ્વારા બંને બહુનામધારી બાપ દીકરા આંતર જિલ્લા આરોપીઓની ધરપકડ કરી, સઘન પૂછપરછ હાથ ધરી, આ પ્રકારની મોડ્સ ઓપરેન્ડીથી ભૂતકાળમાં કબૂલાત કર્યા સિવાય બીજા કોઈ ગુન્હા આચારેલા છે કે કેમ ? કોઈ ગુન્હામાં પકડાયેલ કે વોન્ટેડ છે કે કેમ ? વિગેરે મુદાઓસર વધુ તપાસ તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

# દ્વારકા જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી અંગે ગરમાવો : ડોર ટુ ડોર વ્યાપક પ્રચારકાર્ય શરૂ

## "આપ"ના પ્રચાર કાર્યમાં સરદારજીઓ જોડાતા સોશ્યલ મીડિયા વ્યાપક રમૂજ





(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળિયા તથા દ્વારકા બંને બેઠક ઉપર ખાસ કરીને રાષ્ટ્રીય પક્ષોના ઉમેદવારોએ પ્રચાર કાર્ય વેગવંતુ બનાવી દીધું છે. ઠેર ઠેર ઉમેદવારોના કાર્યાલયો ખુલ્લા મુકાયા છે અને ઉમેદવારો તથા કાર્યકરો દ્વારા તેમનું પ્રચાર કાર્ય વિવિધરીતે હાથ ધરવામાં આવ્યું છે. ગત સોમવારે ફોર્મ ભરવાના અંતિમ દિવસ સોમવાર તેમજ મંગળવારે ફોર્મ ચકાસણી બાદ જિલ્લાની બંને બેઠક ખંભાળિયાના ૧૪ તથા દ્વારકાના ૧૫ મળી, કુલ ૨૯ માન્ય ઉમેદવારો રહ્યા છે. ગઈકાલે બુધવારે તથા આજરોજ ગુરૂવારે ફોર્મ ખેંચવાના અંતિમ દિવસ હોય, આજે મોડી સાંજે ચૂંટણી જંગના ઉમેદવારો અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે. વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને ધીમે ધીમે પ્રચાર કાર્યનો ગરમાવો વધતો જાય છે. બે દિવસ પૂર્વે આમ આદમી પાર્ટીના ખંભાળિયાના ઉમેદવાર ઈશુદાન ગઢવીના પત્ની હિરલબેનએ શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ડોર ટુ ડોર પ્રચાર કર્યું હતું. જયારે ભાજપ દ્વારા કોલ સેન્ટરો ઉભા કરી અને મોબાઈલ કોલ મારફતે મતદારોને આકર્ષવા તેમજ તેમને રહેલા પ્રશ્નો અંગેની જાણકારી મેળવી અને સહાનુભૂતિ મેળવવાના પ્રયાસો શરૂ થયા છે. ચૂંટણી પ્રચાર માટે મહત્વનું અને અનિવાર્ય અંગ ભૂંગળા-માઈક પ્રચાર દ્વારા ત્રણેય પાર્ટીઓ દ્વારા વાહનોમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ચૂંટણી જંગમાં સામાન્ય રીતે મતદાનના અંતિમ દિવસોમાં રાજકીય પાર્ટીના ઉમેદવારો ઘરે ઘરે સંપર્ક કરવા માટે નીકળે છે. પરંતુ હાલની પરિસ્થિતિમાં ઉમેદવારોનું ડોર ટુ ડોર પ્રચારકાર્ય શરૂ થઈ ગયું છે. ખંભાળિયા બેઠક ઉપર આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર ઈશુદાન ગઢવી પણ લડતા હોય, ખંભાળિયાની સીટ સમગ્ર રાજ્ય માટે હોટ ટોપીક બની રહી છે. જેના કારણે વિવિધ નાની-મોટી ન્યુઝ ચેનલોના ધાડા અહીં જોવા મળે છે.

**મોટી સંખ્યામાં સરદારજી જોવા મળતા સોશ્યલ મીડિયામાં રમુજ**

ખંભાળિયાના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઈશુદાન ગઢવીના સમર્થનમાં પંજાબથી મોટી સંખ્યામાં પંજાબી - શીખ પરિવારના લોકો આવ્યા છે. ત્યારે અહીં ભાગ્યે જ જોવા મળતા પંજાબી (શીખ)થી લોકો દ્વારા સોશ્યલ મીડિયામાં રમુજો ફેલાઈ છે. દાયકાઓ અગાઉ ખંભાળિયા શહેરમાં ભૂંડનો ત્રાસ હોવાથી નગરપાલિકા દ્વારા આવા ભૂંડ પકડવા માટે સરદારજીને બોલાવવામાં આવતા હતા. એટલું જ નહીં, અહીં તાળાની ચાવી બનાવવાના કામ માટે પણ સરદારજી હોય છે. ત્યારે આમ આદમી પાર્ટીના પ્રચારમાં શહેરમાં સરદારજી ટોપ કલાસની કાર સાથે નીકળતા ભારે રમુજ સાથેની પોસ્ટ સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહી છે.

**વિવિધ પ્રકારના વિડીયો વાયરલ થતા વાતાવરણમાં ગરમાવો**

ચૂંટણી દરમ્યાન વિવિધ પ્રકારના ઓડિયો-વીડિયો વાયરલ થવાની બાબત સામાન્ય છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ વિધાનસભાની ચૂંટણી સંદર્ભે કેટલાક વાયરલ થયેલા વિડિયો ભારે ચર્ચામાં છે. જેમાં ખાસ કરીને કોંગ્રેસના વિક્રમ માડમ દ્વારા પ્રતિસ્પર્ધી ઈશુદાન ગઢવી ઉપર કરાયેલી ટિપ્પણી અને ભાજપ દ્વારા ઈશુદાન ઉપર કમલમમાં થયેલા પોલીસ કેસ સંદર્ભે વિક્રમ માડમનું ઈશુદાન ગઢવી પ્રત્યેનું હકારાત્મક પ્રવચન પણ સોશ્યલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયું હતું. જયારે દ્વારકા વિધાનસભામાં કોંગ્રેસના ઉમેદવારની જાહેર સભામાં એક વક્તા દ્વારા તાજેતરમાં બેટ દ્વારકામાં તંત્ર દ્વારા કરવામાં આવેલા અનઅધિકૃત દબાણ હટાવ ઝુંબેશમાં નડતા ન હોય તેવા મુસ્લિમોના બાંધકામ તોડી નાખવા સહિતની કેટલીક બાબતો રજૂ કરતા આ વિડીયો અંગે પણ તંત્રને રજૂઆત થયાનું જાણવા મળ્યું છે.

**ખંભાળિયામાં ખેલાશે ત્રિપાંખિયો ચૂંટણી જંગ : રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો ધૂમ મચાવશે**

ખંભાળિયા વિધાનસભાની ચૂંટણી સમગ્ર રાજ્યમાં ઉતેજનાનું કેન્દ્ર બની રહી છે. ત્યારે ખંભાળિયામાં ભાજપ, કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટી વચ્ચે ખેલાનાર ચૂંટણી જંગ ત્રિપાંખિયો બની રહેનાર હોય, આ તમામ રાષ્ટ્રીય પક્ષો દ્વારા તેઓના સ્ટાર પ્રચારકોને અહીં ઉતારવામાં આવનાર છે. મતદારોને પોતાના તરફ વાળવા માટે આ તમામ રાષ્ટ્રીય પક્ષો દ્વારા તેમના નેતાઓની જાહેરસભા શહેરમાં યોજવા માટેના આયોજનો થઈ રહ્યા છે. કોંગ્રેસ દ્વારા અહીં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, ભુપેન્દ્ર બધેલ, અશોક ગહેલોત, અર્જુન મોઢવાડિયા, દિગ્વિજયસિંહ જેવા નેતાઓને લાવવા માટે જયારે ભાજપ દ્વારા નરેન્દ્ર મોદી, યોગી આદિત્યનાથ, હેમામાલીની, સ્મૃતિ ઈરાની, જે.પી. નડ્ડા, પુરુષોત્તમ રૂપાલા, સી.આર. પાટીલ જેવા નેતાઓની જાહેરસભા માટે તો આમ આદમી પાર્ટી દ્વારા કેજરીવાલ, ભાગવત માન, મનીષ સિસોદિયા, ગોપાલ ઈટાલીયા જેવા નેતાઓની સભા ગજાવવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે. ભારે રસાકસીવાળી ખંભાળિયા બેઠક માટે ત્રિપાંખિયો જંગ નક્કી છે. જેમાં પરાજિત થનાર કોઈપણ બે ઉમેદવારોની કારકિર્દીને વનવાસ આવી જશે. તેવું ચિત્ર સર્જાનાર હોવાની શક્યતા વચ્ચે તમામ દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે.

# જૂનાગઢ શહેરમાં ૬ સપ્તાહમાં સ્લોટર હાઉસનું નિર્માણ કરવા અને વૈકલ્પિક વ્યવસ્થા કરવા ગુજરાત હાઇકોર્ટનો આદેશ છતાં મનપાનાં સત્તાધિશો નિષ્ક્રીય

(સોહિલ સિદિકી દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ શહેરમાં નવાબી કાળથી સ્લોટર હાઉસ ચાલતું હોય જે સમયાંતરે જૂનાગઢ નગરપાલિકા અને હવે મહાનગરપાલિકા તેનું સંચાલન કરતી હોય પરંતુ સેન્ટર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ધારા ધોરણનું પાલન ના થતું જેની જાગૃત નાગરિક સોહેલ સિદ્દીકી દ્વારા ફરિયાદ હોવાને લઈ સને ૨૦૧૦માં કોઈપણ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના સ્લોટર હાઉસને પોલ્યુશન બોર્ડ દ્વારા સીલ મારી દેવામાં આવેલ હતું.

આ સ્લોટર હાઉસ મનપા સંચાલિત હોય જેમાં પ્રતિ પશુ દિઠ મેન્ટન્સ પેટે ધારા ધોરણ મુજબ નિયત ફી પણ લેવાતી હોવા છતાં તેની યોગ્ય કાળજી નહી લેવાતા પ્રદુષણના પ્રશ્નને લઈ શીલ લાગતા નોનવેજ ખોરાક આરોગતા દલિત મુસ્લીમ તેમજ એસ.ટી., ઓબીસી સમાજ ઉપરાંત અન્ય સમાજના ખોરાક ઉપર તરાપ લાગેલ જયારે મટનના વ્યવસાય સાથે સંકળાયેલ અઢી થી ત્રણ હજાર લોકો બેકાર થઈ જતાં ભારે મુશ્કેલી સર્જાયેલ છે.

દરમ્યાન ૨૦૧૦ થી ૨૦૨૧ સુધીમાં સંબધિત અરજદારો એ લાગુવિભાગોને અરજ અહેવાલ કરતા મનપા સહિત ની સંસ્થાએ આ અંગે યોગ્ય નહિ કરતા અરજદારો એ સને ૨૦૨૨માં હાઈકોર્ટના ધારાશાસ્ત્રી મઝહર ખાન દ્વારા નામદાર હાઈકોર્ટમાં રિટ પિટિશન ન./એસ.સી.એ. ન./૭૧૭૮/૨૦૨૨. ૭૧૮૬/૨૦૨૨. ૭૧૭૫/૨૦૨૨.૭૧૭૧/૨૦૨૨ થી દાખલ કરેલ જેમાં નામદાર હાઈકોર્ટે હુકમ કરી ૬ સપ્તાહમાં કાયદા પ્રમાણે નીકાલ કરવા માર્ગદર્શન આપેલ દરમ્યાન જૂનાગઢ મનપા દ્વારા જન્યા સુધી સ્લોટર હાઉસની વ્યવસ્થા કરવામાં ન આવે ત્યાં સુધી હંગામી વૈકલ્પિક વ્યવસ્થા કરવા હુકમ કરેલ છે

અત્રે ઉલ્લેખનીય છે કે દરેક મહાનગરપાલિકામાં સ્લોટર હાઉસ માટે ખાસ વ્યવસ્થા હોય જ છે જેના માટે બજેટમાં ખાસ ગ્રાન્ટ ફાળવણી થતી હોય છે જયારે જૂનાગઢ મનપામાં ઈ.ટી.પી. પ્લાન્ટ તેમજ વૈકલ્પિક વ્યવસ્થા માટે ૨૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી થઈ હોવા છતાં પ્લાન્ટ નાખવામાં આવેલ નથી. નામદાર કોર્ટના આદેશને એક માસ જેવો સમય થયા હોવા આ અંગેની મનપા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી ત્યારે આગામી વિધાનસભાની ચુંટણીમાં દલિત, મુસ્લિમ, એસ.સી., એસ.ટી.સમાજ વિમુખ થઈ જાય તો નવાઈ નહિ.

# બોડીટેક મેડનું ભારતમાં હરિયાણાના ઝજ્જર(મેટ સિટી) ખાતે તેની પહેલી મેન્યુફેક્ચરિંગ સુવિધા ઊભી કરવાનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

ગુરૂગ્રામ તા.૧૭

દક્ષિણ કોરિયાની ઈનવિટ્રો ડાયગ્નોસ્ટિક સોલ્યુશન્સ માટેની અગ્રણી આરએન્ડડી તથા તબીબી ઉપકરણોનું ઉત્પાદન કરતી કંપની બોડીટેક મેડ મેટ સિટી, ઝજ્જરમાં એક નવી ઉત્પાદન સુવિધા સ્થાપશે. મેડ આ નવી ઉત્પાદન સુવિધામાં રૂપિયા ૫૦ કરોડ જેટલું રોકાણ કરશે અને તે ૧૦,૦૩૨ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલી હશે. એકવાર સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયા પછી બોડીટેક આઈવીડી ઉપકરણોના બજારમાં ૫% કરતા વધુના બજાર હિસ્સા સાથે ભારતીય બજારમાંથી રૂપિયા ૬૫૦ કરોડથી વધુની આવક કરવાની અપેક્ષા રાખે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ(**RIL**)ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની મોડલ ઈકોનોમિક ટાઉનશીપ લિમિટેડ(મેટસિટી) હરિયાણાના ગુરૂગ્રામ નજીક વિશ્વ-કક્ષાનું ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી વિકસાવી રહી છે. મેટ સિટી હરિયાણા અને ઉત્તર ભારતમાં કંપનીઓ સ્થાપવા માટે અગ્રણી સ્થાન છે. બોડીટેક મેડના સીઈઓ એયુઈ-યેઓલ ચોઈએ જણાવ્યું કે, ‘‘તાજેતરના થયેલા નીતિગત ફેરફારોને પગલે ભારતને આંતરરાષ્ટ્રીય કંપનીઓ તરફથી નવી ઉત્પાદન સુવિધાના નિર્માણ માટે પ્રોત્સાહક સમર્થન મળ્યું છે. આમ આ બજારમાં પ્રવેશવા માટે તીવ્ર સ્પર્ધા છે. વેપાર કરવાની સરળતા, પ્રોત્સાહક નીતિઓ અને સરકાર તરીકે હરિયાણા ટોચના રાજયોમાં છે. અમારી નવી સુવિધા માટે આ એકદમ યોગ્ય સ્થાન છે અને અમે મેટ સિટીમાં આ સુવિધા સ્થાપિત કરવા બદલ ખૂબ જ ખુશ છીએ, મેટ સિટી ઉત્તર ભારતના સૌથી ઝડપથી વિકસતા બિઝનેસ શહેરોમાંનું એક છે." મેટ સિટીના સીઈઓ અને ડબ્લ્યૂટીડી એસવી. ગોયલે જણાવ્યું કે, ‘‘અમે મેટ સિટી ખાતે આઈવીડી ડાયગ્નોસ્ટિકસ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગમાં અગ્રણી કંપની તરીકે બોડીટેક મેડને આવકારીને ખૂબ જ ખુશ છીએ. અમારો પ્રોજેક્ટ માત્ર સૌથી ઝડપથી વિકસતા ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટીમાંનો એક નથી પણ વૈશ્વિક કંપનીઓ માટેનું સરનામું પણ છે. તેના પ્લગ-એન-પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સાત દેશોની કંપનીઓ સાથે **MET** સિટી આજે વિવિધ ક્ષેત્રોની વધુને વધુ કંપનીઓને આકર્ષવામાં અગ્રણી બિઝનેસ સિટી બની છે. બોડીટેક મેડ દ્વારા અત્યાધુનિક મેન્યુફેકચરિંગ સેટ-અપની સ્થાપના સાથે મેટ સિટી મેડિકલ ઉપકરણોના ઉત્પાદન માટે પણ અગ્રણી સ્થાન બનશે. જેમ જેમ ભારત આગળ વધશે તેમ અમે દક્ષિણ કોરિયાની વધુ કંપનીઓને ભારતમાં આવવા અને ઝજ્જર ખાતે મેટ સિટીમાં તેમની કામગીરી શરૂ કરવા માટે તેમનું સરનામું બનાવવા માટે પ્રોત્સાહિત કરીશું.’’ બોડીટેક મેડના ભારતીય વ્યવસાયનું વેચાણ વોલ્યૂમ દક્ષિણ-પશ્ચિમ એશિયામાં અગ્રેસર છે અને દક્ષિણ-પશ્ચિમ એશિયામાં ૩૮%ના સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર સાથે અને ૨૦૧૫થી ૨૦૨૧ દરમ્યાન ભારતમાં ૫૦%ના સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર સાથે સતત વૃદ્ધિ પામી રહ્યું છે. એવી અપેક્ષા છે કે, ૨૦૨૩થી નવા સ્થાનિક ઉત્પાદન પ્લાન્ટમાંથી વેચાણની આવક ઊભી કરશે. ગયા વર્ષે બોડીટેકે ભારતના આઈવીડી બજારમાં $૭.૭ મિલિયન ડોલરનું ઉત્પાદન કર્યું હતું અને ૨૦૩૦માં $૭૭ મિલિયન ડોલરના ઉત્પાદનનું લક્ષ્ય રાખ્યું છે. એવી અપેક્ષા છે કે ભારતમાં આઈ આઈવીડી બજાર ક્ષેત્રે બોડીટેક મેડનો માર્કેટ શેર નજીકના ભવિષ્યમાં ૦.૬૫% થી વધીને ૫% થશે. બોડીટેક મેડના સીઈઓ એયુઈ-યેઓલ ચોઈએ જણાવ્યું કે, "એવી અપેક્ષા રાખવામાં આવે છે કે દક્ષિણપૂર્વ એશિયામાં નાગરિકોની આવકના સ્તરમાં અને દીર્ઘકાલિન રોગના દર્દીઓની સંખ્યામાં વધારો થયો હોવાથી આઈવીડીની જરૂરિયાતો વધતી રહેશે. ભારતમાં આગામી ઉત્પાદન સુવિધા અમને દક્ષિણ-પશ્ચિમ એશિયામાં આઈવીડી માર્કેટનો બજારહિસ્સો વધારવા માટે સક્ષમ બનાવશે. આ ગતિ સાથે અમે વૈશ્વિક આઈવીડી કંપની બનવાનું લક્ષ્ય રાખીએ છીએ." બોડીટેક મેડ મેટ સિટી ખાતેના નવા ઉત્પાદન પ્લાન્ટ સાથે દક્ષિણ-પશ્ચિમ એશિયા અને મધ્ય પૂર્વના બજાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે અને ગ્રાહકોની આઈવીડીની જરૂરિયાતોને પહોંચી વળવા વેચાણ અને નિયમન બાબતોથી સંબંધિત વિવિધ માનવ સંસાધનોને રોકશે. મેટ સિટી દ્વારા ૨૫,૦૦૦ નોકરીઓ પહેલેથી જ આપવામાં આવી છે અને નજીકના ભવિષ્યમાં ૫૦,૦૦૦થી વધુ નોકરીઓનું સર્જન કરવાના લક્ષ્યાંક સાથે નવી સુવિધાની સ્થાપનાને સમર્થન આપી શકાય છે.

### ઓખા ખાતે CAMPA ડુગોગ પ્રોજેક્ટમાં કાર્યરત ભારતીય વન્યજીવ સંસ્થાના(WII) સંશોધકો દ્વારા

# ઓખા કેન્દ્રીય વિદ્યાલયમાં ધો. ૯ અને ૧૦ વિદ્યાર્થીઓને દરિયાઈ ગાય વિષે માહિતી અપાઈ



(રાકેશ સામાણી દ્વારા)


દ્વારકા તા.૧૭

તારીખ ૧૬ નવેમ્બરનાં દિવસે **CAMPA** ડુગોગ પ્રોજેકટમાં કાર્યરત ભારતીય વન્યજીવ સંસ્થાના(**WII**) સંશોધકો શિવાની પટેલ અને પ્રાચી હટકર ઓખાની કેન્દ્રીય વિદ્યાલય ખાતે ધોરણ ૯ અને ૧૦નાં ૬૦ વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકોને "દરિયાઈ ગાય (ડુગોંગ)" વિષે જાગૃત કરવામાં આવ્યા અને તેઓને કચ્છના અખાતમાં જોવા મળતી અન્ય દરિયાઈ જીવસૃષ્ટિ વિષે પણ માહિતગાર કર્યા હતાં. તમામ વિદ્યાર્થીઓને અને શિક્ષકોને "મારો મિત્ર ડુગોંગ(દરિયાઈ ગાય)"નું પુસ્તક પણ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ બધાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ દરિયાઈ ગાયને બચાવવાનું અને આપણા દરિયા કિનારે કચરો ન ફેંકવાનો સંકલ્પ પણ કર્યો હતો.

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 292, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભાની બેઠક ઉપર ચુંટણી પ્રચાર તંત્ર પુરજોશમાં : આજે ચિત્ર સ્પષ્ટ થશે

## ઉમેદવારો દ્વારા પોતાનાં ટેકેદારો સાથે મતદારોનો સંપર્ક કરી ઠેર-ઠેર પ્રવાસ કાર્યક્રમો અને સભાઓનાં આયોજન



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૭
જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભાની બેઠક માટે આગામી તા. ૧ ડીસેમ્બરનાં રોજ ચુંટણી યોજાઈ રહી છે ત્યારે જૂનાગઢ, માણાવદર, કેશોદ, વિસાવદર, માંગરોળ સહીતની આ પાંચ વિધાનસભા બેઠકનાં મતક્ષેત્રમાં ચુંટણી પ્રચાર તંત્ર પુરજોશથી ચાલી રહયું છે. આજે ઉમેદવારી પત્રક ખેંચવાનો અંતિમ દિવસ હોય બપોરનાં ૩ વાગ્યા બાદ ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

જૂનાગઢ, માણાવદર, કેશોદ, વિસાવદર, માંગરોળ આ પાંચ વિધાનસભા ક્ષેત્રમાં પણ ઉમેદવારી પત્રક રજુ કરવાનાં દિવસે ભાજપ, કોંગ્રેસ, અપક્ષ તેમજ અન્ય પક્ષોનાં ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ઉમેદવારી ફોર્મ ચકાસણી માટે ગઈકાલે કાર્યવાહી હાથ ધરી હતી. અને જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠક માટે કુલ ૭૮ ફોર્મ ભરાયા હતાં. તેમાંથી ચકાસણી દરમ્યાન ૩૧ ફોર્મ રદ થયા પછી માન્ય રહેલા ૪૭ ફોર્મ પૈકી ૬ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા ૪૧ ફોર્મ માન્ય રહયા હતાં. અને આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ છે ત્યારે કઈ બેઠક ઉપર કેટલા ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ જામશે તે અંગેનું ચિત્ર સ્પષ્ટ થવાનું છે.

દરમ્યાન મુખ્ય રાજકીય પક્ષ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોનાં નામો જાહેર કરવાની સાથેજ ઉમેદવારોએને તેમનાં ટેકેદારો દ્વારા ચૂંટણી પ્રચારતંત્રની શરૂઆત કરીદીધી હતી અને ઉમેદવારી પત્રક નોંધાવ્યા બાદ પ્રચાર વધુ વેગવાન બનેલ છે. જૂનાગઢ જીલ્લાનાં પાંચ વિધાનસભા ક્ષેત્રમાં ઉમેદવારો દ્વારા મતદારોનો સંપર્ક માટે જે તે મતક્ષેત્રનાં પ્રવાસ કાર્યક્રમો, ગ્રુપ મીટીંગો, સભા, સરઘસ તેમજ મતદારોનો જીવંત સંપર્ક સહિતનાં કાર્યો કરવામાં આવી રહ્યા છે.

ગામડે-ગામડે તેમજ જે તે સોસાયટી વિસ્તારોમાં પણ મતદારોની મુલાકાત લઈ અને પોત-પોતાનાં ઉમેદવારોને વિજેતા બનાવવા અનુરોધ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત ચૂંટણી પ્રચાર તંત્રની સાથે મતદારો માટેની પત્રીકા સહિતનાં સાહિત્યની પણ આગામી દિવસોમાં વેંચણી કરવામાં આવનાર છે. આ ચૂંટણી યોજાવા આડે ગણતરીનાં દિવસો જ બાકી રહ્યા છે. જેને લઈને જૂનાગઢ જીલ્લાની પાંચેય વિધાનસભાની બેઠકો ઉપર ચૂંટણી પ્રચાર તંત્ર જોરશોરથી ચાલી રહ્યું છે અને ચૂંટણી જંગ જામ્યો છે. આજે સાંજ સુધીમાં ચિત્ર સ્પષ્ટ થયા બાદ ચુંટણી જંગ જોરદાર જામશે.

# જૂનાગઢમાં ઝપાઝપી કરી કપડા ખેંચી અને જાહેરમાં યુવતિની છેડતી : પોલીસ ફરીયાદ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢતા. ૧૭
જૂનાગઢ શહેરમાં બનેલા એક બનાવમાં ઝપાઝપી કરી કપડા ખેંચીને જાહેરમાં એક શખ્સે યુવતિની મદદથી છેડતી કર્યાની પોલીસમાં ફરીયાદ થઈ છે.

આ બનાવ અંગે પોલીસો આપેલી વિગર અનુસાર જૂનાગઢનાં શાંતેશ્વર વિસ્તારમાં રહેતી એક ૨૧ વર્ષની યુવતી ગઈકાલે જોષીપરા ખાતોની જાગૃતિ કટલેરી નામની દુકાને બેઠી હતી ત્યારે કાનો નામનો શખ્સ અને હેતલ નામની યુવતી કટલેરીની દુકાને આવેલ અને હેતલે યુવતીને મારો ભાઈ તારી પાછળ આવે છે એવું તું કહે છે તેનું મને પ્રુફ બતાવ તેમ કહી તેણી સાથે ઝપાઝપી કરી હતી. બાદમાં યુવતિનાં કપડા ખેંચી છેડતી કરેલ અને અન્ય એક યુવતિની ઘડીયાલ તોડી નાંખીને ધમકી આપી હતી. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ થતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં કાળભૈરવ જયંતીની ભાવભેર થયેલ ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૭
જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગઈકાલે કાળભૈરવ જયંતીની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ કાળભૈરવ દાદાનાં મંદિરે ભાવિકો અનો શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડયા હતા. કાળભૈરવ દાદાનાં શરણમાં જઈ અને તમામ સંકટમાંથી મુકત કરાવવા પ્રાર્થના કરવામાં આવી હતી. તેમજ દાદાનો પ્રસાદ પણ ધરવામાં આવ્યો હતો. કાળભૈરવ દાદા ભકતજનોની મુશ્કેલીઓ દુર કરે છે. જૂનાગઢ શહેરમાં પણ ભૂતનાથ ફાટક પાસે આવેલા કાળભૈરવ દાદાનાં મંદિરે ગઈકાલે સવારથી જ પૂજન, અર્ચન સહિતનાં ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા અને ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા હતા.

# સમસ્ત હિન્દુ ધોબી સમાજ જૂનાગઢ દ્વારા દાતાઓનું સન્માન તથા સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢતા.૧૭
પંચાસી ધોબી સમાજ જૂનાગઢ આયોજિત સમસ્ત હિન્દુ ધોબી સમાજ જ્ઞાતિની વાડીના રીનોવેશન માટે દાતાઓનું સન્માન તથા સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેનું ઉદ્‌ઘાટન પંચાસી નાતના પ્રમુખ મનસુખભાઈ સોલંકી તથા અશોકભાઈ પરમાર, મનસુખભાઈ વાજાના હસ્તે કરવામાં આવેલ હતું. જેમાં ગિરનાર રોડ ખાતે આવેલ સમસ્ત હિંદુ ધોબી સમાજની વાડીની જગ્યામાં દાતાઓના સહકારથી કોટા સ્ટોન, લાદી, ડોમ ફિટ કરવામાં આવેલ તેમજ કલર કામ માટે રૂપિયા ત્રણ લાખનું અનુદાન મળેલ જેમાં જે જે દાતાઓએ આપેલ તેઓનું સન્માન તથા મોમેન્ટ સાથે સન્માન કરવામાં આવેલ હતું. તેમજ આ સ્નેહ મિલન સમારંભના કાર્યક્રમમાં ધારાસભ્ય ભીખાભાઈ જોષી તથા ભારતી આશ્રમના મહંત મહાદેવ ગીરીબાપુ તેમજ મહંત મનહરદાસ બાપુ અને મનોજભાઈ જોશી વગેરે દ્વારા તેઓનું સાલથી સન્માન કરેલ હતા. આ મહાનુભાવો દ્વારા દાતાનું સન્માન કરેલ તેમજ સંતો દ્વારા આશીર્વચન પાઠવવામાં આવેલ હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ મનસુખભાઈ સોલંકી, જયંતીભાઈ વાળા, મનસુખભાઈ વાજા, રમેશભાઈ પરમાર, અનિલભાઈ ગોહિલ, હિતેશભાઈ વાજા, સુરેશભાઈ વાઘેલા, બાબુલભાઈ વાજા દ્વારા કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

## સાબલપુર રોડ ઉપરથી જુગાર રમતા ૩ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢતા.૧૭
જૂનાગઢ તાલુકા પોલીસે ગઈકાલે સાબલપુર રોડ ઉપરથી જાહેરમાં જુગાર રમતા ૩ શખ્સોને રૂા.૧૨,૪૧૦ની રોકડ, બે મોબાઈલ વિગેરે મળી રૂા.૧૩,૪૧૦નાં રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. જયારે વિસાવદર પોલીસે વિસાવદર ખાતેથી ૩ શખ્સોને રૂા.૩૦૮૦નાં રોકડ મુદ્દામાલ સાથે જાહેરમાં જુગાર રમતા ઝડપી લીધેલ છે.

વિશ્વમાં એકમાત્ર આટકોટ ખાતે આવેલા મંદિરે આવતીકાલે પૂ. વિરબાઈ માતાની પૂણ્યતિથિ ધામધૂમથી ઉજવાશે : પૂ. હરીરામબાપા દ્વારા નિર્માણધીન મંદિરે સવારથી જ ધાર્મિક કાર્યક્રમો યોજાશે અને ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડશે


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.


બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.


# જૂનાગઢ સહિત રાજયમાં બેવડી ઋતુનો અહેસાસ : આગામી દિવસમાં એક ડિગ્રી તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના

## ડીસેમ્બરનાં પ્રારંભ સાથે જ રાજ્યભરમાં પડશે કડકડતી ઠંડી

જૂનાગઢ,તા.૧૭
જૂનાગઢ સહિત રાજ્યમાં બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યમાં ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે. હવામાન વિભાગનું અનુમાન છે કે, આગામી પાંચ દિવસ લઘુતમ અને મહત્તમ તાપમાન યથાવત રહેશે. હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું છે કે, આગામી પાંચ દિવસ વાતાવરણ સૂકું રહેશે અને આગામી દિવસમાં એક ડિગ્રી તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના છે. જોકે, હાલ તો તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થવાની શક્યતાઓ નથી.

દિવસ દરમ્યાન પહેલાં ૩૫ ડિગ્રી આસપાસ તાપમાન રહેતું હતું. જે હાલ ઘટીને ૩૩ ડિગ્રી પર તાપમાન પહોંચ્યું છે. જ્યારે રાત્રિનું લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી આસપાસ નોંધાઈ રહ્યું છે. નવેમ્બરમાં વધુ ઠંડી અનુભવાશે નહીં, પરંતુ બેવડી ઋતુનો અનુભવ થશે.

જોકે, ગુજરાતમાં કડકડતી ઠંડી ડિસેમ્બર મહિનામાં પડતી હોય છે અને ડિસેમ્બરની શરૂઆત ઠંડીનો અહેસાસ થવા લાગશે. હાલ તો કોઈ સિસ્ટમ સક્રિય નથી અને પવનની ગતિ પણ સામાન્ય રહેશે. રાજ્યમાં રાત્રે અને વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે.દિવસ દરમિયાન પહેલાં ૩૫ ડિગ્રી આસપાસ તાપમાન રહેતું હતું. જે હાલ ઘટીને ૩૩ ડિગ્રી પર તાપમાન પહોંચ્યું છે. જ્યારે રાત્રિનું લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી આસપાસ નોંધાઈ રહ્યું છે. નવેમ્બરમાં વધુ ઠંડી અનુભવાશે નહીં, પરંતુ બેવડી ઋતુનો અનુભવ થશે. જોકે, ગુજરાતમાં કડકડતી ઠંડી ડિસેમ્બર મહિનામાં પડતી હોય છે અને ડિસેમ્બરની શરૂઆત ઠંડીનો અહેસાસ થવા લાગશે. હાલ તો કોઈ સિસ્ટમ સક્રિય નથી અને પવનની ગતિ પણ સામાન્ય રહેશે. રાજ્યમાં રાત્રે અને વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન નિષ્ણાંત પરેશ ગૌસ્વામીએ જણાવ્યું કે, ડિસેમ્બરની શરૂઆતમાં લોકો કડકડતી ઠંડીનો અહેસાસ કરશે. રાજ્યમાં આગામી ૧લી ડિસેમ્બર અને ૫મી ડિસેમ્બરે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન છે, ત્યારે રાજકીય ગરમાવા વચ્ચે લોકોને કડકડતી ઠંડીનો સામનો કરવો પડશે. બીજી બાજુ, ૮મી ડિસેમ્બરે ચૂંટણી પરિણામ છે ત્યારે રાજકીય ગરમાવા સાથે કાતિલ ઠંડીનો પણ લોકો અહેસાસ કરશે.

હવામાન નિષ્ણાંત પરેશ ગૌસ્વામીએ જણાવ્યું કે, ડિસેમ્બરની શરૂઆતમાં લોકો કડકડતી ઠંડીનો અહેસાસ કરશે. રાજ્યમાં આગામી ૧લી ડિસેમ્બર અને ૫મી ડિસેમ્બરે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન છે, ત્યારે રાજકીય ગરમાવા વચ્ચે લોકોને કડકડતી ઠંડીનો સામનો કરવો પડશે. બીજી બાજુ, ૮મી ડિસેમ્બરે ચૂંટણી પરિણામ છે ત્યારે રાજકીય ગરમાવા સાથે કાતિલ ઠંડીનો પણ લોકો અહેસાસ કરશે.

# જૂનાગઢમાં રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિનું સ્નેહમિલન રવિવારે યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૧૭
જૂનાગઢ રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન ગાંધીગ્રામ ખાતે આગામી તા. ૨૦ને રવિવારનાં રોજ વ્યવસ્થાપક કમીટી દ્વારા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિનાં સ્નેહમિલનનો કાર્યક્રમ સાંજે ૭ કલાકે રાખેલ છે. તેમજ રાત્રે ૯ કલાકે રાજગોર બ્રાહ્મણ સેવા સંઘનાં નવનિયુકત ટીમનાં પ્રમુખ બંકીમભાઈ મહેતા, ઉપપ્રમુખ વાસુદેવભાઈ જોષી તેમજ મંત્રી સંજયભાઈ દવે, સહમંત્રી જીતેન્દ્રભાઈ બોરીસાગર, ખજાનચી ભવસુખભાઈ મંડીર, ઓડીટર કમલેશભાઈ ભરડા સહીતનાનું સન્માન કરી સમાજનાં આગેવાનો ફુલડે વધાવશે. સાંજે ૭થી ૯ કલાક દરમ્યાન રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિનાં પરીવારજનો નૂતનવર્ષ નિમિત્તે અરસ પરસ શુભેચ્છા વ્યકત કરશે. બાદમાં સૌ માટે ભોજન પ્રસાદનું પણ આયોજન કરાયું છે. અને ત્યારબાદ રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘનાં નવા ચુંટાયેલા આ હોદેદારોનું રાત્રે ૯ કલાકે ભવ્ય સન્માન કરવામાં આવનાર છે.

## જૂનાગઢ : એસટી પરીવારનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૧૭
અમદાવાદ ખાતે (રાજયકક્ષા) ગુજપેક્ષ-૨૦૨૨ કલેકશન ઈવેન્ટમાં એસટી જૂનાગઢનાં કર્મચારી ગોસાઈ રમેશ ડી. તૃતીય સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. તથા તેમનાં પુત્ર પાર્થ ગોસાઈએ સીલ્વર મેડલ તથા પુત્ર જય આર. ગોસાઈએ બ્રોન્ઝ મેડલ મેળવી જૂનાગઢ એસટી પરીવારનું ગૌરવ વધારેલ છે.


પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન
[illegible]
ઈ-ટેન્ડર નં. 49/2022-23 થી 51/2022-23

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | [illegible] (₹) |
| --- | --- | --- | --- | --- |
| 01 | 49/2022-23 | [illegible] 10 [illegible] | 3,60,41,331.83 | 3,25,200.00 |
| 02 | 50/2022-23 | PRCL [illegible] 5.0 m [illegible] | 29,03,428.08 | 58,100.00 |
| 03 | 51/2022-23 | ADEN [illegible] | 41,54,601.26 | 83,100.00 |

[illegible] E-284623 [illegible] ID નં. 15.02.51.21.3.51.008) (2) ADEN [illegible] E-284642 [illegible] ID નં. 15.02.61.21.3.51.010). [illegible] : 18-11-2022 [illegible] 02-12-2022.
[illegible] E-313019) [illegible] 18-11-2022 [illegible] 02-12-2022.
[illegible] (36 મહિના) [illegible] : 18-11-2022 [illegible] 02-12-2022.
તા.10-11-2022 ના રોજ NIT [illegible] www.ireps.gov.in [illegible] DVT-080
[illegible] facebook.com/WesternRly • [illegible] twitter.com/WesternRly

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

આગામી ચૈત્ર માસમાં હરીદ્વાર - ગંગા નદીનાં કિનારે પિતૃ મોક્ષાર્થે
શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

રહેવા - જમવાની ઉત્તમ સુવિધા સાથે ગંગા-સ્નાન, પિતૃતર્પણ તેમજ કથા શ્રવણ માટેનો અનેરો અવસર

| ● કથા પ્રયાણ ● | ● કથા પ્રારંભ ● | ● કથા પૂર્ણાહુતિ ● |
| --- | --- | --- |
| ચૈત્ર વદ-૧ | ચૈત્ર વદ-૩ | ચૈત્ર વદ - ૧૦ |
| તા. ૭-૪-૨૦૨૩ શુક્રવાર | તા. ૯-૪-૨૦૨૩ રવિવાર | તા. ૧૫-૪-૨૦૨૩ને શનિવાર |

નોંધ : કથામાં જોડાવા માટે નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૩૧-૧૨-૨૦૨૨ છે
- આ કથામાં જે વ્યકિત મુખ્ય યજમાન તથા પાટલા રાખવા ઈચ્છતા હોય તેઓએ નીચે આપેલ નંબર ઉપર સંપર્ક કરવો.
- હરીદ્વાર કથામાં આવવા માટેની વ્યકિત દીઠ ફી રૂા. ૭૨૫૦/- (ટ્રેન ટીકીટ સાથે) રાખેલ છે.

આ મોક્ષ ગાથામાં જોડાવા ઈચ્છતા ધર્મપ્રેમી લોકો નીચે આપેલ નંબર ઉપર સંપર્ક કરવો.
આ કથામાં આકસ્મિત સંજોગ અનુસાર ફેરફાર કરવા / કથા રદ કરવાનો સંપૂર્ણ અધિકાર કથા સમિતિનો છે.
: કથામાં આવવા માટે સંપર્ક : શાસ્ત્રી વત્સલ દાદા મો. ૯૧૦૬૪ ૪૨૬૩૫